RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 358 Dt. 03-07-2026 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA

Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

આમારી Whatsapp Channel માં
જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

### કસ્ટડી ડેથ મામલે કોર્ટનો ઐતિહાસિક ચુકાદો

## નવ પોલીસકર્મીને આજીવન કેદ

**મહારાષ્ટ્રની વાશિમ કોર્ટે ૧૫ વર્ષ જૂના કસ્ટોડિયલ ડેથ કેસમાં દાખલો બેસાડ્યોઃ ૨૦૧૧માં નિર્દોષ યુવકને થર્ડ ડિગ્રી ટોર્ચર આપી મોતને ઘાટ ઉતાર્યો હતો : CID તપાસના અંતે મૃતકની માતાની ૧૫ વર્ષની કાનૂની લડાઈને મળ્યો ન્યાય**

નવી દિલ્હી, તા.૨

મહારાષ્ટ્રની વાશિમ જિલ્લા અદાલતે પોલીસ કસ્ટડીમાં થયેલી હત્યાના ૧૫ વર્ષ જૂના કેસમાં એક અત્યંત ઐતિહાસિક અને દાખલારૂપ ચુકાદો આપ્યો છે. કાયદાના રક્ષક મટીને ભક્ષક બનેલા એક પૂર્વ પોલીસ અધિકારી સહિત ૯ પોલીસકર્મીઓને કોર્ટે આજીવન કેદની સજા ફટકારી છે. આ ચુકાદાથી પોલીસ તંત્રમાં ખળભળાટ મચી ગયો છે.

આ હચમચાવી દેનારી ઘટના ૧૦ મે-૨૦૧૧ના રોજ રિસોડ પોલીસ સ્ટેશનમાં બની હતી. પોલીસે પારધી સમાજના બેગ્યા પવાર નામના એક યુવકને માત્ર પૂછપરછના બહાને રાત્રે ૩ વાગ્યે તેના ઘરેથી ઉઠાવ્યો હતો. ત્યારબાદ પોલીસ સ્ટેશનની ચાર દીવાલો વચ્ચે આ યુવક પર ક્રૂરતાની તમામ હદો પાર કરી દેવામાં આવી અને ઢોર માર મારીને તેની હત્યા કરી દેવામાં આવી હતી.સૌથી આઘાતજનક બાબત એ હતી કે મૃતક યુવક પર કોઈ જ




ગુનાહિત રેકોર્ડ નહોતો અને તેના લગ્નને માંડ ૧ વર્ષ જ થયું હતું. પુત્રના મોત બાદ ન્યાય માટે વલખાં મારતા વૃદ્ધ માતા-પિતાની ફરિયાદ નોંધવાનો પણ તત્કાલીન પોલીસ અધિકારીએ સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો. આ ઘટના બાદ ભારે જનઆક્રોશ અને વિરોધ પ્રદર્શનો થયા હતા. બાદમાં પોસ્ટમોર્ટમ અને મેડિકલ તપાસમાં એવો કંપાવનારો ખુલાસો થયો કે યુવકના શરીરના અનેક હાડકાં તૂટી ગયા હતા.

મામલાની ગંભીરતા અને સ્થાનિક પોલીસની મિલીભગત જોઈને તપાસ ઈઈઉના બાહોશ અધિકારી અનવર શેખને સોંપવામાં આવી હતી. તેમણે ઊંડાણપૂર્વક તપાસ કરીને કોર્ટમાં એક અત્યંત મજબૂત ચાર્જશીટ રજૂ કરી, જેમાં પોલીસ સ્ટેશનની અંદર યુવક પર ગુજારવામાં આવેલા થર્ડ ડિગ્રી અત્યાચારના સચોટ અને વૈજ્ઞાનિક પુરાવા આપવામાં આવ્યા હતા.

વાશિમ જિલ્લા અદાલતના જજ ઝપાટેએ ૧૫ વર્ષ સુધી ચાલેલી આ લાંબી કાનૂની લડાઈ બાદ ન્યાયતોળ કર્યો છે. કોર્ટે તત્કાલીન પૂર્વ પોલીસ અધિકારી મહાદેવ માણિક ધાંડે અને અન્ય ૮ પોલીસકર્મીઓને દોષિત ઠેરવીને આજીવન કેદની આકરી સજા સંભળાવી છે. સજા પામેલા લોકોમાંથી ૨ કર્મચારીઓ તો નિવૃત્ત પણ થઈ ચૂક્યા હતા. ચુકાદા બાદ તરત જ તમામ દોષિતોને જેલ ભેગા કરી દેવાયા છે.

## સરકારની વિભાજનકારી વિચારધારાનું પરિણામઃ રાહુલ

**મણિપુરમાં ફરી હિંસા ફાટી નીકળતા કેન્દ્રની ટીકા કરતા કોંગી નેતા**

નવી દિલ્હી, તા.૨

મણિપુરમાં અનેક ઘરોને આગ લગાડવામાં આવ્યાના એક દિવસ પછી, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકારની ટીકા કરી અને કહ્યું કે આ હિંસા મોદી સરકારની ''વિભાજનકારી વિચારધારા''નું પરિણામ છે.મણિપુરમાં અનેક ઘરોને આગ લગાડવામાં આવ્યાના એક દિવસ પછી, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકારની ટીકા કરી અને કહ્યું કે હિંસા મોદી સરકારની ''વિભાજનકારી વિચારધારા''નું પરિણામ છે. મણિપુરમાં તાજેતરની હિંસાએ કુકી અને નાગા સંગઠનોએ એકબીજા પર ફરી આરોપો કર્યા છે, બંને પક્ષો એકબીજા પર સંકલિત હુમલાઓનું આયોજન કરવાનો આરોપ લગાવી રહ્યા છે. એક અહેવાલ મુજબ, બુધવારે મણિપુરના કામજોંગ જિલ્લામાં ભારત-મ્યાનમાર સરહદ પર સશસ્ત્ર જૂથોએ હિંસા કરી હતી, જે શાંતિના સમયગાળા પછી કુકી અને નાગા સમુદાયો વચ્ચે સંઘર્ષનો સંકેત છે.દુષ્કર્મીઓએ બપોરે ૧૨.૩૦ વાગ્યાની આસપાસ ભારત-મ્યાનમાર સરહદ નજીક કુકી-ઝો વસાહત, ફેમોલને આગ ચાંપી દીધી હતી. હુમલા સમયે ગ્રામજનો હાજર ન હતા કારણ કે તેઓ એક અઠવાડિયાથી વધુ સમયથી નજીકના ગામમાં આશ્રય લીધો હતો. રાજ્યમાં કુકી સમુદાયની સર્વોચ્ચ સંસ્થા, કુકી ઈન્પી મણિપુર (ઊંઈંખ) એ આગ લગાડવાની સખત નિંદા કરી હતી અને દાવો કર્યો હતો કે આ હુમલાઓ મ્યાનમારમાં સરહદ પારથી કાર્યરત સંગઠનો દ્વારા કરવામાં આવ્યા હતા. શંકાસ્પદ બદલો લેવાના હુમલામાં, સશસ્ત્ર દુષ્કર્મીઓએ કોંગકાન થાણા અને તાંગખુલ નાગા સમુદાય દ્વારા વસતા વિસ્તારોને નિશાન બનાવ્યા હતા. ફુંગયારના ધારાસભ્ય લેશિયો કીશિંગે જણાવ્યું હતું કે કોંગકાન થાણામાં તાંગખુલ નાગા સમુદાયના ઓછામાં ઓછા ૧૨ ઘરોને આગ ચાંપી દેવામાં આવી હતી. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે મણિપુર વર્ષોથી સળગી રહ્યું છે, અને ફરીથી, નફરત અને હિંસાની આગમાં ૨૦ ઘરો રાખ થઈ ગયા છે. બે સરકારો અને રાષ્ટ્રપતિ શાસન હોવા છતાં, સંઘર્ષ વધી રહ્યો છે. હજારો લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે, અસંખ્ય પરિવારો વિખેરાઈ ગયા છે - મણિપુર જે અસહ્ય યાતના સહન કરી રહ્યું છે તેની કલ્પના પણ કરવી મુશ્કેલ છે.આજે, ફક્ત મણિપુર જ નહીં પરંતુ સમગ્ર દેશે વડા પ્રધાન નરેન્દ્ર મોદી પાસેથી સહાનુભૂતિના બે શબ્દોની પણ આશા છોડી દીધી છે, કોઈપણ કાર્યવાહી તો બહુ દૂરની વાત છે. ભારતને એક કરવું એ જ આગળ વધવાનો એકમાત્ર માર્ગ છે.

## ભાઈ-બહેનનો સબંધ મજબુતઃ વડાપ્રધાન

**મોદીએ ભારત-જાપાન સંયુક્ત પત્રકાર પરિષદમાં જાપાનના વડાપ્રધાન સનાએ તાકાઈચીને 'નાની બહેન' કહ્યા**

નવી દિલ્હી, તા.૨

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુરુવારે ભારત-જાપાન વાર્ષિક સમિટમાં સ્વાગત કરતી વખતે તેમના જાપાની સમકક્ષ સનાએ તાકાઈચીને તેમની ''નાની બહેન'' કહ્યા હતા. તાકાઈચીએ આનો જવાબ આપતા કહ્યું કે અમે બંને નેતાઓ ''ભાઈ-બહેન'' સંબંધને મજબૂત બનાવશે. તેમની મુલાકાત દરમિયાન બંનેએ વેપાર, સંરક્ષણ, દરિયાઈ સુરક્ષા અને ઈન્ડો-પેસિફિક પહેલમાં ગાઢ સહયોગની પુષ્ટિ કરી હતી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુરુવારે નવી દિલ્હીમાં ભારત-જાપાન વાર્ષિક સમિટ પછી સંયુક્ત પ્રેસ નિવેદન દરમિયાન તેમના જાપાની સમકક્ષ સનાએ તાકાઈચીને તેમની ''નાની બહેન'' કહીને જાપાન સાથેના રાજદ્વારી સંબંધોને વ્યક્તિગત સ્પર્શ આપ્યો હતો. પોતાના સંબોધનની શરૂઆત કરતા મોદીએ કહ્યું, ''મહામહિમ અને મારી નાની બહેન, પ્રધાનમંત્રી તાકાઈચી, બંને દેશોના પ્રતિનિધિઓ અને મીડિયાના સભ્યો, નમસ્કાર. ભારત-જાપાન વાર્ષિક સમિટ માટે તેમની પ્રથમ મુલાકાત પર પ્રધાનમંત્રી સના તાકાઈચીનું ભારતમાં સ્વાગત કરતા મને ખૂબ આનંદ થાય છે.''જાપાનનું વડાપ્રધાનપદ સંભાળ્યા પછી ભારતની તેમની પ્રથમ સત્તાવાર મુલાકાત પર તાકાઈચીનું સ્વાગત કરતા, મોદીએ તેમને જાપાનના પ્રથમ મહિલા પ્રધાનમંત્રી, અને સ્વપનદ્રષ્ટા નેતા ગણાવ્યા અને નારા પ્રીફેક્ચરમાં તેમના મૂળનો ઉલ્લેખ કર્યો, જે ભારત અને જાપાનના સહિયારા બૌદ્ધ વારસા સાથે ગાઢ રીતે જોડાયેલો પ્રદેશ છે. વડાપ્રધાને કહ્યું કે ભારત-જાપાન ભાગીદારી પરસ્પર વિશ્વાસ પર આધારિત છે, વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે તેને બંને દેશોની સૌથી મોટી વ્યૂહાત્મક સંપત્તિ ગણાવી. તેમણે ઘણા દાયકાઓથી ભારતના આર્થિક વિકાસમાં, ખાસ કરીને ઓટોમોબાઈલ્સ અને ઈલેક્ટ્રોનિક્સ જેવા ક્ષેત્રોમાં જાપાનના યોગદાનને યાદ કરતાં કહ્યું કે તાકાઈચીની મુલાકાત ખાસ વ્યૂહાત્મક અને વૈશ્વિક ભાગીદારીમાં ''એક નવા પ્રકરણ'' ની શરૂઆત છે.આ સાથે ઉષ્માભર્યો પ્રતિભાવ આપતા, તાકાચીએ મોદીને ભેટી પડ્યા અને કહ્યું, ''તમે મને એક સુંદર નાની બહેન કહ્યા, પરંતુ મોટી મીટિંગ પહેલાની નાની મીટિંગમાં, અમે પુષ્ટિ આપી કે અમે એક જ ધ્યેય પર છીએ અને ભાઈ-બહેન તરીકે આ સંબંધ વિકસાવીશું. તેમણે કહ્યું કે જાપાન અને ભારતે એકબીજાની શક્તિઓનો ઉપયોગ કરીને મજબૂત અને વધુ સમૃદ્ધ બનવું જોઈએ, ખાસ કરીને એવા સમયે જ્યારે આંતરરાષ્ટ્રીય બાબતો અસ્થિર છે.તાકાચીએ કહ્યું કે બંને નેતાઓએ ત્રણ મુખ્ય પ્રાથમિકતાઓ, જેમાં બંને રાષ્ટ્રો વચ્ચે વ્યૂહાત્મક સહયોગને વધુ ગાઢ બનાવવાનો સમાવેશ થાય છે તે અંગે ચર્ચા કરી હતી. તેમણે જાપાનના અપડેટેડ ફ્રી એન્ડ ઓપન ઈન્ડો-પેસિફિક (ત્ર્ઌઈંક) વિઝન અને ભારતના મહાસાગર પહેલ વચ્ચેના સંરેખણ પર કહ્યું કે બંને માળખા પ્રાદેશિક સ્થિરતા, સ્થિતિસ્થાપકતા અને દરિયાઈ સુરક્ષાને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ છે.મોદીએ તાકાચીનું નવી દિલ્હીમાં ઔપચારિક સ્વાગત કર્યું. ત્રણ દિવસની રાજ્ય મુલાકાત માટે બુધવારે રાષ્ટ્રીય રાજધાનીમાં પહોંચેલા જાપાનના વડા પ્રધાનનું કેન્દ્રીય મંત્રી ડો. જિતેન્દ્ર સિંહ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. આ મુલાકાતથી વેપાર, રોકાણ, સંરક્ષણ અને અન્ય વ્યૂહાત્મક ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગ વધુ મજબૂત થવાની અપેક્ષા છે.

### રામ મંદિર દાન વિવાદ અંગે વિપક્ષનો પ્રહાર

## સુપ્રીમની દેખરેખ હેઠળ તપાસ કરાવોઃ સિબ્બલ

**'રામને લૂંટવા' માટે ભાજપ પર પ્રહાર કરતા રાજ્યસભાના સાંસદ કપિલ સિબ્બલ**

નવી દિલ્હી, તા.૨

કોંગ્રેસ નેતા વેણુગોપાલે પીએમ મોદીને લખેલા પત્રમાં જણાવ્યું છે કે, 'અયોધ્યામાં રામ મંદિરમાં મોટા પાયે નાણાકીય છેતરપિંડી અને દાનની ચોરીના ચોંકાવનારા ખુલાસા થયા છે; સામાન્ય નાગરિકો દ્વારા કરવામાં આવેલા દાન અંગે લાખો ભારતીયોના ઊંડા વ્યથા અને આક્રોશને વ્યક્ત કરવા માટે હું તમને આ પત્ર લખી રહ્યો છું.

રામ મંદિર માટે આપવામાં આવેલા દાનની કથિત ઉચાપત અંગે વિપક્ષના નેતાઓએ ભાજપ પર હુમલો કર્યો જેમાં રાજ્યસભાના સાંસદ કપિલ સિબ્બલે પાર્ટી અને તેના સહયોગીઓ પર ભગવાન રામને ''લૂંટ'' કરવાનો આરોપ લગાવ્યો, જ્યારે કોંગ્રેસના મહાસચિવ કે સી વેણુગોપાલે કથિત ''ચંદાચોરી મેગા કૌભાંડ'' માં સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ તપાસની માંગ કરી છે. સિબ્બલે આરોપ લગાવ્યો કે સંગઠનો ભગવાન રામના નામે મત માંગે છે. સિબ્બલે કહ્યું કે, ટઇંડ, ઈઉંડ, બજરંગ દળ રામના નામે મત માંગશે અને પછી રામને જ લૂંટશે. તેઓ સાચા હિન્દુઓ વિશે શું જાણે છે, તેઓ નકલી હિન્દુઓ છે.ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા રચાયેલી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (જીંઝ) દ્વારા તેના પ્રારંભિક તારણો રજૂ કર્યા પછી કથિત ઉચાપત સામે આવી, જેના પગલે ૨૫ જૂને ત્ર્ઇંછ નોંધવામાં આવી છે. ત્યારબાદ આઠ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી, અને પોલીસે જણાવ્યું હતું કે તેમાંથી છ પાસેથી અત્યાર સુધીમાં લગભગ ૮૦ લાખ રૂપિયા રોકડા, કેટલાક વિદેશી ચલણ ઉપરાંત, મળી આવ્યા છે. તપાસ ચાલુ છે. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું છે કે દોષિતોને ઉદાહરણરૂપ સજા આપવામાં આવશે અને ઝડપી ન્યાય સુનિશ્ચિત કરવામાં આવશે. ભાજપે કહ્યું છે કે કેસ કાયદાના નિયમ મુજબ આગળ વધશે.વેણુગોપાલે મોદીને લખેલા પત્રમાં કહ્યું છે કે ''આટલી મોટી છેતરપિંડી'' જેમાં સેંકડો કરોડ રૂપિયાના આરોપો સામેલ છે, તે હિન્દુ શ્રદ્ધા, ધર્મ અને જીવનશૈલી સાથે ''વિશ્વાસઘાત'' છે. ભગવાન રામ ન્યાય અને ન્યાયના મૂર્ત સ્વરૂપ તરીકે પૂજનીય છે. નિષ્પક્ષ તપાસ કરવાને બદલે આ પ્રકારના આરોપોને છુપાવી દેવા એ તેમના ભક્તો સાથે ગંભીર અન્યાય હશે. હું તમને અયોધ્યામાં રામ મંદિરમાં મોટા પાયે નાણાકીય છેતરપિંડી, ચોરી અને દાનની ઉચાપતના આઘાતજનક ખુલાસા અંગે લાખો ભારતીયોના ઊંડા દુઃખ અને આક્રોશને વ્યક્ત કરવા માટે લખી રહ્યો છું. ભગવાન રામ પ્રત્યેની શ્રદ્ધા અને આદરથી પોતાની મહેનતથી કમાયેલી જીવનભરની બચતનું દાન કરનારા સામાન્ય નાગરિકો દ્વારા આપવામાં આવેલા દાનને નિર્લજ્જ રીતે લૂંટવામાં આવ્યા છે, જે લાખો લોકો દ્વારા પવિત્ર માનવામાં આવતા સ્થળની પવિત્રતા પર પ્રહાર કરે છે.કોંગ્રેસના નેતાએ જણાવ્યું હતું કે દરેક સ્તરે પ્રણાલીગત ભૂલો સ્પષ્ટ કરે છે કે આ લૂંટ સંસ્થાકીય સમર્થન દ્વારા શક્ય બની હતી. એક તરફ, ગણતરી સ્ટાફે નિયમિત દેખરેખને અવગણીને રોજિંદા ધોરણે રોકડ અને કિંમતી ઝવેરાતના બંડલ ચોરી લીધા હતા; બીજી તરફ, આ ગુનાહિત સાહસના પાટા ઢાંકવા માટે ૭ થી ૮ મહિનાના મહત્વપૂર્ણ સીસીટીવી ફૂટેજનો ઈરાદાપૂર્વક નાશ કરવામાં આવ્યો હતો. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે આ લૂંટ ઉચ્ચ અધિકારીઓની મિલીભગતથી આચરવામાં આવેલું કૌભાંડ હોવાનો કોંગ્રેસે આક્ષેપ કર્યો છે.

### પાકિસ્તાન બાદ હવે બાંગ્લાદેશને ચીન આપશે J-10C જેટ

## ડ્રેગનની મેલી મુરાદ

## ચીને બાંગ્લાદેશ સાથે કર્યો ઐતિહાસિક શસ્ત્ર કરાર

**ભારત પર 'સ્ટ્રિંગ ઑફ પર્લ્સ'નો ખતરોઃ બાંગ્લાદેશની સૈન્ય તાકાત વધારવાના બહાને પડોશી દેશોમાં ચીનનો ઘૂસણખોરીનો પ્રયાસ**

નવી દિલ્હી, રાજકોટ

એશિયા ખંડમાં પોતાનું પ્રભુત્વ જમાવવા અને ખાસ કરીને ભારતને ચારેબાજુથી ઘેરવાની ચીનની નાપાક હિલચાલમાં વધુ એક મોટો અને ચિંતાજનક અધ્યાય ઉમેરાયો છે. ભારતની પશ્ચિમી સરહદે પાકિસ્તાનને આધુનિક શસ્ત્રો પૂરા પાડ્યા બાદ હવે ડ્રેગને ભારતની પૂર્વીય સરહદે નજર બગાડી છે. ચીન અને બાંગ્લાદેશ વચ્ચે સંરક્ષણ સહયોગ (ઉયરયક્ષતય ઈજ્ઞજ્ઞાયફિશિંજ્ઞક્ષ) અત્યંત ઝડપથી વધી રહ્યો છે, જે ભારતીય સુરક્ષા એજન્સીઓ માટે લાલ બત્તી સમાન છે. તાજેતરના વર્ષોમાં બાંગ્લાદેશે ચીન પાસેથી ઉં-૧૦ઈ ફાઈટર જેટ, ઝુાય-૧૫ ટેન્ક અને અન્ય આધુનિક તેમજ ઘાતક હથિયારો ખરીદવાના મોટા અને ગુપ્ત કરાર કર્યા છે. આ શસ્ત્ર ડીલ દેખીતી રીતે ભલે માત્ર બાંગ્લાદેશની સૈન્ય ક્ષમતા વધારવા માટે હોય, પરંતુ વાસ્તવમાં તે ભારતની પૂર્વીય સરહદ પર એક નવો અને મોટો પડકાર ઊભો કરી રહી છે. આંતરરાષ્ટ્રીય સંરક્ષણ નિષ્ણાતો સ્પષ્ટપણે માને છે કે, ચીનની આ વ્યૂહરચના તેની કુખ્યાત 'સ્ટ્રિંગ ઑફ પર્લ્સ' (જીશિક્ષલ જ્ઞર ઙયફહિત) નીતિનો જ એક સક્રિય ભાગ છે. આ નીતિ અંતર્ગત ચીન ભારતના પડોશી દેશોને સસ્તા હથિયારો અને આર્થિક લોનની લાલચ આપીને ભારતની ચોતરફ એક સૈન્ય અને કૂટનીતિક જાળ બિછાવવાનો પ્રયાસ કરી રહ્યું છે.બાંગ્લાદેશ વાયુસેના પોતાના દાયકાઓ જૂના ચાઈનીઝ ત્ર્ક-૭ જેટ્સને નિવૃત્ત કરીને તેને બદલવા માટે ચીન પાસેથી અત્યાધુનિક ૨૦ થી ૨૪ ઉં-૧૦ઈ મલ્ટીરોલ ફાઈટર જેટ ખરીદી રહી છે. આ સંરક્ષણ સોદો અંદાજે ૨.૨ બિલિયન ડોલરનો તોતિંગ માનવામાં આવે છે, અને તે આગામી વર્ષ ૨૦૨૭ સુધીમાં સંપૂર્ણપણે પાર પડે તેવી આશા છે. ઉં-૧૦ઈ એ ચીન દ્વારા વિકસાવવામાં આવેલું ચોથી પેઢીનું (૪વિં ત્ર્સક્ષયફિશિંજ્ઞક્ષ) એડવાન્સ ફાઈટર જેટ છે. આ જેટ અઊજઅ રડાર, એડવાન્સ ઈલેક્ટ્રોનિક વોરફેર સિસ્ટમ, ઙક-૧૫ લાંબા અંતરની એર-ટુ-એર મિસાઈલ અને સુપરક્રૂઝ જેવી અદભુત ક્ષમતાઓ ધરાવે છે. નોંધનીય છે કે પાકિસ્તાન પણ હાલમાં ભારત સામે આ જ ફાઈટર જેટનો ઉપયોગ





કરી રહ્યું છે. બંગાળની ખાડી અને ભારતની પૂર્વી સરહદ પાસે બાંગ્લાદેશ વાયુસેનાની આ નવી ક્ષમતા ભવિષ્યમાં યુદ્ધ કે તણાવની સ્થિતિમાં ગેમ ચેન્જર સાબિત થઈ શકે છે. જો ભવિષ્યમાં બાંગ્લાદેશ આ હથિયારોનો ઉપયોગ ભારત વિરુદ્ધ કરે, તો ઉં-૧૦ઈ જેટ્સ ભારતીય વાયુસેનાના ફ્રન્ટલાઈન ફાઈટર રાફેલ, જી-૩૦ખઊંઈ અને સ્વદેશી તેજસ સામે એક નવો મોરચો ખોલી શકે છે.ફક્ત વાયુસેના જ નહીં, પરંતુ બાંગ્લાદેશની જમીની સેના પણ ચીની હથિયારોથી સજ્જ થઈ રહી છે. બાંગ્લાદેશ આર્મીને તાજેતરમાં જ ચીની ઝુાય-૧૫ (ટઝ-૫) લાઈટ ટેન્કનો નવો જથ્થો મળ્યો છે. આ ટેન્કની વિશેષતા એ છે કે તે વજનમાં હલકી, ઝડપી અને પહાડી તેમજ ભૌગોલિક રીતે મુશ્કેલ વિસ્તારોમાં અત્યંત પ્રભાવશાળી સાબિત થાય છે. ૧૦૫ળળ ની ઘાતક ગન અને આધુનિક ફાયર કંટ્રોલ સિસ્ટમ સાથેની આ ટેન્ક બાંગ્લાદેશની ભૌગોલિક સ્થિતિ (જેવી કે નદીઓ, દલદલ અને પહાડો) માટે એકદમ અનુકૂળ છે. આ ઉપરાંત, ચીન બાંગ્લાદેશને ખઇંજ્ઞ (મલ્ટી બેરલ રોકેટ લોન્ચર), અત્યાધુનિક આર્ટિલરી સિસ્ટમ, સરફેસ-ટુ-એર મિસાઈલો (જઅખ), સર્વેલન્સ ડ્રોન અને નૌસેના માટે સબમરીન પણ સપ્લાય કરી રહ્યું છે. બાંગ્લાદેશ પોતાના મહત્વાકાંક્ષી 'ત્ર્જ્ઞભિયત ત્ર્જ્ઞફહ ૨૦૩૦' પ્રોજેક્ટ અંતર્ગત સૈન્યનું મોટા પાયે આધુનિકીકરણ કરી રહ્યું છે. આશ્ચર્યજનક આંકડા મુજબ, વર્ષ ૨૦૧૦ થી ૨૦૨૦ ની વચ્ચે બાંગ્લાદેશ દ્વારા ખરીદવામાં આવેલા કુલ હથિયારોમાંથી ૭૩ ટકા હથિયારો માત્ર ચીનમાંથી જ આવ્યા છે, જે દર્શાવે છે કે બાંગ્લાદેશ સંરક્ષણ ક્ષેત્રે ચીન પર કેટલું નિર્ભર બની ગયું છે.ચીન બાંગ્લાદેશને સસ્તા અને અત્યંત સરળ શરતો પર હથિયારો પૂરા પાડીને બંગાળની ખાડી અને હિંદ મહાસાગરમાં પોતાનો લશ્કરી પ્રભાવ વધારી રહ્યું છે. પાકિસ્તાનનું ગ્વાદર પોર્ટ, શ્રીલંકાનું હમ્બનટોટા અને બાંગ્લાદેશનું ચટગાંવ બંદર - આ બધી જ જગ્યાઓ પર ચીની રોકાણ અને મિલિટરી હાજરી ભારતને ઘેરવાની એક સુનિયોજિત રણનીતિનો હિસ્સો છે. ભારત માટે આ નવી સ્થિતિ અત્યંત ચિંતાજનક છે, કારણ કે ભારતનો પૂર્વોત્તર રાજ્યોને જોડતો સિલીગુડી કોરિડોર (જેને 'ચિકન્સ નેક' તરીકે ઓળખવામાં આવે છે) ભૌગોલિક રીતે પહેલેથી જ અત્યંત સંવેદનશીલ છે. બાંગ્લાદેશમાં તાજેતરમાં આવેલા મોટા રાજકીય પરિવર્તન બાદ, નવી સરકારનો ઝુકાવ પણ સ્પષ્ટપણે ચીન તરફ વધતો જોવા મળી રહ્યો છે.જોકે, ભારત સરકાર અને સેના આ સમગ્ર સ્થિતિ પર ચાંપતી નજર રાખી રહી છે અને ચૂપ બેસી રહી નથી. ભારતે ચીનની આ હિલચાલનો જડબાતોડ જવાબ આપવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. ભારત પોતાની પૂર્વીય સરહદો પર સૈન્ય તૈનાતી વધારી રહ્યું છે, સરહદી વિસ્તારોમાં સુદ્દઢ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છે અને ડ્રોન તથા એડવાન્સ મિસાઈલ સિસ્ટમની તૈનાતી મજબૂત કરવામાં આવી રહી છે. કૂટનીતિક મોરચે પણ ભારત સક્રિય છે. ભારત ચઞઅઉ (ક્વાડ) દેશો અને અન્ય આંતરરાષ્ટ્રીય મંચો દ્વારા હિંદ-પ્રશાંત ક્ષેત્રમાં ચીનના આ વધતા પ્રભાવને રોકવા માટે આક્રમક રણનીતિ ઘડી રહ્યું છે. આ સાથે જ, ભારત બાંગ્લાદેશ સાથેના પોતાના ઐતિહાસિક સંબંધોનો ઉપયોગ કરીને તેમની સાથે સંરક્ષણ અને આર્થિક સહયોગ વધારવાનો સઘન પ્રયાસ પણ કરી રહ્યું છે જેથી ચીનની મેલી મુરાદ પાર ન પડી શકે.

# નારસિંહભાઈ પઢીયારની આઠમી પુણ્યતિથિ નિમિત્તે રક્તદાન કેમ્પ

## સત્તા અને સંપત્તિ વગર સૌરાષ્ટ્રમાં સંઘ પરિવારનો પાયો મજબૂત કરનાર પરિવાર ક્ષેત્રના સ્વયંસેવક શ્રદ્ધા સુમન

રાજકોટ, તા.૨

આઠમી પુણ્યતિથિ નિમિત્તે તારીખ દર વર્ષની જેમ આ વર્ષે પણ નારસિંહભાઈ પઢીયારની આઠમી પુણ્યતિથિ નિમિત્તે આજે તા.૩ ને શુક્રવારે, સવારે ૧૦ થી ૧ વાગ્યા દરમિયાન, રેડ કોર્સ સોસાયટી, આઝાદ ચોક, જુનાગઢ ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હોવાનું સદગતના પુત્ર મહેન્દ્રસિંહ પઢિયાર ૯૪૨૭૧ ૮૩૩૦૫, યોગેન્દ્રસિંહપઢિયાર -૯૪૨૭૫ ૦૧૦૯૯ તેમજ નરેન્દ્રસિંહ પઢિયાર-૯૯૨૫૦૩૭૨૯૧ જણાવ્યું હતું.

આ અંગે વધુ માહિતી આપતા નીલદીપભાઈ ભટ્ટી અને જયેશભાઈ સંઘાણીએ જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર માં સંઘ પરિવારનો પાયો નાંખનાર પરિવારો વિશે લખવાનું થાય ત્યારે રાજકોટના સ્વ, કેશુભાઈ પટેલ, સ્વ, ચીમનભાઈ શુકલ, સ્વ.અરવિંદભાઈ મણિયાર, સ્વ પ્રવીણ કાકા, સ્વ. યશવંતભાઈ ભટ્ટ, સ્વ કાંતિભાઈ ભટ્ટ, સ્વ કુંવરજીભાઈ જાદવ, મોરબી સ્વ. પુનમચંદભાઈ કોટક, વાંકાનેરમાં સ્વ લલીતભાઈ મહેતા, ગોંડલમાં સ્વ, ગોવિંદભાઈ દેસાઈ, ધોરાજીમાં સ્વ,એડવોકેટ મનોજભાઈ પારેખ, જૂનાગઢ સ્વ, સૂર્યકાંતભાઈ આચાર્ય સ્વ, હેમાબેન આચાર્ય, સ્વ.ભાસ્કરભાઈ થડેશ્વર સ્વ. ચકુભાઈ ડોડીયા તથા અનેક સ્વયંસેવક પરિવારો યાદ આવે કે જેમને સંઘ પરિવારનો પાયો મજબૂત કરવામાં અસંખ્ય મહેનત કરવી પડી હતી

૭ સપ્ટેમ્બર ૧૯૩૨માં સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી ખાતે જન્મેલા નારસિંહભાઈ ધનજીભાઇ પઢિયારે જર્જી સુધીનો અભ્યાસ કર્યો તેર વર્ષની ઉમરે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના કાર્યકર તરીકે રાષ્ટ્ર સેવા શરૂ કરી ત્યારબાદ સર્વેયર તરીકે નોકરીમાં લાગ્યા પણ ત્યારની કોંગ્રેસ સરકારે નરસિહભાઈ રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના કાર્યકર હોવાથી રાગદ્વેષ રાખી ૧૯૫૮ માં પોતાના વતનથી દૂર જુનાગઢ ખાતે બદલી કરી નાખી પણ નારસિંહભાઈમાં રહેલા રાષ્ટ્ર પ્રેમને ડગમગાવી શકાય તેમ ના હતો.અનાજની લેવી નો કાયદો હોય રજીસ્ટ્રેશનનો કાયદો હોય કે રેલ્વે કર્મચારીનું આંદોલન હોય દરેક માટે લડત ચલાવી કાનુનભંગ કરતાં અનેકવાર જેલયાત્રા ભોગવી હતી. તેમની સૌથી લાંબી જેલયાત્રા ત્યારના તત્કાલિન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ ૧૯૭૫માં ઈમરજન્સી દાખલ કરી ત્યારે જનસંઘ અને સંઘ પરિવારના અનેક કાર્યકર્તાઓ સાથે ૧૧ માસ સુધી જેલવાસ સ્વીકાર્યો અને સાથે તેમના પુત્ર મહેન્દ્રભાઇને પણ થોડો સમય કારાવાસ વેઠવો પડયો હતો.

સ્વર્ગસ્થ નારસિહભાઈમાં તેમના પિતાના સંસ્કારો ઉતર્યા હોય તેઓ લોકસાહિત્યકાર, કવિઓ અને બારોટો સાથે ખૂબ ઘરોબો કેળવી ચૂક્યા હતા. ધ્યાન ગયું અને તેમાં પણ કેળવણી ક્ષેત્ર તરફ



વધુ ધ્યાન કેન્દ્રિત કર્યું જેમાં જુનાગઢ ખાતે કારડીયા રાજપૂત સમાજની દીકરીઓ માટે ટીંબાવાડી રોડ ઉપર સમાજના આગેવાનોને સાથે રાખી ગોવિંદભાઈ રામભાઈ ડોડીયાના નામનું વિશાળ કન્યા છાત્રાલય ઊભું કર્યું. સુરેન્દ્રનગર જિલ્લામાંથી સોરઠર્મા વસીને પોતાની કર્મભૂમિ બનાવી અને સોરઠ કારડીયા રાજપૂત સમાજમાં તો તેમના નામ ની સ્વીકૃતિ થઈ પરંતુ અન્ય સમાજોમાં પણ તેમનું નામ આદરપૂર્વક લેવામાં આવતું હતું.

ધીમી ગતિએ શરૂ કરેલ રાજકીય કારકિર્દીમાં પ્રથમ ગુજરાત રાજ્યના એસટી બોર્ડના મેમ્બરપદે રહ્યા ત્યારબાદ ગુજરાત ડેરી ડેવલોપમેન્ટ બોર્ડના ચેરમેન ત્યારબાદ રાજ્ય સરકારની જીએસીએલ કંપનીના ચેરમેન રહ્યા અને છેલ્લે ગુજરાત મેરીટાઇમ બોર્ડના ચેરમેનપદે રહ્યા તેમજ જુનાગઢ નગર પાલિકાના ઈતિહાસમર્મા સતત પાચ વર્ષ સુધી પ્રમુખપદ ભોગવનાર નારસીહભાઇ પ્રથમ પ્રમુખ બન્યા હતા કટોકટી પછી ગુજરાતમાં જે પેટા ચુટણીઓ થઈ તેમાં તાલાલા મત વિસ્તારમાંથી ધારાસભ્ય પદે ચુટાયા હતા.

માર્ચ એપ્રિલ ૧૯૬૮ દરમ્યાન કચ્છની સરહદે ''વિલ્શન કરાર'' મુજબ હિંદુસ્તાનની ભૂમિ જે પાકિસ્તાનને સોપાતી હતી તેની સામે જનસંઘની આગેવાની નીચે કોંગ્રેસ અને સામ્યવાદિ પક્ષ સિવાયના તમામ રાજકીય પક્ષો તથા દેશભકતો એ ૧ એપ્રિલ થી ૨૧ એપ્રિલ સુધી હજારોની સંખ્યામાં કાર્યકરોએ ખાવડા સરહદે કાનુન ભંગ કરીને જેલયાત્રાઓ કરી ત્યારે તેની પૂર્વ તૈયારી રૂપે તે વખતના જનસંઘના આગેવાનોએ નારસીહભાઇ પઢિયાર તથા તેમની સાથે રાજકોટના અશ્વિનભાઈ ખાલપાડા એક માસ અગાઉ કચ્છમાં રોકાયા હતા અને કચ્છની તમામ ભૌગોલિક પરિસ્થિતી સરહદની સ્થિતિ વિગેરેનો તલસ્પર્શી અભ્યાસ કરીને નેતાગીરીને વાકેફ કરેલ આ સત્યાગ્રહમાં તેમના પત્ની સ્વ. જિકુબાએ પણ તેમની પાચ માસની નાની પુત્રી થી. ગીતાબેનને સાથે લઈને જુનાગઢના મતી હેમાબેન આચાર્ય અને જુનાગઢ ની ૧૧ બહેનો સાથે ખાવડા સરહદે સત્યાગ્રહ કરેલ હતો.

સ્વ. નારસીહભાઇના સુપુત્ર મહેન્દ્રસિંહે પણ ૬ ડિસેમ્બર ૧૯૯૨ના બાબરી મસ્જિદનો ઢાંચો ધ્વસ્ત થયો તેમાં દેશભક્તિના રંગે રંગાઈને ભાગ લીધેલ તેમજ નારસીહભાઇના ધર્મપત્નીએ પણ રામ મંદિર નિર્માણના આંદોલનમાં અયોધ્યા જઈને સત્યાગ્રહ કરેલ.તમામ રાજપુતોને એકત્ર કરવાની દ્રષ્ટિથી ૧૯૯૭ ની સાલમાં ૩૫૦૦૦ જેટલી મોટી સંખ્યામાં સામાજિક એકતા માટે બધાને એકત્ર કરીને ગાંધીનગરમાં પોતાની કુનેહનો પરિચય કરાવ્યો હતો. ત્યાથી અખિલ ગુજરાત રાજપૂત સમાજના (ગિરાસદાર દરબારો સિવાય) સર્વસમંત પ્રમુખ તરીકે લાંબા સમય સુધી કાર્યરત રહ્યા હતા.

સ્વ. નારસીહભાઇ બાળપણથી જ એટલે કે ૬ ડિસેમ્બર ૧૯૪૫થી રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના કાર્યકર હતા અને પૂરે પૂરા હિન્દુ સંસ્કૃતિ અને પરંપરાના ચુસ્ત વિચારક રહ્યા હતા ગૌ સેવામાં પણ તેમનું યોગદાન રહ્યું છે રાજકારણ અને સમાજકારણ કરતાં કરતાં તેઓ પોતાના નિજાનંદ માટે લોકસાહિત્ય દુહા છંદ પ્રાચીન ભજનો અને રાષ્ટ્ર જાગરણના ગીતોમાં ઊંડી દિલચપસી ધરાવતા હતા અને સાથે ગાતા પણ હતા.

સ્વ. નારસીહભાઇ એ ૧૯૯૧ થી ૧૯૯૯ માં બે વખત હૃદયની બાયપાસ સર્જરી અને એક એંજિઓપ્લાસ્ટી કરાવેલ હતી છતાં પણ તેમનો જોમ જુસ્સો છેલ્લી ઘડી સુધી યુવાનોને શરમાવે તેવો હતો. તેમનું ભાષણ પણ જુસ્સાદાર અને તથ્ય આધારિત રહેતું અને આટલી મોટી ઉમરે કોઈપણ અન્યાય કે સંઘર્ષના પ્રસંગે હિમ્મતપૂર્વક આગેવાની લેતા હતા.કાશ્મીરના લાલ ચોકમાં આતંકવાદી રાષ્ટ્રધ્વજ ફરકાવવા દેતા ના હતા ત્યારે ભાજપાના રાષ્ટ્રીય નેતા માનનીય મુરલી મનોહર જોશીજીની આગેવાનીમાં જે એકતા યાત્રા નિકળી હતી અને જેનું સંચાલન તે વખતે હાલના આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની સાથે તેઓ અને તેમના સંતાનો ભાઈ યોગીભાઈ અને બહેન ગીતાબેને પણ ભાગ લીધો હતો. આવી બહુવિધ પ્રવૃતિઓમાં સતત કાર્યશીલ રહીને પોતાના ભાતીગળ જીવનની અમીટછાપ તેમણે સમાજમાં જ્ઞાતિમાં અને રાજકીય ક્ષેત્રે ઉપસાવી હતી.સ્વ. નારસીહભાઇની સામાજિક અને ધાર્મિક વૃતિ પ્રવૃતિને કારણે છેલ્લા વર્ષોમાં તેઓ અને તેમનો સમગ્ર પરિવાર પરમ પૂજ્ય સ્વામિ સંપૂર્ણાનંદ બાપુ (મૌની બાપુ) સાથે કેળવાયા અને પૂજ્ય બાપુના આશીર્વાદ આ પરિવાર ઉપર સતત વરસતા જ રહ્યા નારસીહભાઇએ જુનાગઢમાં બાપુ ની ૧૦૦મી જન્મ જયંતિ અને ગુરુ પુર્ણિમા જેવા મોટા બે કાર્યક્રમો શ્રદ્ધા ભક્તિ અને ભાવનાથી સમગ્ર ગુજરાતમાથી પૂજ્ય બાપુ ના સેવકગણને આમંત્રી ને દબદબાભેર ઉજવ્યા હતા.ધનજીભાઇના શંકરદાનજી સાથેના ગાઢ પરિચયના સંસ્કારો નારસીહભાઇમાં પણ ઉતર્યા હતા અને તેઓ પણ પોતાના છેલ્લા શ્વાશ સુધી ચારણ, ગઢવી બારોટો અને સાહિત્યકારો સાથે નજીકના સબંધો ધરાવતા હતા. અને લોકસાહિત્યની યથાશક્તિ સેવા કરતાં રહેતા હતા તે જ સંસ્કારો તેમના જયેષ્ઠ સુપુત્ર ભાઈ મહેન્દ્રસિહ માં ઉતર્યા છે અને કવિ ''મરમી'' ના નામે મહેન્દ્રસિહ સારી ગજલો લખી રહ્યા છે.અંત માં નારસીહભાઇ પઢિયારના આવા બધા સબંધોને એક વાક્યમાં કહેવા હોય તો કહી સકાય કે.....''કરણ પથારીએ ઇ ભણ્યો, સુણો સપૂતા,છીપ ભરાવી સમુંદરા, ચારણ રાજપૂતા'' તેવું નીલદીપભાઈ ભટ્ટી અને જયેશભાઈ સંઘાણીએ જણાવ્યું હતું.

# રાજકોટના વકીલને ચેક રિટર્ન કેસમાં ૨ વર્ષની સજા ફટકારતી મોરબી કોર્ટ

### ફ્લેટ અપાવી દેવાના બહાને વકીલ વિનેશ છાયાએ મોરબીના એડવોકેટ રહીશભાઈ માધવાણી સાથે કરી'તી લાખોની છેતરપિંડી

રાજકોટ, તા.૨

મોરબીમાં કાલિકા પ્લોટ, શેરી-૨, રવાપર રોપ પર રહેતા અને એડવોકેટ રહીશભાઈ કાસમભાઈ માધવાણી સાથે ફ્લેટ અપાવી દેવાના બહાને છેતરપીંડી કરનાર રાજકોટના વકીલ વિનેશ કદમકાન્ત છાયાને મોરબીની કોર્ટે ચેક રીટર્ન કેસમાં ૨ વર્ષની સજા ફટકારી છે.પ્રાપ્ત વિગતો મુજબ મોરબીના એડવોકેટ રહીશભાઈ કાસમભાઇ માધવાણી મોરબી જિલ્લામાં રેવન્યુ તેમજ કોર્ટ પ્રેક્ટીશ કરે છે. તેમના મિત્ર દ્વારા રાજકોટના વકીલ વિનેશ કદમકાન્ત છાયા(વકીલાત, ૧૧૦૬-૧૧૦૯ શ્રી ગુરુકૃપા ટાવર, ૧૧માં માળે, લીમડા ચોક, રાજકોટ )ના સંપર્કમાં આવ્યા હતા. આ સમયે વિનેશે પોતે વકીલ હોવાનું જણાવી તેમની પાસે રાજકોટમાં એસ્ટ્રોન ચોકમાં આવેલા રહેણાંક ફલેટનો ડીઆરટી અમદાવાદમાં એસએનં ૨૦૧/૨૦૨૧થી કેસ ચાલે છે. અને તેમાં પોતે વકીલ હોવાનું કહીને તે ડીઆરટીમાં સેટલમેન્ટ કરી, તે મિલકત તમોને(ફરિયાદી રહીશભાઈને) વેચાણ અપાવી શકું તેમ હોવાનું જણાવ્યુ હતું.

ફલેટની કિમત ૩૭.૪૪ લાખ બતાવીને ફ્લેટ જોઈતો હોય તો ડીઆરટીમાં ૨૫ ટકા રકમ ભરવી પડે એટલે ૯.૩૬ લાખ આપો તો તે ફ્લેટ ખરીદ કરવાની દરખાસ્ત મૂકી શકાય તેવું વિનેશે રહીશભાઈને જણાવ્યું હતું. વિનેશના વિશ્વાસમાં આવી ગયેલા રહીશભાઈ માધવાણીએ તા. ૨૫.૯.૨૦૨૧ના રોજ રૂ.૩.૩૬ લાખ તેમની ઓફિસે રોકડા વીનેશને આપ્યા હતા.જ્યારે બાકીના ૬,૦૦૧૦૦ વિનેશને બેન્ક ખાતામાં એનઈએફટીથી ટ્રાન્સફર કર્યા હતા. જે વ્યવહારોમાં તા. ૨૭.૯.૨૦૨૧ના રોજ ૧૦૦, તા. ૨૯ ના રોજ ૨ લાખના બે અને એક ૧ લાખ તેમજ ૧૯.૧૧.૨૦૨૧ના રોજ ૧ લાખ એમ કુલ ૯,૩૬,૧૦૦ વિનેશને ચુકવ્યા હતા.

લાંબો સમય વીતવા છતાં વીનેશે ફ્લેટ બાબતે કોઈ સકારાત્મક વહેવાર ના કરતાં રહીશભાઈએ તેમની ચૂકવેલી રકમ પરત માંગી હતી. ત્યારે વિનેશે ૩૬ લાખ રોકડ ટૂંક સમયમાં આપી દઇશ અને ટ્રાન્સફર કરેલા રૂ. ૬ લાખનો ૨૫ માર્ચ ૨૦૨૨નો નાગરિક બેન્કનો ચેક આપ્યો હતો.

પરત પૈસા વાળવામાં વિનેશની જાણે દાનત બગડી હોય તેમ આપેલા ચેકની તારીખનાં એક દિવસ અગાઉ ચેક બેંકમાં ડિપોઝીટ ન કરવા રહીશભાઈને જણાવી ગલ્લા-તલ્લાં ચાલુ કર્યા હતા. આવા સમયે રહીશભાઈએ રહેમરાહે વિનેશની વાત માનીને ચેક બેંકમાં જમા કરાવ્યો ન હોતો. પણ ઉઘરાણી દરમિયાન ખોટા બહાના બતાવીને વિનેશ સમય કાઢતો હતો.અંતે ૧૬.૦૫.૨૦૨૨ના રોજ ચેક જમા કરાવી દેજો તેવું વિનેશે રહીશભાઈને જણાવતા ફરિયાદીને રાહત થઈ હતી કે હાશ હવે કદાચ પૈસા આવી જશે. જો કે તા.૧૬.૫.૨૦૨૨ ના રોજ રહીશભાઈએ પોતાની એચડીએફસીના ખાતામાં ઉપરોક્ત ચેક જમા કરાવતા તા.૧૭ ના રોજ વસૂલાયા વગર બેંકમાંથી પરત ફર્યો હતો. આવા સમયે પણ પૈસા આપી દેવા રહીશભાઈએ લીગલ નોટિસ મોકલી હતી પણ વિનેશે નોટિસ સ્વીકારી લીધા છતાં પૈસા ચૂકવવા કોઈ તૈયારી કે સહકાર ન બતાવતા તેમની સામે ધી નેગોશિએબલ એક્ટ મુજબ તા. ૧૫.૦૭.૨૦૨૨ના રોજ ફોજદારી કેસ દાખલ કરાયો હતો.

ફરિયાદી રહીશભાઈ માધવાણીએ રાજકોટ મિરરને જણાવ્યું હતું કે, વ્યવસાયે તોએ વકીલ અને સામે આરોપી તરીકે પણ વકીલ હોવાથી ન્યાયમાં વિલંબ થયો હોવાનું માનવું પડે છે. એટલુ જ નહિ વિનેશ છાયા વકીલ હોવાથી તેમની સામે કોણ માથાકૂટ કરે ? તેવા મનોમન દરથી હજુ પણ ઘણા લોકો તેમનાથી લાખો રૂપિયામાં છેતરાઈ ગયા છે. પણ ફરિયાદ કરવા આગળ આવતા નથી. ત્યારે વિનેશ છાયાથી કોઈ વધુ લોકો છેતરાયા હોય તો હિમંત દાખવી ફરિયાદ કરવા આગળ આવવું જોઈએ કેમકે કાયદો બધા માટે સમાન છે અને કાયદો કાયદાનું કામ કરે જ છે તેવું રહીશભાઈ માધવાણીએ જણાવ્યું હતું.

### કોર્ટમાં સજાના ચૂકાદાથી નથી અંત હેરાનગતિનો !

રહીશભાઈએ પોતાની હેરાનગતી બાબતે ફોડ પાડતા એવું પણ જણાવ્યું હતું કે, કોર્ટમાં કેસ કરવાથી અને ચુકાદો જાહેર થઇ જવાથી ફરિયાદીને તાત્કાલિક પૈસા મળી જતા નથી. સજાના ચુકાદા પછી પણ ફરિયાદીને કાયદેસરની કાર્યવાહીમાંથી મનેકમને પસાર થવું પડે છે. ત્યારે સમયાંતરે ચેક રીટર્ન કેસમાં એવા ન્યાયની અપેક્ષા સેવાઈ રહી છે કે, ચુકાદા પછી ફરિયાદીને તાત્કાલિક પોતાની રકમ-રૂપિયા પાછા મળી જાય તો ફરિયાદી શારીરિક, આર્થિક, માનસિક સ્વસ્થ થઈને પોતાની બચેલી જીંદગી આરામથી પસાર કરી શકે તેવું કહેવું અનુચિત નથી.

# 'સહકાર સપ્તાહ'ની ભવ્ય ઉજવણી

### યુવાનો અને મહિલાઓ માટે બે વિશેષ જાગૃતિ સેમિનાર સંપન્ન







રાજકોટ, તા.૨

ભારત સરકારના સહકાર મંત્રાલયના નિર્દેશાનુસાર અને જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ-રાજકોટની કચેરીના ઉપક્રમે ગત ૨૯ જૂનથી ૦૬ જુલાઈ ૨૦૨૬ દરમિયાન જિલ્લામાં 'સહકાર સપ્તાહ'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીના ભાગરૂપે સહકારી પ્રવૃત્તિઓનો વ્યાપ વધારવા તેમજ તેમાં યુવાનો અને મહિલાઓની મહત્તમ ભાગીદારી સુનિશ્ચિત કરવા બે વિશેષ સેમિનાર અને અવેરનેસ કેમ્પનું સફળ આયોજન કરાયું હતું.

આ અંતર્ગત પ્રથમ કાર્યક્રમ રાજકોટની બી. કે. મોદી સરકારી ફાર્મસી કોલેજ ખાતે યોજવામાં આવ્યો હતો. આ સેમિનારમાં કોલેજના સ્ટાફ અને ૩૫૦ જેટલા યુવા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ પ્રસંગે સંયુક્ત રજિસ્ટ્રાર (વિભાગીય) સુશ્રી રીનાબેન પટેલ, રાજકોટ જિલ્લા રજિસ્ટ્રાર ડૉ. બી. એન. પટેલ, કોલેજના આચાર્ય શ્રી મોઇનુદ્દીન સોનીવાલા તથા જિલ્લા સહકારી તાલીમ કેન્દ્રના આચાર્ય શ્રી શૈલેષભાઇ મેરજા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવો દ્વારા યુવાનોને સહકાર ક્ષેત્રના વિવિધ પાસાઓ સમજાવી, સ્વરોજગારી અને સ્ટાર્ટઅપ ક્ષેત્રે 'સહકારી મોડેલ'ના અસરકારક ઉપયોગ અંગે પ્રેરણાદાયી વક્તવ્ય અને વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

જ્યારે બીજો વિશેષ કાર્યક્રમ રાજકોટ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (અડખઈ) ખાતે ખાસ મહિલા સેમિનાર અને અવેરનેસ કેમ્પ તરીકે યોજાયો હતો. જેમાં ૨૨૫ જેટલી મહિલાઓ અને કર્મચારીઓએ ઉત્સાહભેર હાજરી આપી હતી. આ તકે ડીઆરડીએ (ઉઈઈઅ) અધિકારી શ્રી વસ્તાણી, સંયુક્ત રજિસ્ટ્રાર (વિભાગીય) સુશ્રી રીનાબેન પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર ડો. બી. એન. પટેલ, એપીએમસીના ચેરમેન શ્રી જયેશભાઇ બોઘરા, રાજકોટ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંકના ચેરમેન શ્રી વી. એમ. સખીયા સહિત વિવિધ સહકારી સંસ્થાઓના ડિરેક્ટર્સ ઉપસ્થિત રહ્યા હતા. આ સેમિનારમાં ખાસ મહિલાલક્ષી જાગૃતિ, માહિતીપ્રદ પ્રવચનો અને પ્રાથમિક કૃષિ ધિરાણ સહકારી મંડળીઓ (ડઅઈજ) દ્વારા મહિલાઓમાં આર્થિક સક્ષમતા કેવી રીતે લાવી શકાય તે અંગે સચોટ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ બંને સેમિનારમાં જિલ્લા રજિસ્ટ્રાર કચેરી તથા સહકારી મંડળીઓ-રાજકોટના અધિકારીઓ, કર્મચારીઓ તેમજ વિવિધ સહકારી સંસ્થાઓના પદાધિકારીઓ અને સભ્યોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સઘન પ્રયાસોના પરિણામે રાજકોટ જિલ્લાના યુવાનો અને મહિલાઓમાં સહકારી ક્ષેત્રની બહુહેતુક પ્રવૃત્તિઓ પ્રત્યે ભારે જાગૃતિ સાથે એક નવો અને હકારાત્મક અભિગમ જોવા મળી રહ્યો છે.

**બી. કે. મોદી ફાર્મસી કોલેજમાં ૩૫૦ જેટલા વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં સ્વરોજગારી અને સ્ટાર્ટઅપ અંગે અપાયું માર્ગદર્શન : માર્કેટ યાર્ડ (અડખઈ) ખાતે ૨૨૫ મહિલાઓની હાજરીમાં મહિલાલક્ષી જાગૃતિ અને આર્થિક સક્ષમતા પર મુકાયો ભાર : સંયુક્ત રજિસ્ટ્રાર રીનાબેન પટેલ અને જિલ્લા રજિસ્ટ્રાર ડો. બી. એન. પટેલ સહિતના મહાનુભાવોની પ્રેરણાદાયી ઉપસ્થિતિ**

# શાપર સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ૪૦૦ વૃક્ષોનું વાવેતર

### ધારાસભ્ય રમેશ ટીલાળા સહિતના મહેમાનોને પ્રસંગોચિત વક્તવ્યો આપ્યા

રાજકોટ, તા.૨

શાપર મેઈન રોડ પર આવેલા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સામાજિક વનીકરણ રેન્જ (કોટડાસાંગાણી) તથા શાપર વેરાવળ ઇન્ડસ્ટ્રીયલ એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે એક ભવ્ય વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.આ પર્યાવરણીય પ્રકલ્પની શાપર વેરાવળ ઇન્ડસ્ટ્રીયલ એસોસિએશનના ચેરમેન અને સ્થાનિક ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાના વરદ હસ્તે છોડ રોપીને શરૂઆત કરવામાં આવી હતી. આ લોકઅભિયાન અંતર્ગત આરોગ્ય કેન્દ્રના પરિસરમાં ૪૦૦થી વધુ વૃક્ષોનું સફળતાપૂર્વક વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવામાં શાપર ગ્રામ પંચાયત તેમજ લેમ્બર્ટી ઇન્ડિયા પ્રા. લિ.ના ડિરેક્ટર મહેન્દ્ર ત્રિપાઠીનો સવિશેષ સહયોગ સાંપડ્યો હતો. દરેક નાગરિકે જવાબદારી સમજીને




વધુમાં વધુ વૃક્ષો વાવવા માટે પ્રયત્નો કરવા જોઈએ અને માત્ર વૃક્ષારોપણ જ નહીં, પરંતુ વાવેલા વૃક્ષોનું યોગ્ય રીતે જતન અને ઉછેર થાય તે પણ એટલું જ જરૂરી છે.'' આ સાથે ધારાસભ્યએ ઉપસ્થિત નાગરિકો અને ઉદ્યોગકારોને રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકારની

વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓની વિસ્તૃત માહિતી પૂરી પાડી હતી અને તેનો મહત્તમ લાભ લેવા અનુરોધ કર્યો હતો. શાપર વેરાવળ ઇન્ડસ્ટ્રીયલ એસોસિએશનના પ્રમુખ અમૃતભાઈ ગઢીયા, એસોસિએશનના હોદ્દેદારો તેમજ કારોબારી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. વન વિભાગ તરફથી રાજકોટ સામાજિક વનીકરણ વિભાગના નાયબ વન સંરક્ષક

યુવરાજસિંહ ઝાલા તથા મદદનીશ વન સંરક્ષક એસ. ટી. કોટડીયા ખાસ હાજર રહ્યા હતા.આ ઉપરાંત, કોટડા સાંગાણી તાલુકા પંચાયત કારોબારી ચેરમેન અશ્વિનભાઈ ગઢીયા, શાપર ગ્રામ પંચાયતના સરપંચ જયેશભાઈ કાકડીયા, કોટડા સાંગાણી તાલુકા ભાજપ પ્રમુખ જતીનભાઈ સિદ્ધપરા, સામૂહિક આરોગ્ય કેન્દ્ર શાપરના ડો. વઘાસીયા તથા તેમનો સમગ્ર મેડિકલ સ્ટાફગણ અને વિસ્તારના અગ્રણી ઉદ્યોગકાર મિત્રોએ બહોળી સંખ્યામાં હાજરી આપી હતી.

### રવિવારે પશુ-પક્ષીઓ માટેનો નિઃશુલ્ક, સર્વરોગ નિદાન સારવાર કેમ્પ

રાજકોટ, તા.૨

'સમસ્ત મહાજન' નાં મેનેજીંગ ટ્રસ્ટી, ભારત સરકારનાં એનીમલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડીયાનાં સભ્ય ગીરીશભાઈ શાહ તથા ભારત સરકાર દ્વારા જીવદયાનો સર્વોચ્ચ એવોર્ડ વિજેતા સંસ્થા 'શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ-એનીમલ હેલ્પલાઈન, રાજકોટ' દ્વારા 'વર્લ્ડ ઝુનોસીસ ડે' નિમિતે યોજાનાર અનેક કાર્યક્રમોની શૃંખલામાં સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છનાં પશુ-પક્ષીઓ માટેના મેગા, નિઃશુલ્ક, સર્વરોગ નિદાન તેમજ સારવાર કેમ્પ, ચર્મ ચિકિત્સા-દંત ચિકિત્સા તેમજ આંખના રોગોના સારવાર કેમ્પ અને શ્વાનોને વિનામુલ્યે હડકવાનું રસીકરણ, કૃમિનાશક તેમજ અન્ય સારવારના કેમ્પનું આયોજન તા. ૫, જુલાઈ-૨૦૨૬, રવિવારનાં રોજ સવારે ૯-૦૦ થી બપોરના ૧-૦૦ કલાક સુધી અર્હમ વેટરનરી કલીનીક પાસે, કેન્સર હોસ્પિટલની સામે, હનુમાન મઢી પાસે, તીરૂપતીનગર-૧ રાજકોટ ખાતે કરવામાં આવ્યું છે. સૌરાષ્ટ્ર-કચ્છના જીવદયા પ્રેમીઓને આ મેગા, નિઃશુલ્ક કેમ્પનો લાભ લેવા અપીલ કરાઇ છે.'વર્લ્ડ ઝુનોસીસ ડે' નીમીતે યોજાનાર કેમ્પ અંગેની વિશેષ વિગતો માટે મિતલ ખેતાણી (મો. ૯૮૨૪૨૨૧૯૯૯), પ્રતિક સંઘાણી (મો. ૯૯૯૮૦૩૦૩૯૩) પર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# નાગરિક બેંક દ્વારા મોબાઈલ વાનનું લોકાર્પણ

### મોબાઈલ શાખાની સુવિધાનો લાભ મેળવતા અનેક ગ્રાહકોઃ પાઠક

રાજકોટ, તા.૨

રાજકોટ નાગરિક બેંકની મોબાઇલ શાખા માટે નવી મોબાઇલ વાનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. બેંકના ચેરમેન દિનેશભાઇ પાઠકે નવી મોબાઇલ વાનને શાસ્ત્રોક્ત વિધીથી પૂજા અર્ચન કરી વિધિવત શુભારભ કરાવ્યો હતો. બેંકના ચેરમેન દિનેશભાઇ પાઠક અને વાઇસ ચેરમેન જીવણભાઇ પટેલની સંયુક્ત યાદીમાં જણાવ્યું હતું કે, બેંકની મોબાઇલ શાખા ઇ.સ. ૧૯૭૪માં શરૂ થયેલી છે. છેવાડાના માનવી સુધી બેંકિંગ સેવાઓ પહોંચાડવી અને તે પણ તેમના ઘર આંગણે, આવી નેમ સાથે આ મોબાઇલ શાખા શરૂ થયેલ અને આજે પાંચ દાયકાથી વધુ સમયથી મોબાઇલ શાખા શહેરના વિવિધ વિસ્તારમાં નિયત સમય પત્રક મુજબ જાય છે અને અદ્યતન બેંકિંગ સુવિધા પુરી પાડે છે. આ મોબાઇલ શાખામાં બેંકિગ સેવાઓ પેકી બચત ખાતા ખોલવા, રોકડ જમા-ઉપાડ, એફ.ડી. બનાવવી, એફ. ડી. ઉપર લોન-ઓ.ડી., ટ્રાન્સફર, એન.ઇ.એફ.ટી.-આર.ટી.જી.એસ. જેવી વિવિધ સુવિધા સરળતાથી મળી રહે છે.



મોબાઇલ શાખા લોકાર્પણ કાર્યક્રમમાં બેક પરિવારમાંથી દિનેશભાઇ પાઠક (ચેરમેન), જીવણભાઇ પટેલ (વાઇસ ચેરમેન), ડિરેકટરગણમાંથી સીએ. ચંદ્રેશભાઇ ધોળકીયા, અશોકભાઇ ગાંધી, માધવભાઇ દવે, મંગેશજી જોશી, દેવાંગભાઇ માંકડ, હસમુખભાઇ ચંદારાણા, ડો. એન. જે. મેઘાણી, સીએ. ભૌમિકભાઇ શાહ, સીએ. બ્રિજેશભાઇ મલકાણ, વિક્રમસિંહ પરમાર, સીએ. દીપકભાઇ બકરાણીયા, હસમુખભાઇ હિંડોચા, કીર્તિદાબેન જાદવ, જ્યોતિબેન ભટ્ટ, લલિતભાઇ વોરા, શૈલેષભાઇ મકવાણા (કો-ઓપ્ટ),વિનોદ કુમાર શર્મા (જનરલ મેનેજર-સીઇઓ), રજનીકાંત રાયચુરા (ડી.જી.એમ.), વિપુલભાઇ દવે (પ્રમુખ-જાગૃત કર્મચારી મંડળ), ઉમેદભાઇ જાની- મનસુખભાઇ ગજેરા (સ્ટાફ રિલેશન અધીકારી), પ્રશાંતભાઇ ભટ્ટ (સી.એમ.-કોમ્પ્લાયન્સ), અશોકભાઇ શાહ (ડી.સી.એમ.-બેંકિંગ), હિતેશભાઇ રાચ્છ (ડી. સી.એમ.-સેક્રેટરી), મોબાઇલ શાખાના કર્મચારીગણ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# શહેરમાં ૧ ઈંચથી વધુ વરસાદ

## બફારામાંથી લોકોને રાહતઃ વાદળછાયા વાતાવરણ સાથે ઝરમર વરસાદ

રાજકોટ, તા. ૨

બે દિવસથી રાજકોટમાં સવારથી જ વાદળછાયુ વાતાવરણ જોવા મળી રહ્યું છે અને ધીમીધારે વરસાદ પણ વરસી રહ્યો છે. ઘણી ખરી જગ્યા પર હાલ પાણી ભરાયાના પ્રશ્નો પણ ઊભા થયા છે. મહાનગરપાલિકા દ્વારા ચેક ખાસ પ્રીમોનસુન કામગીરીના બણગા મુકવામાં આવ્યા હતા તે પાયાવિહોણ નીવડ્યા છે. છેલ્લા કેટલાંક દિવસોથી રાજકોટવાસીઓ આકરા તાપ અને અસહ્ય બફારાથી ભારે ત્રસ્ત હતા પરંતુ લાંબા ઈન્તજાર બાદ છેલ્લા ૨૪ કલાક દરમિયાન પલ્ટાયેલા હવામાનથી રાજકોટવાસીઓના હૈયે થોડી ટાઢક વળી છે અને ગઈકાલે બપોરથી બે વાગ્યા સુધીમાં એટલે કે ૨૪ કલાક દરમિયાનમાં રાજકોટમાં ૧ ઈંચ જેટલો વરસાદ વરસી ગયો હતો.

રાજકોટમાં ગઈકાલે બપોરે ૪ થી ૬ વચ્ચે વરસેલા વરસાદમાં વેસ્ટ ઝોનમાં ૧૦ અને સેન્ટ્રલ ઝોનમાં ૧૬ મીમી વરસાદ વરસ્યો હતો. જ્યારે આજે સવારે ૧૧ થી ૨ વાગ્યા સુધીમાં રાજકોટનાં ઈસ્ટઝોનમાં ૧, વેસ્ટ ઝોનમાં ૧૨ મીમી અને સેન્ટ્રલ ઝોન-૭માં મીમી વરસાદ નોંધાયો હતો. દરમિયાન બપોરે ૨ કલાકે આ લખાય છે ત્યારે ફરી રાજકોટ શહેરમાં ગાજવીજ સાથે મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થઈ છે.

આકાશમાં કાળા ડીબાંગ વાદળો સાથે ગાજવીજ થતાં સાંજ સુધીમાં ભારે વરસાદ વરસે તેવો માહોલ છવાઈ ગયો છે.આમ ૨૪ કલાક દરમિયાન શહેરમાં ૧ ઈંચ જેટલો વરસાદ વરસી ગયો હતો. આજે બપોરે ૧૨ થી ૧ વચ્ચે વરસાદ વરસ્યા બાદ ફરી મેઘરાજાએ બ્રેકમારી હતી, પરંતુ બપોરે ૧૨ થી ૧ વચ્ચે વરસાદ વરસ્યા બાદ ફરી મેઘરાજાએ બ્રેક મારી હતી, પરંતુ બપોરે હજુ પણ ઝડપી પવન સાથે આકાશ ગોરંભાયેલું હતું અને ધારણા મુજબ ફરી મેઘરાજાએ એન્ટ્રી કરી છે.

ઉલ્લેખનીય છે કે ગઈકાલે બપોર સુધીમાં રાજકોટમાં સાવ સામાન્ય વરસાદ વરસ્યો હતો છતાં પણ શહેરના અનેક રાજમાર્ગો ઉપર પાણી ભરાઈ ગયા હતા. રેસકોર્ષ રીંગરોડ, કિશાનપરા ચોક, બસ સ્ટેશન પાસે, લીંમડા ચોક તથા ત્રિકોણ બાગ ચોક પાસે ઠેર-ઠેર તળાવડા ભરાઈ ગયા હતા.ઉપરાંત જુના રાજકોટમાં જુદા-જુદા વિસ્તારો અને સદર બજારનાં વિસ્તારમાં પણ ઠેર ઠેર પાણીના તળાવડા ભરાઈ જતા રાહદારીઓ હેરાન થયા હતા. દરમિયાન આજે સવારે ૮-૩૦ કલાકે શહેરનું તાપમાન ૩૦ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૫.૬ ડિગ્રી નોંધાયું હતું.

જ્યારે હવામાં ભેજ ૮૧ ટકા રહ્યો હતો અને પવનની સરેરાશ ઝડપ ૧૨ કિમી રહેવા પામી હતી. ભારતના હવામાન વિભાગ હેઠળના અમદાવાદ મૌસમ કેન્દ્ર દ્વારા રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં તા.૧થી ૭ જુલાઈના સપ્તાહ દરમિયાન વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી છે.

આગાહી મુજબ, તા. ૧થી ૭ જુલાઈ દરમિયાન સૌરાષ્ટ્ર- કચ્છના રાજકોટ, સુરેન્દ્રનગર, જામનગર, પોરબંદર, જૂનાગઢ, દ્વારિકા, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, બોટાદ અને દીવમાં ઘણા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. આ સાથે સૌરાષ્ટ્ર-કચ્છમાં આ સપ્તાહ દરમ્યાન વરસાદી યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે. કાલાવડ રોડ, રેસકોર્સ, રૈયા રોડ અને કોટેચા ચોકમાં ઝરમર અને હળવો વરસાદ વરસતાં રસ્તાઓ ભીના થઈ ગયા છે. છેલ્લા થોડા દિવસોથી અસહ્ય ગરમી અને બફારાનો સામનો કરી રહેલા રાજકોટવાસીઓને આ વરસાદી માહોલથી મોટી રાહત મળી છે અને વાતાવરણમાં સરસ ઠંડક પ્રસરી ગઈ છે.



### ૧૬૭ કરોડના ખર્ચે બની રહેલ ફોરલેન ફલાયઓવર રાજકોટની કાયાપલટ કરશે

# કટારીયા ફ્લાવર બ્રિજનું ૫૦ ટકા કામ પૂર્ણ

## જુલાઈ ૨૦૨૭ની સમય મર્યાદામાં કોણ થશે કે કેમ તે અંગે મનપા હજુ અવઢવમાં

રાજકોટ, તા. ૨

સરકાર માળખાગત સુવિધાઓ પર વધુને વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે ત્યારે મહાનગરપાલિકાની વાત કરવામાં આવે તો રાજકોટને ટ્રાફિક મુક્ત બનાવવા માટે હાલ અંડર બ્રિજ તથા ઓવરબ્રિજ બનાવવાનું કાર્ય શરૂ કરાયું છે. ત્યારે હાલ કટારીયા ચોકડી પર ૧૬૭ કરોડના ખર્ચે પ્લાય ઓવર અને રીંગરોડ ને ક્રોસ કરતા અંડર બ્રિજ નું કામ હાલ ગોકળગાય ગતીએ ચાલી રહ્યું છે ત્યારે આશરે ૫૦% જેટલું કાર્ય પૂર્ણ થઈ ગયું હોય તેઓ જાણવા મળ્યું છે. પ્રોજેકટ પૂર્ણ થવાની મુદ્દત આવતા વર્ષ ઓગષ્ટ-૨૦૨૭ની છે પરંતુ આવતા વર્ષે ચોમાસા પૂર્વે જુલાઈ ૨૦૨૭માં આ પ્રોજેકટ પુરો કરવાના પ્રયાસો કરવામાં આવશે તેમ અધિકારીઓએ કહ્યું હતું.



મહાનગરપાલિકા દ્વારા શહેરના સર્વાંગી વિકાસ તથા ભવિષ્યની ટ્રાફિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને કલાવડ રોડ અને રિંગ રોડ-૨ના કટરિયા ચોક ખાતે નિર્માણાધીન ત્રિ-સ્તરીય ફ્લાયઓવર અને અંડરપાસ પ્રોજેક્ટનું કામ યુદ્ધના ધોરણે પ્રગતિ કરી રહ્યું છે. આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ પૂર્ણ થતાં શહેરના પશ્ચિમ વિસ્તારમાં ટ્રાફિકનું ભારણ નોંધપાત્ર રીતે ઘટશે તેમજ વાહનચાલકોને વધુ સુરક્ષિત, ઝડપી અને સુગમ મુસાફરીની સુવિધા ઉપલબ્ધ થશે.

આ ચોકડીએ હાલ તો વાહનોનો ટ્રાફિક ડાયવર્ટ કરવામાં આવ્યો છે અને અઠવાડિયામાં લગભગ ત્રણ-ચાર દિવસ ડાયવર્ઝનમાં ટ્રાફિક જામ થતા રહે છે. તો ચોકડી વચ્ચે બંને બ્રીજનું કામ ગતિથી ચાલે છે. પ્રોજેકટ ઈન્ચાર્જ અને ઇ.સીટી ઈજનેર કુંતેશ મહેતાએ જણાવ્યું હતું કે આજની સ્થિતિ મુજબ પ્રોજેક્ટમાં કુલ ૪૭.૦૦ ટકા ભૌતિક પ્રગતિ તથા ૪૦.૫૧ ટકા નાણાકીય પ્રગતિ નોંધાઈ છે. પ્રોજેક્ટનું અમલીકરણ, ગુણવત્તા નિયંત્રણ અને બિલિંગ પ્રક્રિયા નિર્ધારિત આયોજન મુજબ સંતોષકારક રીતે આગળ વધી રહી છે. મહત્વની વાત તો એ છે કે સાંઢીયા પુલમાં નિર્ધારિત સમયથી પણ વધુ સમય પુલ શરૂ થતા લાગ્યો ત્યારે હવે ચર્ચાએ જોર પકડ્યું છે કે કટારીયા ચોકડી ખાતે જે બ્રિજનું નિર્માણ થઈ રહ્યું છે તે પણ નિર્ધારિત સમય મર્યાદાથી વધુ સમય લાગે તો નવાઈ નહીં.

મહાનગરપાલિકાની કામગીરીમાં એ વાત તો સ્પષ્ટ છે કે કોઈપણ કામ સમય મર્યાદામાં પૂર્ણ થયા નથી અને લોકોએ ભારે હાલાકી નો સામનો પણ કરવો પડે છે. ત્યારે સીટી ઈજનેર કુંતેશ મહેતાએ માહિતી આપતા જણાવ્યું હતું કે આ બ્રિજ માટે ખોદકામનું ૭૬.૦૩ ટકા કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું છે. ફ્લાયઓવર માટે જરૂરી તમામ ૨૬ ફાઉન્ડેશન, ૨૬ પિયર તથા ૨૬ પિયર કેપનું કાર્ય ૧૦૦ ટકા પૂર્ણ કરવામાં આવ્યું છે. કુલ ૧૧૧ પ્રી-સ્ટ્રેસ્ડ કોંક્રિટ (પીએસસી) ગર્ડરમાંથી ૮૮ ગર્ડરનું કાસ્ટિંગ પૂર્ણ કરવામાં આવ્યું છે. ૩૬ ગર્ડર સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યા છે. હાલમાં રિટેઈનિંગ વોલનું આશરે ૫૦ ટકા કાર્ય પૂર્ણ થયું છે.

જ્યારે કુલ ૨૬ પૈકી ૨ ડેક સ્લેબનું નિર્માણ પૂર્ણ કરવામાં આવ્યું છે. ઉપરાંત યુ-ટાઈપ રિટેઈનિંગ વોલ, પાઈલિંગ, બોક્સ કલ્વર્ટ વિસ્તરણ તેમજ અન્ય તમામ બાકી રહેલી માળખાકીય કામગીરી વિવિધ તબક્કામાં ઝડપી ગતિએ પ્રગતિ હેઠળ છે. મ્યુનિ. કોર્પોરેશન દ્વારા પ્રોજેક્ટની ગુણવત્તા, સલામતી અને સમયમર્યાદાનું કડક પાલન થાય તે માટે સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. પ્રોજેક્ટને નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરી નાગરિકોને આધુનિક અને સુવ્યવસ્થિત ટ્રાફિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સુવિધા ઉપલબ્ધ કરાવવા તંત્રના પ્રયાસ છે. આ કોન્ટ્રાકટ મે. ગાવર કન્સ. લીમીટેડ અને બેકબોન કન્સ. પ્રા.લી.ને જોઈન્ટ વેન્ચર તરીકે આપવામાં આવ્યું છે.

પ્રોજેકટ પૂરો કરવાની મુળ મર્યાદા ૩૦ મહિનાની આપવામાં આવી છે. કટારીયા ચોકડી ઉપર ફલાયઓવર અને નીચે અંડરબ્રીજ બનાવવાના કામથી આ ચોકડીએ અવરજવર કરતા બે લાખ વાહન ચાલકોને લાભ થશે તેવો રીપોર્ટ અગાઉ બનાવવામાં આવ્યો હતો. આ બ્રીજ શરૂ થાય એટલે કાલાવડ રોડની મોટી ટ્રાફિક સમસ્યા હળવી થવાની છે.

કાલાવડ રોડ પર કટારીયા ચોકડીએ ફલાય ઓવર અને અંડરપાસનું કામ હાલ સમયસર ચાલી રહ્યું છે. બ્રીજ માટે ફાઉન્ડેશન ભરવા સહિતની કામગીરી આગળ વધી છે. જે તસ્વીરમાં ચાલતુ કોંક્રીટ કામ, અંડરપાસનો બની રહેલો રસ્તો અને ટ્રાયેંગલ ફલાય ઓવરની ડિઝાઈન પણ જોવા મળે છે.કેકેવી ચોકના ફલાયઓવરની જેમ જ કટારીયા ચોકના ફલાયઓવર હેઠળ પણ ગેમઝોનનો પ્લાન મુળ પ્રોજેકટ સાથે રહેલો છે તે ઉલ્લેખનીય છે. કેકેવી ચોકમાં બ્રીજ ઉપર બ્રીજનો અત્યાર સુધીનો સૌથી મોટો ફલાયઓવર બ્રીજ પ્રોજેકટ બન્યો હતો.

# જૂન માસમાં સરકારને ૮૩ કરોડની સ્ટેમ્પ ડ્યુટીની આવક

## ૧૪,૦૦૦ થી વધુ મિલકતોનું વેચાણ : મોરબી રોડ ફરી હોટ ફેવરેટ ૧૭૮૮ દસ્તાવેજ

રાજકોટ, તા. ૭

રાજકોટ દિવસેને દિવસે વિકાસની હરણફાળ ભરી રહ્યું છે તેમાં પણ રીયલ એસ્ટેટની વાત કરવામાં આવે તો હાલ કોઈકવાર તેજી અથવા કોઈકવાર મંદી જોવા મળે છે.

ત્યારે જૂન મહિનામાં ૧૪,૦૦૦ થી વધુ મિલકતોનું વેચાણ થયેલું છે અને સરકારને સ્ટેમ્પ ડ્યુટી પેટે ૮૩ કરોડથી વધુની માતબર આવક પણ થયેલી છે. દર વખતની જેમ આ વખતે પણ મોરબી રોડ પર સૌથી વધુ મિલકતોનું વેચાણ થયું છે. રાજકોટ શહેર તેમજ જિલ્લામાં ગત જુન-૨૦૨૬માં ૧૪૦૪૧ મિલ્કતોનું વેચાણ થતાં તેના દસ્તાવેજોનું રજિસ્ટ્રેશન જિલ્લાની ૧૮ સબ રજિસ્ટ્રાર કચેરીમાં થવા પામેલ છે.

જેના પગલે તેની સ્ટેમ્પ ડ્યુટી અને ફીની રૂા.૮૩૩૯૯૬૧૧૦ની આવક રાજ્ય સરકારને થવા પામી છે. બીજી તરફ હાલ ઘણા ખરા પ્રોજેક્ટ ખાલી ખમ પડેલા છે જેનું કોઈ જ લેવલ થતું નથી. ત્યારે આવનારા દિવસોમાં હજુ પણ મિલકતોનું વેચાણ વધશે અને સરકારની આવકમાં વધારો નોંધાશે તેવું જાણકાર વર્તુળો કહી રહ્યા છે.

રિયલ એસ્ટેટ ક્ષેત્રે મિલ્કતોના ખરીદ-વેચાણમાં મોટા ભાગે સતત તેજીનો સંચાર જોવા મળી રહ્યો છે. જેમાં ગત જુન માસમાં શહેરના મોરબી રોડ વિસ્તારમાં સૌથી વધુ ૧૭૮૮ મિલ્કતોના સોદા પડ્યા છે જેના દસ્તાવેજોનું રજિસ્ટ્રેશન સબ રજિસ્ટ્રાર કચેરીમાં થતાં તેની ફી રૂા.૧૧૨૯૦૭૬૫ અને સ્ટેમ્પ ડ્યુટીની રૂા.૭૩૬૦૨૦૪૮ની આવક રાજ્ય સરકારને થવા પામી છે.

જ્યારે વીછિંયામાં સૌથી ઓછી ૮૫ મિલ્કતોનું વેચાણ થવા પામેલ છે. જેની ફીની રૂા.૨૫૪૪૮૧ અને સ્ટેમ્પ ડ્યુટીની રૂા.૧૩૫૫૯૪૦ મળી કુલ ૧૬૧૦૪૨૧ની આવક થવા પામી છે. જ્યારે રાજકોટના રૈયા વિસ્તારમાં ૧૦૨૯ મિલ્કતોનું વેચાણ થતાં તેના દસ્તાવેજના રજિસ્ટ્રેશન ફી અને સ્ટેમ્પ ડ્યુટી મળી કુલ રૂા.૮૯૧૫૮૯૬૬ની આવક સરકારને થવા પામી છે. આવી જ રીતે રાજકોટ-૧માં ૮૮૮, શહેરના રતનપર વિસ્તારમાં ૧૧૭૬, મવા વિસ્તારમાં ૮૯૪, મવડી વિસ્તારમાં ૧૨૮૯, કોઠારીયામાં ૮૫૪ અને રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં ૮૫૫ મિલ્કતોનું વેચાણ થવા પામેલ છે.જ્યારે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોની વાત કરીએ તો પડધરી તાલુકામાં ૨૩૭ મિલ્કતોનું વેચાણ થવા પામેલ છે. ગોંડલ તાલુકામાં ૧૨૬૯, જેતપુર તાલુકામાં ૬૯૮, ઉપલેટા તાલુકામાં ૪૮૦, ધોરાજીમાં ૩૫૮, જસદણ તાલુકામાં ૫૦૪, લોધીકામાં ૮૯૮ અને કોટડા સાંગાણી તાલુકામાં ૫૯૨ મિલ્કતોનું વેચાણ થવા પામેલ છે.

રાજકોટ શહેર જિલ્લામાં રિયલ એસ્ટેટ ક્ષેત્રે મોટાભાગે તેજીનો સંચાર જોવા મળે છે. જેમાં ગત માસ દરમિયાન જિલ્લામાં ૧૪૦૪૧ મિલ્કતોનું વેચાણ થતાં તેના દસ્તાવેજોનું રજિસ્ટ્રેશન જિલ્લાની ૧૮ સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં થતાં તેની ફીની રૂા.૧૧૭૫૧૮૭૬૭ અને સ્ટેમ્પ ડ્યુટીની રૂા.૭૧૬૪૭૭૩૪૩ મળી કુલ રૂા. ૮૩૩૯૯૬૧૧૦ની આવક રાજ્ય સરકારને થવા પામી છે. વચમાં બે થી ત્રણ મહિના ના સમયગાળામાં જે પ્રમાણે મિલકતનું વેચાણ થવું જોઈએ તે થયું નથી અને લોકોને ભારે હાલાકી અને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો પરંતુ સમય જતા સ્થિતિમાં સુધારો પણ આવ્યો હોવાનું જાણવા મળ્યું છે.

# ત્રણ આતંકીએ ૬૫ મુસાફર સાથે ફ્લાઈટ કરી હાઈજેક

## એરપોર્ટની સલામતી વ્યવસ્થા ચકાસવા મોકડ્રીલ : કમાન્ડોએ પ્લેન ઘેરી લીધું, નેગોશિએટરે વાર્તાલાપ જારી રાખ્યો, ચોમેર ઘેરાઈ જતાં આખરે આતંકીઓનું આત્મસમર્પણ

રાજકોટ, તા. ૨૦

એરઈન્ડિયાની ૬૫ મુસાફરો સાથેની એક ફ્લાઈટ હાઈજેક થઈ છે. રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટના કંટ્રોલ રૂમમાં ગઈકાલે સવારે સાડા અગિયાર કલાકે આ મેસેજ આવતા જ દોડધામ મચી. આતંકવાદીઓએ કેન્દ્રીય ગૃહમંત્રી સાથે વાત કરવાની જીદ કરી અને એક હવાઈ મુસાફરને ઇજા પણ પહોંચાડી. પરંતુ ભારત સરકારના પ્રતિનિધિએ મક્કમતાથી વાર્તાલાપ જારી રાખ્યો. બીજી તરફ કમાન્ડોએ પ્લેનની ઘેરાબંધી કરી ત્રણેય આતંકવાદીઓને આત્મસમર્પણ કરવા મજબૂર કર્યા. આખરે ત્રણેયને હિરાસતમાં લઈએ આગળની કાર્યવાહી માટે પોલીસને સોંપી દેવાયા.

રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર આજે સવારે તમામ સ્ટાફ કામગીરીમાં વ્યસ્ત હતો. આ સમયે સવારે સાડા અગિયાર કલાકે એ.ટી.સી.ને મેસેજ મળ્યો કે, એર ઈન્ડિયાની એક ફ્લાઈટ હાઈજેક થઈ છે. આ ફ્લાઈટમાં ૬૫ મુસાફરો છે. હાઈજેકર્સ આતંકવાદીઓ જેલોમાં બંધ પોતાના આતંકવાદી સાથીઓને છોડાવવાની માગ સાથે કેન્દ્રીય ગૃહમંત્રી સાથે વાત કરવા માગતા હતા.

આ મેસેજ એરોડ્રામ કમિટીના અધ્યક્ષ શહેર પોલીસ કમિશનરશ્રીને મળતા જ, અધિક પોલીસ કમિશનર શ્રી ચૈતન્ય માંડલિક તત્કાલ એરપોર્ટ પહોંચ્યા. બીજી તરફ ફાયર વ્હીકલ રન-વે પર રાખીને ફ્લાઈટનો માર્ગ રોકવામાં આવ્યો. આ તરફ સી.આઈ.એસ.એફ.ના ક્વીક રિસ્પોન્સ ટીમના કમાન્ડોએ મોરચો સાંભળીને ચુપકીદીથી ફ્લાઈટને ચારે તરફથી ઘેરી લીધી. દરમિયાન એમ્બ્યુલન્સ પણ તૈયાર રાખવામાં આવી.

હાઈજેકર્સ આતંકીઓ તરફથી માગ આવી કે, તેઓને કેન્દ્રીય ગૃહમંત્રી સાથે વાત કરાવવામાં આવે. જો તેઓની માગ પૂરી નહીં થાય તો તેઓ મુસાફરો સહિત ફ્લાઈટને બ્લાસ્ટ કરી દેશે. જો કે ભારત સરકારના પ્રતિનિધિ તરીકે અધિક પોલીસ કમિશનર શ્રી ચૈતન્ય માંડલીક હાઈજેકર્સ સાથે ચાલાકીથી સતત નેગોશિયેટ કરતા રહ્યા. દરમિયાન કમાન્ડોએ પ્લેનની સાવ નજીક જઈને ઘેરાબંધી વધુ સજ્જડ કરી દીધી. આતંકીઓએ જીદ પર આવીને એક મુસાફરને ઈજા પહોંચાડીને ફ્લાઈટની બહાર ધકેલી દીધો. જોકે તેને તાત્કાલિક રેસ્ક્યુ કરી લેવાયો.



એકતરફ કમાન્ડોની ઘેરાબંધી, બીજીતરફ મક્કમતાથી નેગોશિએશન કરીને આતંકવાદીઓને આત્મસમર્પણ સિવાય કોઈ વિકલ્પ જ ન અપાયો. આખરે આતંકીઓએ આત્મસમર્પણ કરી દીધું. કમાન્ડોએ ત્રણેય આતંકીને તાત્કાલિક પકડીને વધુ કાર્યવાહી માટે પોલીસને સોંપવામાં આવ્યા હતા. જોકે આખી કવાયત મોકડ્રીલ હોવાનું ખુલ્યું હતું. એરપોર્ટમાં આજે સલામતી વ્યવસ્થાની સમીક્ષા માટે એન્ટીહાઈજેકીંગ મોક એક્સરસાઈઝનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સમગ્ર કવાયત બાદ સમીક્ષા કરવામાં આવી હતી. જેમાં એરપોર્ટની સલામતી વ્યવસ્થા અને આવી ઈમરજન્સીની સ્થિતિમાં વધુ અસરકારક કામગીરી કઈ રીતે કરી શકાય અંગે મંથન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ એરોડ્રામ કમિટીની અર્ધવાર્ષિક બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં ડી.સી.પી. હેતલ પટેલ, એરપોર્ટ ડાયરેક્ટર દિગંત બોરાહ, એરપોર્ટના અન્ય અધિકારીઓ, સી.આઈ.એસ.એફ.ના જવાનો તેમજ કમિટીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# ચંદનની દુર્ગંધ..!

## પરપ્રાંતીય ચિત્ર- વિચિત્ર ક્રાઈમથી રાજકોટ પર બદનામીનું કલંક



રંગીલું અને શાંત ગણાતું રાજકોટ શહેર અત્યારે એક અજીબોગરીબ ગુનાખોરીના કારણે સ્તબ્ધ બન્યું છે. પરપ્રાંતીય તત્વો દ્વારા આચરવામાં આવતા ચિત્ર-વિચિત્ર ગુનાઓએ શહેરની શાંતિ હણી લીધી છે. રાજકોટની ઓળખ સમાન સંસ્કારિતા પર બદનામીનું મોટું કલંક લાગ્યું છે. તાજેતરમાં સામે આવેલો પચંદનપ નામનો કિસ્સો આ બાબતની જીવતી જાગતી સાબિતી છે. આ કિસ્સાએ સમગ્ર સૌરાષ્ટ્રમાં ભારે ચકચાર જગાવી છે.

ચંદન નામનો એક પરપ્રાંતીય ગે પુરુષ સ્ત્રીનું રૂપ ધારણ કરીને રાજકોટમાં રહેતો હતો. તેણે પોતાની અસલી ઓળખ છુપાવીને અહીં એક યુવક સાથે પ્રેમજાળ પાથરી લગ્ન પણ કરી લીધા હતા. લગ્નજીવનના થોડા સમય બાદ પતિને આ ભયાનક છેતરપિંડીની ખબર પડી ગઈ હતી. સત્ય સામે આવ્યા પછી પણ ચંદન તેનો પીછો છોડવા બિલકુલ તૈયાર ન હતો.

તે સતત બ્લેકમેઈલિંગ અને માનસિક હેરાનગતિ કરતો રહ્યો હતો. આ રોજ-રોજના ત્રાસ અને સામાજિક બદનામીના ડરથી કંટાળીને પતિએ તેની હત્યા કરી નાખી. આ ચિત્ર-વિચિત્ર કિસ્સાએ આખા રાજકોટને હચમચાવી મૂક્યું છે.ચંદનની ઘટનાની દુર્ગંધ આજે શહેરના ચારેબાજુ ફેલાઈ ગઈ છે.

આ કોઈ એકલદોકલ ઘટના નથી. શહેરમાં પરપ્રાંતીય ગુનેગારો બેફામ બન્યા છે. તાજેતરમાં જ શાપર ઔદ્યોગિક વિસ્તારમાં પોણા બે કરોડ રૂપિયાની મોટી લૂંટની ઘટના સામે આવી હતી. આ સશસ્ત્ર લૂંટે સીધો રાજકોટ પોલીસ તંત્રની સુરક્ષા વ્યવસ્થા સામે મોટો પડકાર ફેંક્યો હતો. જ્યારે આ કેસનો ભેદ ઉકેલાયો ત્યારે તેનો મુખ્ય સૂત્રધાર અને આરોપી પણ પરપ્રાંતીય જ નીકળ્યો છે. આ બાબત સાબિત કરે છે કે બહારથી આવતા લોકો હવે અહીં મોટા ગુનાખોરીના નેટવર્ક સક્રિય કરી રહ્યા છે.

આ સ્થાનેથી વારંવાર પરપ્રાંતીય ગુનેગારો અંગે તંત્રને સાવધાન કરવામાં આવી રહ્યું છે. તેમ છતાં સ્થાનિક વહીવટી તંત્ર આ બાબતને જોઈએ તેવી ગંભીરતાથી નોંધ લેતું નથી. જ્યારે કોઈ મોટી ઘટના બને છે, ત્યારે પોલીસ દોડતી થાય છે અને આરોપીઓને પકડી પાડે છે. પોલીસ પકડાયેલા આરોપીઓ સાથે પ્રેસ કોન્ફરન્સ યોજીને ફોટા પડાવી પોતાની વાહવાહી અને બહાદુરી ચોક્કસ દેખાડે છે. પરંતુ પરપ્રાંતીય અને વિધર્મી તત્વો દ્વારા સતત વધી રહેલા ગુનાઓ અટકાવવા સામે કોઈ નિર્ણાયક, કડક કે કાયમી અભિયાન છેડાતું નથી. કામચલાઉ તપાસ કરીને સંતોષ માની લેવાય છે.

બહારથી રોજીરોટી માટે આવતા શ્રમિકો કે અન્ય લોકોની સ્થાનિક પોલીસ મથકમાં ચોક્કસ નોંધણી થવી ખૂબ જ અનિવાર્ય છે. જો આ ભાડુઆત અને શ્રમિક વેરીફિકેશનની કામગીરી અંગે કડક પગલાં લેવામાં નહીં આવે તો રાજકોટની કાયદો અને વ્યવસ્થા વધુ જોખમમાં મુકાશે. રાજકોટ આવા ચિત્ર-વિચિત્ર ચંદનોની દુર્ગંધથી સતત બદનામી વહોરતું રહે તે કોઈ પણ સંજોગોમાં ચલાવી શકાય નહીં. હવે તંત્રએ કુંભકર્ણની નિદ્રામાંથી જાગીને ગુનેગારો સામે કડક કાનૂની એક્શન લેવા જરૂરી છે.

# ધીમા ચોમાસાની કોઈ અસર નહીં પડે

## સરકારે તેનો સામનો કરવા માટે તૈયાર કરી યોજના



રાજકોટ, તા. ૭

સરકાર ચોમાસાની ધીમી પ્રગતિ અંગે સતર્ક છે. ગઈકાલે, બુધવારે મળેલી કેબિનેટ બેઠકમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંત્રાલયોને જરૂરી પગલાં લેવા નિર્દેશ આપ્યો હતો. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, જૂનમાં ૧૨ વર્ષમાં સૌથી ઓછો વરસાદ પડ્યો હતો. જુલાઈમાં પણ સરેરાશથી ઓછો વરસાદ પડવાની ધારણા છે. અત્યાર સુધીમાં સરેરાશથી ૪૩ ટકા ઓછો વરસાદ નોંધાયો છે. પાકના સ્વાસ્થ્યનો પણ ભય છે. અલ નીનોએ ચોમાસાને અસર કરી છે, કેટલાક વિસ્તારોમાં ઓછો અને કેટલાકમાં વધુ વરસાદ પડવાની ધારણા છે. ગઈકાલે કેબિનેટ બેઠકમાં વડા પ્રધાન મોદીએ ચોમાસાની પરિસ્થિતિ અંગે ચર્ચા કરી હતી. દસ મંત્રાલયો અને વિભાગોને સતર્ક રહેવાનું કહેવામાં આવ્યું છે. કૃષિ, ખાદ્ય, ગ્રામીણ વિકાસ, પંચાયતી રાજ, ઉર્જા, જળશક્તિ, પશુપાલન, ડેરી, ગૃહ અને નાણાં મંત્રાલયોને તૈયારી કરવા સૂચના આપવામાં આવી છે.

આ મંત્રાલયોને પહેલાથી જ બધી તૈયારીઓ કરવા સૂચના આપવામાં આવી છે. કૃષિ પ્રધાને જણાવ્યું છે કે નબળા ચોમાસાને કારણે ૩૧૫ જિલ્લાઓ પડકારોનો સામનો કરી રહ્યા છે, ૧૧૧ જિલ્લાઓમાં સિંચાઈની ઉપલબ્ધતા ૨૫ ટકાથી ઓછી છે. ચોમાસાથી પ્રભાવિત જિલ્લાઓ ૧૨ રાજ્યોમાં ફેલાયેલા છે. આમાં મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, કર્ણાટક, બિહાર, ઝારખંડ, તેલંગાણા, આંધ્રપ્રદેશ, ઓડિશા અને તમિલનાડુનો સમાવેશ થાય છે. સરકાર ટઇૠ રામજી (ગ્રામીણ રોજગાર મિશન) માટે બજેટ વધારવાનું વિચારી રહી છે. વર્તમાન બજેટ ₹૯૫,૦૦૦ કરોડ છે, અને ૧ જુલાઈથી અમલમાં આવેલ આ કાયદો ₹૩૦૦ થી ₹૪૦૯ સુધીના વેતન દર પૂરા પાડે છે, જેમાં સિક્કિમની કેટલીક પંચાયતોમાં ₹૪૫૦ નો ખાસ દર છે. નબળા ચોમાસાની સ્થિતિમાં ગ્રામીણ વિસ્તારોમાં વધુ રોજગાર પૂરો પાડવાની યોજના બનાવવામાં આવી છે. જળાશયોમાં પાણીના સ્તર પર નજર રાખવામાં આવી રહી છે કારણ કે આનાથી વીજ ઉત્પાદન પર અસર પડી શકે છે. વૈકલ્પિક સ્ત્રોતોમાંથી વીજળી ઉત્પન્ન કરવાની તૈયારીઓ પણ ચાલી રહી છે. સરકાર ચોમાસાની ધીમી ગતિ અંગે ચિંતિત છે. પ્રધાનમંત્રી મોદીએ મંત્રીમંડળની બેઠકમાં મંત્રાલયોને જરૂરી પગલાં લેવા નિર્દેશ આપ્યો. અલ નીનોને કારણે, આ વર્ષે જૂનમાં ઓછો વરસાદ પડ્યો હતો. સરકારે કૃષિ, ખાદ્ય અને ગ્રામીણ વિકાસ મંત્રાલયોને તૈયાર રહેવા જણાવ્યું છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, એક મહત્વપૂર્ણ પહેલ એ છે કે લોકો-કેન્દ્રિત યોજનાઓ કેવી રીતે અમલમાં મૂકવી અને તેમને ઝડપી બનાવવા માટે તેનો અમલ કેવી રીતે કરી શકાય તે નક્કી કરવું. આ વિષય પરના નિષ્ણાતોના મંતવ્યો અને અનુભવો તેમની સાથે સંકળાયેલા શાસન અને સામાજિક પરિવર્તનના આયોજન માટે પણ મહત્વપૂર્ણ છે, અને તે સરકારના કાર્યમાં માર્ગદર્શક બળ તરીકે સેવા આપે છે. મુખ્યમંત્રીએ કહ્યું કે આવા વિચારમંથન સત્રો રાજ્યમાં સુશાસનને મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે અને શાસન અને વહીવટને મજબૂત બનાવવા તરફ એક મહત્વપૂર્ણ પહેલ છે.

# પાણીની તંગીથી પીડાતું પાકિસ્તાન

## પાક.નું અર્થતંત્ર પણ નદીઓના પાણી આધારિત



નવીદિલ્હી, તા. ૨

ભારત દ્વારા પાણી રોકવાના નિર્ણયથી પાકિસ્તાન ખૂબ જ પરેશાન છે. પહેલી વાર, સિંધુ જળ આયોગના કમિશનર મેહર અલી શાહે પાકિસ્તાનને આપવામાં આવતા પાણીના ઘટાડા અંગેનો ડેટા જાહેર કર્યો છે. મેહર અલીના જણાવ્યા અનુસાર, આ વર્ષે મે મહિનામાં આશરે ૧૬,૦૦૦ ક્યુસેક પાણી ઓછું છોડવામાં આવ્યું હતું. આ ફક્ત ચિનાબ નદી માટે છે. પાકિસ્તાન હજુ પણ સિંધુ અને અન્ય નદીઓ પર ડેટા એકત્રિત કરી રહ્યું છે. મેહર અલી કહે છે કે ભારત દ્વારા પાણી રોકવાથી પાકિસ્તાનના ૨૪૦ મિલિયન લોકો મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે. મેહર અલી શાહે કહ્યું, નસ્ત્રમે ૨૦૨૫ થી પાણીના પ્રવાહમાં ઘટાડો જોવા મળ્યો છે. અમે શરૂઆતમાં વિચાર્યું હતું કે તેમાં સુધારો થશે, પરંતુ હવે ઉપલબ્ધ ડેટા ખૂબ જ આઘાતજનક છે.સ્ત્રસ્ત્ર એપ્રિલ ૨૦૨૫ માં પહેલગામ હુમલા પછી ભારતે પાકિસ્તાન જળ સંધિને સ્થગિત કરી દીધી હતી. સિંધુ જળ આયોગના કમિશનર કહે છે કે ભારતે ચિનાબ નદીનું પાણી બિયાસ તરફ વાળ્યું હતું, જેના કારણે પ્રવાહ ઓછો થયો છે. આ કારણે, પાકિસ્તાનના મરાલા ખાતે ચિનાબ નદીનો પ્રવાહ મે ૨૦૨૫ માં વરસાદ વિના પણ ૭૮,૨૭૬ ક્યુસેકથી ઘટીને ૧,૫૨૭ ક્યુસેક થયો.

તેવી જ રીતે, ડિસેમ્બરમાં તે વધુ ઘટીને ૮૭૦ ક્યુસેક થયો. પાણી રોકવાના નિર્ણયની અસર આ વર્ષે પણ અનુભવાઈ. મે ૨૦૨૬ માં, આ જ ઘટના દરમિયાન, મરાલા નજીક પ્રવાહ ૨૧,૮૮૭ થી ઘટીને ૫,૬૮૯ ક્યુસેક થયો. જો આ ઘટાડાને આંકડાકીય રીતે ધ્યાનમાં લેવામાં આવે તો, પાકિસ્તાનને ચિનાબમાંથી આશરે ૧૬,૦૦૦ ક્યુસેક ઓછું પાણી મળ્યું. પાણી રોકવાના ભારતના નિર્ણય પહેલાં, પાકિસ્તાનને સરેરાશ ૪૬,૦૦૦ થી ૪૮,૦૦૦ ક્યુસેક મળતું હતું. મેહર અલી શાહ કહે છે કે ભારત સિંધુ, ચિનાબ અને અન્ય પશ્ચિમી નદીઓના પાણીને વાળવાનો પ્રયાસ કરી રહ્યું છે. આ પ્રાપ્ત કરવા માટે ડેમ અને અન્ય બાંધકામો હાથ ધરવામાં આવી રહ્યા છે. જો આ પ્રયાસ સફળ થશે, તો ભવિષ્યમાં પાકિસ્તાનને એક ટીપું પણ પાણી મળશે નહીં. આ પાણી પાકિસ્તાનની ૨૪૦ મિલિયન વસ્તી માટે મહત્વપૂર્ણ છે.વધુમાં, પાકિસ્તાનનું અર્થતંત્ર પણ આ નદીઓના પાણી પર આધાર રાખે છે. નદીનું પાણી કૃષિને બળતણ આપે છે, જે પાકિસ્તાનના અર્થતંત્રના એક ચતુર્થાંશ ભાગમાં ફાળો આપે છે. જો પાણીનું સંકટ વધુ ઊંડું થાય છે, તો અર્થતંત્રને મોટો ફટકો પડી શકે છે. પાકિસ્તાનના નાયબ વડા પ્રધાન ઇશાક ડારે ભારત પર પાણીનો ઉપયોગ હથિયાર તરીકે કરવાનો આરોપ લગાવ્યો હતો. શાસક ગઠબંધનના નેતા બિલાવલ ભુટ્ટોએ તેને હોર્મુઝ સ્ટ્રેટ વિવાદ સાથે જોડ્યો હતો. પાકિસ્તાનનો દાવો છે કે, પાણી રોકવા ઉપરાંત, ભારત પાકિસ્તાનને અન્ય ચાર રીતે હેરાન કરી રહ્યું છે. ઉદાહરણ તરીકે, વાવણીની મોસમ દરમિયાન અને જ્યારે પાકિસ્તાનમાં પાણીની સૌથી વધુ જરૂર હોય છે, ત્યારે ભારત પાણી રોકી રાખે છે. જો કે, જ્યારે પાક તૈયાર હોય છે, ત્યારે અચાનક પાણી છોડી દેવામાં આવે છે, જેનાથી પૂરનું જોખમ સર્જાય છે.

# સંરક્ષણ ખરીદી પર DACની બેઠક

## ૧ લાખ કરોડ રૂપિયાના પ્રસ્તાવ પર ચર્ચા થશે



નવીદિલ્હી, તા ૨

સંરક્ષણ મંત્રાલય તેના ત્રણેય સશસ્ત્ર દળોને મજબૂત બનાવવા માટે સતત પ્રયાસ કરી રહ્યું છે. સંરક્ષણ ખરીદી અંગે મંત્રાલયમાં સર્વોચ્ચ નિર્ણય લેતી સંસ્થા, સંરક્ષણ સંપાદન પરિષદ (ઉઅઈ) આવતીકાલે, શુક્રવાર (૩ જુલાઈ) એક મહત્વપૂર્ણ બેઠક યોજાવાની છે. બેઠકમાં ₹૧ લાખ કરોડથી વધુના પ્રસ્તાવો પર વિચારણા થવાની ધારણા છે. સંરક્ષણ મંત્રાલયના સૂત્રોના જણાવ્યા અનુસાર, આ તાજેતરના સમયમાં ઉઅઈ ની સૌથી મહત્વપૂર્ણ બેઠકોમાંની એક હોઈ શકે છે. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહની અધ્યક્ષતામાં આ ઉઅઈ ની બેઠકમાં અનેક ખૂબ ખર્ચાળ ખરીદી દરખાસ્તોને સ્વીકૃતિની આવશ્યકતા (અજ્ઞગ) આપવા પર વિચારણા થવાની ધારણા છે. આ દરખાસ્તોનો હેતુ સશસ્ત્ર દળોની કાર્યકારી ક્ષમતાઓને નોંધપાત્ર રીતે મજબૂત બનાવવાનો છે. એવું માનવામાં આવે છે કે જો મંજૂરી આપવામાં આવે તો, આ દરખાસ્તો ભારતના લશ્કરી આધુનિકીકરણ કાર્યક્રમ અને સંરક્ષણ ઉત્પાદનમાં આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવાના સરકારના પ્રયાસોમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ બનશે.

આ દરખાસ્તોનો નોંધપાત્ર ભાગ ભારતીય સેના સાથે સંબંધિત છે, જે દેશની સરહદો પર બદલાતા સુરક્ષા પડકારો વચ્ચે સતત આધુનિકીકરણ કરી રહી છે. બેઠકમાં મુખ્ય દરખાસ્તો પર વિચારણા થવાની અપેક્ષા છે જેમાં ઊં-૯ વજ સ્વ-સંચાલિત આર્ટિલરી ગનનો સમાવેશ થાય છે. ૧૫૫ મીમી ટ્રેક્ડ હોવિત્ઝરને પહેલાથી જ સેનામાં સામેલ કરવામાં આવ્યું છે અને તેણે ઊંચા પર્વતીય ભૂપ્રદેશ અને રણ વિસ્તારોમાં તેની કાર્યકારી ઉપયોગીતા સાબિત કરી છે.

ઉઅઈ નસ્ત્રકેમિકેઝસ્ત્રસ્ત્ર (લોઇટરિંગ) દારૂગોળા માટેના પ્રસ્તાવો પર પણ વિચાર કરી શકે છે. આ શસ્ત્રો તેમની ચોકસાઇ લક્ષ્યીકરણ ક્ષમતાઓને કારણે આધુનિક યુદ્ધમાં મહત્વપૂર્ણ બની ગયા છે. સૂત્રો સૂચવે છે કે અન્ય દરખાસ્તોમાં નસ્ત્રવર્બાસ્ત્રસ્ત્ર મેન-પોર્ટેબલ એર ડિફેન્સ સિસ્ટમ (ખઅગડઅઉજ), વધારાની એર ડિફેન્સ ગન અને ટેન્ક અને બખ્તરબંધ લડાઈ વાહનો માટે નસ્ત્રએક્ટિવ પ્રોટેક્શન સિસ્ટમ્સસ્ત્રસ્ત્ર (અઙ્જ)નો સમાવેશ થાય છે. અઙ્જ ખાસ કરીને સશસ્ત્ર વાહનોને ટેન્ક વિરોધી માર્ગદર્શિત મિસાઇલ અને રોકેટ હુમલાઓથી બચાવવા માટે રચાયેલ છે.

સેના ઉપરાંત, ભારતીય નૌકાદળ, જે પોતાને નસ્ત્રબ્લુ-વોટર નેવીસ્ત્રસ્ત્ર બનવા માટે પણ અપગ્રેડ કરી રહ્યું છે, તેની પાસે આગામી પેઢીના હેવીવેઇટ ટોર્પિડો, માનવરહિત સપાટી જહાજો (ગજટત) અને સ્વાયત્ત પાણીની અંદરના વાહનો માટે પ્રસ્તાવો છે. આનો હેતુ દરિયાઈ દેખરેખ ક્ષમતાઓને વધારવા, સબમરીન વિરોધી કામગીરીને મજબૂત બનાવવા અને ખાણ પ્રતિ-માપન ક્ષમતાઓને મજબૂત બનાવવાનો છે.

પાણીની અંદર શોધ અને દેખરેખ ક્ષમતાઓને સુધારવા માટે અદ્યતન ઇલેક્ટ્રોનિક યુદ્ધ સ્યુટ અને સોનાર સિસ્ટમ્સ પર પણ વિચારણા થવાની અપેક્ષા છે. નૌકાદળની સાથે, ભારતીય વાયુસેનાના પ્રસ્તાવોમાં લાંબા અંતરની સ્ટેન્ડ-ઓફ પ્રિસિઝન મિસાઇલો, હવાથી હવામાં રિફ્યુઅલિંગ એરક્રાફ્ટ અને અદ્યતન હવાઈ સંરક્ષણ રડાર સિસ્ટમનો સમાવેશ થાય છે. આનો હેતુ ઓપરેશનલ રેન્જ અને હવાઈ સંરક્ષણ ક્ષમતાઓને વધારવાનો છે.

# શબ્દ બ્રહ્મ

## સદગુરૂ કૃપા હી કેવલમ્...

# ચિંતનની ક્ષણે

## ત્રીજા પ્રશ્ન ઉપનિષદનો પ્રશ્ન પંચ પ્રાણના સ્વરૂપ ને કંઈ રીતે સમજાવે છે?



હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. હાલનાં સમયમાં સુખ સુવિધાનાં સાધનોની રોજ શોધ થાય છે, અને તેથી એક વસ્તુ ઘરમાં આવે તો તરત જ બીજાની ઈચ્છા થાય ! અને એટલે જ વાસ્તવિકતા ગમે તે હોય પણ માનવીની કલ્પનામાં પણ સુખ અને ભોગ જ હોય છે. પરંતુ સાચું ધન સંતોષ છે! એ જ્યાં સુધી સમજાય નહીં, ત્યાં સુધી આ દોડાદોડી યથાવત રહેશે! માટે જ સમય છે ત્યાં ઈશ્વર વિશે જરાં ખોજ કરી લઈએ! મૃત્યુ પછી સ્વર્ગ મળશે જ, એટલે કે શ્રીધામ જ્યાં નિરંતર ઈશ્વરનો વાસ છે, અને પછી તો એની સાથે જ રહેવાનું છે, એવું વિચાર્યા વગર આ સમયને જ સ્વર્ગ એટલે કે શ્રેષ્ઠ બનાવીએ, અને હરિને ત્યાં જ રહેવું પડે એવું જીવીએ! સામાન્ય જીવનમાં પણ ઘણાં પ્રશ્નો હોય છે, પરંતુ આધ્યાત્મિક જીવન એટલે જે પરમ તત્વ અધ્યાર છે એની વિશે જોવું, જાણવું, અને માણવું સાધનાની એ સફરને આધ્યાત્મિક સફર કહેવાય છે, અને અહીં જીજ્ઞાસા એટલે એવાં પ્રશ્નોની ઝડી કે જે તત્વતઃ બ્રહ્મનાં સ્વરૂપ અને કાર્ય વિશેની સહજ સમજ, જે માત્રને માત્ર એક ગુરુ પોતાના શિષ્યને આપી શકે છે, અને શિષ્ય પરમ તત્વ વિશેની સરળ સહજ સમજથી સત્ય રુપી બ્રહ્મની નિષ્ઠામાં જીવન વ્યતીત કરવાનો સંકલ્પ કરે છે. તો આજે શુક્રવાર અને એટલે ત્રીજા ઉપનિષદીય સૂત્રોને સદગુરુ કૃપાથી સરળ બનાવવાં ચિંતન કરીશું.

ત્રીજા ઉપનિષદનો ત્રીજો પ્રશ્ન ઋષિ કૌશલ્ય આશ્વલાયન દ્વારા ગુરુ પિપ્પલાદ ઋષિને પૂછવામાં આવે છે. આ પ્રશ્નનો મુખ્ય વિષય પ્રાણનું સ્વરૂપ, તેનો ઉદ્ભવ, શરીરમાં પ્રવેશ, પાંચ વિભાગો અને તેની કાર્યપદ્ધતિ છે.

**અથ હૈનં કૌશલ્યશ્ચાશ્વલાયનઃ પપ્રચ્છમ
ભગવન્! કુત એષઃ પ્રાણો જાયતે? કથમાયાત્યસ્મિન્શરીરે?
આત્માનં વા પ્રવિભજ્ય કથં પ્રતિષ્ઠતે?
કેન ઉત્ક્રામતિ? કથં બાહ્યમભિધત્તે? કથમધ્યાત્મમિતિ?

હે ભગવન! આ પ્રાણ ક્યાંથી ઉત્પન્ન થાય છે? તે શરીરમાં કેવી રીતે આવે છે? પોતાને વિવિધ ભાગોમાં વહેંચીને શરીરમાં કેવી રીતે સ્થિર રહે છે? શરીરમાંથી કેવી રીતે નીકળે છે? બહારના જગતનું સંચાલન કેવી રીતે કરે છે અને શરીરની અંદર કેવી રીતે કાર્ય કરે છે? પ્રાણ એટલે માત્ર શ્વાસ વિશે નથી. તે જીવનશક્તિનું મૂળ શું છે, જીવ અને આત્માનો સંબંધ શું છે, અને સમગ્ર જીવનને ચલાવતી દિવ્ય શક્તિ કેવી રીતે કાર્ય કરે છે.

**આત્મન એષઃ પ્રાણો જાયતેમ
યથૈષા પુરુષે છાયા એતસ્મિન્નેતદાતતંમ મનોકૃતેનાયાત્યસ્મિન્શરીરેય

પ્રાણ આત્મામાંથી ઉત્પન્ન થાય છે. જેમ મનુષ્યની છાયા મનુષ્ય સાથે રહે છે, તેમ પ્રાણ આત્મા સાથે જોડાયેલો છે. મનના સંસ્કારો અનુસાર તે શરીરમાં પ્રવેશ કરે છે.

પ્રાણનું મૂળ આત્મા છે; તે સ્વતંત્ર નથી. મનની વૃત્તિઓ અને કર્મોના આધારે જીવને યોગ્ય શરીર મળે છે. તેથી મનને શુદ્ધ કરવું આધ્યાત્મિક માર્ગમાં અત્યંત મહત્વનું છે.

**યથા સમ્રાડેવાધિકૃતાન્ વિનિયુંક્તે,
એતાન્ ગ્રામાનેતાન્ ગ્રામાનધિતિષ્ઠસ્વ ઈતિ; એવમેવૈષ પ્રાણ ઈતરાન્,
પ્રાણાન્ પૃથક પૃથગેવ સન્નિધત્તેમ

જેમ રાજા પોતાનાં અધિકારીઓને જુદા જુદા પ્રદેશોમાં કાર્ય સોંપે છે, તેમ મુખ્ય પ્રાણ બીજા પ્રાણોને જુદા જુદા કાર્યો માટે નિયુક્ત કરે છે.

આપણા શરીરમાં એક જ જીવનશક્તિ વિવિધ રૂપે કાર્ય કરે છે. બધાં કાર્યો પાછળ એક જ ચેતન શક્તિ કાર્યરત છે.

*સ્ત્રસ્ત્રપાયૂપસ્થયોરપાનઃમ
ચક્ષુઃશ્રોત્રે મુખનાસિકાભ્યાં પ્રાણઃમ
મધ્યે તુ સમાનઃમ

અપાન નીચેનાં ભાગોમાં કાર્ય કરે છે, પ્રાણ આંખ, કાન, નાક અને મુખમાં કાર્ય કરે છે અને સમાન નાભિ પ્રદેશમાં પાચનનું કાર્ય કરે છે.

શરીરની દરેક ક્રિયા પાછળ દિવ્ય વ્યવસ્થા કાર્ય કરે છે. યોગમાં પ્રાણનાં આ વિભાગોને સમજીને મન અને ચેતનાને સ્થિર કરવામાં આવે છે.

*સ્ત્રસ્ત્રહૃદિ હ્યેષ આત્મામ
અત્રૈતદેકશતં નાડીનામ્મ
તસાં શતમેૈકૈકસ્યા દ્વાસપ્તતિઃ સહસ્ત્રાણિ ભવન્તિમ
આસુ વ્યાનશ્ચરતિય

આત્માનું મુખ્ય સ્થાન હૃદય છે. ત્યાંથી ૧૦૧ મુખ્ય નાડીઓ નીકળે છે, તેમની અનેક શાખાઓમાં વ્યાન પ્રાણ સંચાર કરે છે.

હૃદય માત્ર શારીરિક અંગ નથી; તે ચેતનાનું કેન્દ્ર માનવામાં આવ્યું છે. સમગ્ર શરીરમાં ચેતનાશક્તિનું વિતરણ વ્યાન દ્વારા થાય છે.

**શંકરાચાર્ય કહે છે કે પ્રાણ આત્મા નથી; પ્રાણ આત્માની શક્તિ છે. મંત્રમાં કહેવામાં આવ્યું છેઃ

નસ્ત્રઆત્મન એષઃ પ્રાણો જાયતેમસ્ત્રસ્ત્ર તેનો અર્થ એ નથી કે આત્મામાં કોઈ ફેરફાર થઈને પ્રાણ બને છે. આત્મા તો સદા અપરિવર્તિત છે. પ્રાણ આત્માની ઉપસ્થિતિથી પ્રગટ થતી જીવનશક્તિ છે.જેમ રાત કે દિવસ થાય પણ સૂર્ય પોતે બદલાતો નથી, છતાં તેનાં પ્રકાશથી સમગ્ર જગત પ્રકાશિત થાય છે; તેમ આત્મા બદલાતો નથી, પરંતુ તેની ઉપસ્થિતિથી પ્રાણ અને શરીરની તમામ ક્રિયાઓ શક્ય બને છે.

** સ્વામી ચિન્મયાનંદ પ્રાણને માત્ર શ્વાસ તરીકે સમજવાનું અધૂરું માને છે. તેમના મત પ્રમાણે પ્રાણ એ સમગ્ર જીવનને ગતિ આપતી ચેતનાશક્તિ છે. પાવર હાઉસ એક જ હોય છે, પરંતુ એ જ વીજળીથી બધાં ઉપકરણ કાર્ય કરે છે, શક્તિ એક જ છે. તેવી જ રીતે પાંચ પ્રાણો કાર્યમાં જુદા છે, પરંતુ જીવનશક્તિ એક જ છે.

**સ્વામી રંગનાથાન માનવજીવનને વૈજ્ઞાનિક અને આધ્યાત્મિક બંને દૃષ્ટિએ સમજાવે છે. શરીરમાં અનેક પ્રક્રિયાઓ ચાલે છે, પરંતુ તેમની પાછળ એક સંકલિત જીવનવ્યવસ્થા છે.

એક મોટી કંપનીમાં ઉત્પાદન, હિસાબ, વેચાણ અને વ્યવસ્થાપન જેવા વિભાગો અલગ હોય છે, છતાં બધું એક કેન્દ્રિય નેતૃત્વ હેઠળ ચાલે છે. તેવી જ રીતે પ્રાણ, અપાન, સમાન, વ્યાન અને ઉદાન અલગ કાર્ય કરે છે, પરંતુ એક જ મુખ્ય પ્રાણના આધારે.

**સ્વામી શિવાનંદજી નાં મતે જે વ્યક્તિ પ્રાણને સમજે છે, અને તેને યોગ દ્વારા સંતુલિત કરે છે, તેનું મન પણ સ્થિર થવા લાગે છે. પ્રાણ અને મન એકબીજા સાથે ગાઢ રીતે જોડાયેલા છે.

જ્યારે ગુસ્સો આવે ત્યારે શ્વાસ ઝડપી થઈ જાય છે; જ્યારે મન શાંત હોય ત્યારે શ્વાસ પણ ધીમો અને સમતોલ બને છે. તેથી પ્રાણાયામ દ્વારા મન પર પણ અસર થાય છે.

ટૂંકમાં સાર જોઈએ તો આત્મા મૂળ સત્ય છે.

પ્રાણ આત્માની જીવનપ્રેરક શક્તિ છે.

પાંચ પ્રાણો જીવનના વિવિધ કાર્યોનું સંચાલન કરે છે.મન અને પ્રાણ એકબીજા સાથે સંકળાયેલા છે; એકને શાંત કરવાથી બીજું પણ સ્થિર થાય છે. પ્રાણની સાચી સમજ અંતે આત્મજ્ઞાન તરફ દોરી જાય છે.

સદગુરુ કૃપા હજી પણ સુક્ષ્મ સ્તરે જાય છે! પાંચ પ્રકારનાં પ્રાણની વાત એ ફક્ત માહિતી બની રહેશે પરંતુ જો એ પંચમહાભૂત સાથે સાંકળીએ તો એ સરળતાથી સમજાય છે! જળ જડ છે, પણ માનવીને જીવવા માટે એની જરૂર છે, એટલે એક પ્રાણ એ, એ જ રીતે વાયુ, અગ્નિ આકાશ, પૃથ્વી, તત્વ તરીકે એક એક પ્રાણ તત્વ શરીરમાં પ્રવૃત થઈને જીવન શક્તિ નું નિર્માણ કરે છે! અને આમ આત્મા એટલે પરમ પૂરુષ અને પ્રાકૃતિક તત્વ સ્વરૂપે ની શક્તિ એમ એનું નિરુપણ કરીએ ત્યારે આત્મ શક્તિ કે આત્મ બળ એવંમ પ્રાણશક્તિ રુપે જીવન શક્તિ પ્રાપ્ત થાય છે, અને આપણે શ્વાસ લઈ શકીએ છીએ, અન્ન પચાવી શકીએ છીએ, હલનચલન કરી શકીએ છીએ, આંખ જોઈ શકે છે, કાન સાંભળી શકે છે, નાક સુંઘી શકે છે અને હાથ આપ લે કરી શકે છે, પરંતુ પ્રકૃતિ પણ પરમ તત્વ નું સર્જન હોયને પ્રાણનું મૂળ આત્મા છે.આપણે સૌ આ રીતે પંચમહાભૂતના પાંચેય પ્રાણનાં મૂળ સ્વભાવને, એટલે જળ એટલે પારદર્શકતા, પૃથ્વી અચલતા, આકાશ વ્યાપકતા, અગ્નિ તેજ, અને વાયુ નિર્ભાર એવું સમજી અને એ મુજબ જીવીએ તો જીવનશક્તિને વધુ વેગ મળે! જીવનને વધુ નિખાર મળે, વધુ પ્રસન્નતા રહે! તો આ રીતે આપણે સૌ જીવી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવાં ચિંતન મનન સાથે, તો સૌને મારાં આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

## રાજકોટ-મોરબી હાઇવે પરના રતનપરમાં જલારામ સોસાયટીની ઘટના

# મંદિરમાં પગ મુકે તો ટાંટીયા ભાંગી નાંખવાની દંપતિને ધમકી!

### હનુમાનજી મંદિરના સંચાલક અને તેના દિકરા સહિત ચાર સામે કુવાડવા રોડ પોલીસે એટ્રોસીટી-ધમકીનો ગુનો નોંધ્યોઃ દંપતિને મંદિરમાં જવાની મનાઇ હતીઃ સરપંચના કહેવાથી ત્યાં જતાં અપમાનીત કરાયા

રાજકોટ, તા.૨

રાજકોટ-મોરબી હાઈવે પર આવેલા રાજકોટ તાલુકાના રતનપર ગામના પાટીયા પાસે આવેલી જલારામ સોસાયટીમાં હનુમાનજીના મંદિરે જવા બાબતે એક પરિવારના લોકોને મંદિરના સંચાલક સહિતે જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરી જેમ ફાવે તેમ બોલી તું કે તારી બાયડી મંદિરમાં પગ મુકશો તો ટાંટીયા ભાંગી નાંખશુ તેવી ધમકી આપતાં ચકચાર મચી ગઈ છે. ગામના સરપંચે પણ મંદિરમાં જવાનો હક્ક બચાને હોય છે તેવુ કહ્યું હોવા છતાં મંદિરના સંચાલક સહિતનાએ માથાકુટ કરી હતી.ઘટનાની વિગતો જોઈએ તો આ બનાવમાં કુવાડવા રોડ પોલીસે રતનપર જલરામ સોસાયટીમાં રહેતાં મુળ જામજોધપુર કલ્યાણપુરના પંચાવન વર્ષના રાજેશભાઇ હમીરભાઇ જાદવની ફરિયાદ પરથી તેની જ સોસાયટીમાં રહેતાં રાજુભાઇ રામાવત, મયુર રાજુભાઇ રામાવત, હેતલબેન ચંદ્રેશભાઇ ભલસોડ અને ચંદ્રેશભાઇ ભલસોડ વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો. રાજેશભાઇ જાદવે ફરિયાદમાં જણાવ્યું છે કે હું મારા પરિવાર સાથે રહુ છું. મારો એક દિકરો છોટાઉદેપુર કોર્ટમાં નોકરી કરે છે. અમારી સોસાયટીમાં હનુમાનજીનું મંદિર આવેલુ છે, જેનું સંચાલન બાજમુાં રહેતાં રાજુભાઇ રામાવત કરે છે. તેઓ મને કે મારા પરિવારજનોને આ મંદિરમાં જવા દેતાં ન હોઇ અમે કદી પણ આ મંદિરમાં જતાં નહોતાં.



પરંતુ બાદમાં ગામના સરપંચ લાલભા અમારી સોસાયટીમાં આવ્યા ત્યારે મેં અને મારા પત્નિ સપનાબેને સરપંચને આ બાબતે રજૂઆત કરી હતી. ત્યારે સરપંચે મંદિરમાં જવાનો અધિકાર બધાનો છે, કોઈ રોકી ન શકે, તમે મંદિરે જજો. તેમ કહ્યું હતું. બાદમાં સરપંચની ખાતરી બાદ એ જ દિવસે રાતે નવેક વાગ્યે સપનાબેન મંદિર પાસે આવેલા ચબૂતરે સોસાયટીની અન્ય મહિલાઓ સાથે બેસવા ગયા હતા. આ વાતનો ખાર રાખીને બીજા દિવસે એટલે કે ત્રેવીસ જુનના રોજ સવારે સાતેક વાગ્યે પડોશી રાજુભાઈ રામાવત, તેમનો દીકરો મયુર રામાવત તથા હેતલબેન ચંદ્રેશભાઈ ભલસોડ અને તેમના પતિ ચંદ્રેશભાઈ ભલસોડે રાજેશભાઈના ઘર પાસે આવી સપનાબેન સાથે ઉગ્ર ઝઘડો કરી ગાળાગાળી શરૂ કરી દીધી હતી.

દેકારો સાંભળીને રાજેશભાઈ અને તેમનો દીકરો જય ઘરની બહાર દોડી આવ્યા હતા અને આ શખ્સોને શાંત પાડવાનો પ્રયાસ કર્યો હતો. પણ આરોપીઓ વધુ ઉશ્કેરાઈ ગયા હતા અને આખા પરિવારને જાહેરમાં બેફામ ગાળો ભાંડી જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કર્યા હતા. આરોપીઓએ જાહેરમાં આક્રોશ ઠાલવતા કહ્યું હતું કે તમને મંદિરમાં જવાનો અધિકાર નથી. આ પછી રાજુભાઈએ રાજેશભાઈનો કોલર પકડીને ધમકી આપી હતી કે-હવે તારી બાયડીને સમજાવી દેજે કે મંદિરના પગથિયાં ન ચડે કે આજુબાજુ ડોકાય નહીં, નહીંતર તારા આખા ઘરના ટાંટિયા ભાંગી નાખી જાનથી મારી નાખીશ.

આ ગંભીર અને અપમાનજનક બનાવ બાદ ભોગ બનનાર પરિવાર ભારે ડરી ગયો હતો, જેના કારણે તેઓ તાત્કાલિક પોલીસ મથકે ફરિયાદ કરવા જઈ શક્યા નહોતા. બાદમાં દલિત સમાજના આગેવાનોએ પરિવારને સાંત્વના આપી હિંમત બંધાવતા આખરે રાજેશભાઈએ કુવાડવા રોડ પોલીસમાં જાણ કરતાં પીઆઇ એ. એન. જાનીની રાહબરીમાં પીએસઆઇ એમ. આર. મકવાણાએ એફઆઈઆર દાખલ કરી તપાસ હાથ ધરી હતી.

---

#### જેના પર કંપનીએ ભરોસો મુકી લાખોની રકમ સોંપી એ દગાખોર નીકળ્યો

# કસ્ટોડીયન કાર્તિકની કારીગીરી પાંચ લાખ કટકટાવી લીધા!

### એટીએમમાં લોડ કરવાની રોકડમાંથી રકમ બઠ્ઠાવી લીધીઃ ભાંડો ફુટતાં ફોન બંધ કરી દીધોઃ પછી અમુક રકમ ભરપાઇ કરી, બાકીની ન ચુકવતાં ગાંધીગ્રામ પોલીસમાં દાખલ થઇ એફઆઇઆર

રાજકોટ, તા.૨

અનેક એવા કર્મચારીઓ હોય છે જેઓ જે તે કંપનીમાં મસમોટો પગાર મેળવતા હોય છે છતાં વધુ પૈસાની લાલચમાં કે પછી કોઇ મજબુરીને કારણે ખોટો રસ્તો અપનાવી કંપનીને જ ચૂનો લગાવવાનું કામ કરી બેસતાં હોય છે. આવી જ વધુ એક ઘટના રાજકોટમાં સામે આવી છે. એરપોર્ટ ફાટક પાસે આવેલી કંપનીમાં કસ્ટોડીયન તરીકે નોકરી કરતાં મુળ કોડીનારનાક અને હાલ જામનગર રહેતાં કાર્તિક નામના શખ્સે એટીએમમાં લોડ કરવા માટે કંપની તરફથી તેને અપાયેલી રકમમાંથી પાંચ લાખ કટકટાવી લેતાં તેનો ભાંડો ફુટ્યો હતો. કંપની તરફથી આકરી કાર્યવાહીની તૈયારી થતાં તેણે અમુક રકમ જમા કરાવી હતી પણ બીજી રકમ ન ચુકવતાં ફોજદારી દાખલ કરાવાઇ હતી. વિગતો પર નજર કરીએ તો શહેરમાં એટીએમમાં કેશ લોડિંગનું કામ કરતી ખાનગી કંપનીના જ એક કર્મચારી દ્વારા લાખો રૂપિયાની ઉચાપત કરવાનો બનાવ પોલીસ ચોપડે ચડ્યો છે. તેમની ફરિયાદને આધારે પોલીસે જામનગર માધવવિલા સોસાયટી બ્લોક નં. ૯૯માં રહેતાં મુળ કોડીનાર મારૂતિનગર સોસાયટીના કાર્તિક પ્રદિપભાઇ વ્યાસ વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો હતો. ફરિયાદીએ જણાવ્યું હતું કે આ કંપની વિવિધ સરકારી અને પ્રાઇવેટ બેંકોમાંથી રોકડા રૂપિયા મેળવીને શહેરના અલગ-અલગ એટીએમ મશીનોમાં કેશ લોડ કરવાનું કામ કરે છે. કંપનીમાં કસ્ટોડિયન તરીકે ફરજ બજાવતા કાર્તિક પ્રદિપભાઈ વ્યાસ (રહે. જામનગર)ને એટીએમ મશીનોમાં પૈસા જમા કરાવવાની જવાબદારી સોંપવામાં આવી હતી. ગત તારીખ ૮/૬ના રોજ કાર્તિક વ્યાસ સવારના સમયે એટીએમ લોડિંગ માટે ગાડીના સ્ટાફ સાથે નીકળ્યો હતો. બપોરના આશરે દોઢ વાગ્યાની આસપાસ કંપનીના અન્ય કર્મચારીઓ દ્વારા ઓડિટ ચેક કરવામાં આવતા માલુમ પડ્યું હતું કે બજરંગવાડી મેઈન રોડ પર આવેલ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના એટીએમ મશીનમાં કોમ્પ્યુટર સિસ્ટમ મુજબ રૂ. ૨૦,૦૦,૦૦૦ લોડ થયેલા બતાવતા હતા. પરંતુ વાસ્તવિક ઓડિટ રિપોર્ટમાં રૂ. ૫,૦૦,૦૦૦ની મોટી ઘટ સામે આવી હતી. એટીએમમાં મોટી રકમની ઘટ જણાતા બ્રાન્ચ મેનેજર અને અન્ય સ્ટાફ દ્વારા તાત્કાલિક કસ્ટોડિયન કાર્તિક વ્યાસનો સંપર્ક કરવામાં આવ્યો હતો. મશીનમાં પૈસા કેમ ઓછા નાખ્યા તે અંગે પૂછતા કાર્તિકે પહેલા એવો ગોળ-ગોળ જવાબ આપ્યો હતો.તેણે કહ્યું હતું કે ભુલથી બીજા એટીએમ મશીનમાં વધારે પૈસા નખાઈ ગયા હશે. પણ, કંપનીએ તાત્કાલિક તેના રૂટ પરના તમામ એટીએમ મશીનોનું ઓડિટ કરાવતા અન્ય કોઈ મશીનમાં વધારે પૈસા જમા થયા નહોતા. આ પછી કંપની દ્વારા કડક વલણ અપનાવવામાં આવતા અને કાનૂની કાર્યવાહીનો ડર લાગતા, આરોપી કાર્તિક વ્યાસે ગત તારીખ ૨૩/૬ના રોજ રૂ. ૧,૪૦,૦૦૦ કંપનીમાં પરત જમા કરાવી દીધા હતા. પરંતુ બાકી રહેતા રૂ. ૩,૬૦,૦૦૦ની રકમ તેણે પોતાના અંગત ફાયદા માટે ઓળવી જઈ કંપની સાથે ગુનાહિત વિશ્વાસઘાત કર્યો હોઇ ફરિયાદ નોંધાવાઇ હતી. પોલીસ ઇન્સપેકટર એચ. પી. ગઢવીની માર્ગદર્શનમાં પીએસઆઇ ડી. જે. જોષીએ ગુનો દાખલી કરી વધુ તપાસ હાથ ધરી હતી. કસ્ટોડીયન તરીકેની મહત્વની કામગીરી બજાવતી વખતે કાર્તિક નામના કર્મચારીએ કારીગીરી કરી નાણા તો ઉસેડી લીધા હતાં પરંતુ તેની કારીગીરી ઉઘાડી પડી જતાં ગુનેગાર બનવાની નોબત આવી હતી. પોલીસ વિશેષ તપાસ કરી રહી છે.

---

# ફરિયાદ પાછી ખેંચી લેજે નહિતર તને જીવતો નહિ રહેવા દઉ...છરી બતાવી ધમકી

### અગાઉની ફરિયાદનો ખાર રાખી લક્ષ્મીનગરના યુવાનને ચાર શખ્સોએ ઘરમાં ઘુસી ધમકાવ્યોઃ બેફામ ગાળો ભાંડીઃ માલવીયાનગર પોલીસે દાખલ કરી ફરિયાદ

રાજકોટ, તા.૨

જુના નવા ડખ્ખાને કારણે એક બીજા પર તૂટી પડવાની ટાંટીયા ભાંગી નાખવાની કે મારી નાખવાની ધમકીઓ આપવાની ઘટનાઓ રોજબરોજ બનતી રહે છે. વધુ એક આવો ડખ્ખો સામે આવ્યો હતો. જેમાં નાના મવા રોડ પર લક્ષ્મીનગર મેઈન રોડ પર આવેલી મધુવન સોસાયટીમાં ચાર શખ્સોએ ધમાલ મચાવી હતી. લોન અને દાગીના બાબતે અગાઉ થયેલી પોલીસ ફરિયાદ પાછી ખેંચી લેવા માટે દબાણ કરી યુવકને જાહેરમાં છરી બતાવી આખા પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.



વિગતો જોઇએ તો આ બનાવમાં માલવીયાનગર પોલીસે નાના મવા રોડ લક્ષ્મીનગર-૫/૭ના ખુણે કુળદેવી કૃપામાં રહેતાં અઠ્ઠાવીસ વર્ષિય પાયલબેન ઈશ્વરભાઇ પરમારની ફરિયાદ પરથી મીત હિતેષભાઇ હાથી, નિખીલ ઉર્ફે નિર્ભય ચેતનભાઇ હાથી, આદિત્ય ભાવેશભાઇ વાઘેલા અને હર્ષ કાચા વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો. પાયલબેન પોતાના માતા, બહેન અને ભાઇ સાથે રહે છે. તેમની બાજુમાં સગા મોટા બાપુ ભરતભાઇ પરમાર તેના પરિવારજનો સાથે રહે છે. પાયલબેને ફરિયાદમાં જણાવ્યું છે કે ગત નવમી તારીખના રાત્રિના આશરે અગિયારેક વાગ્યાની આસપાસ પાયલબેન પરિવારજનો સાથે ઘરે હતી ત્યારે ઘરની જોરજોરથી ગાળાગાળીનો અવાજ સંભળાતા પાયલબેન અને તેમની નાની બહેન પ્રિયયંકા નીચે દોડી આવ્યા હતા.

નીચે આવીને જોતાં પાયલબેનના મોટા બાપુનો દીકરો હર્ષ પરમાર અને તેમનો સંબંધી રવિરાજસિંહ રાઠોડ ત્યાં હાજર હતા. તેમની સાથે અગાઉ એ જ વિસ્તારમાં રહેતા પરિચિત શખ્સો મીત હિતેશભાઈ હાથી, નિષીલ ઉર્ફે નિર્ભય ચેતનભાઈ હાથી, આદિત્ય ભાવેશભાઈ વાઘેલા અને હર્ષ કાચા પણ હતો. આ દરમિયાન મીત હાથીએ છરી કાઢી હર્ષ પરમારને ધમકાવતા કહ્યું હતું કે-તેં મારા વિરૂદ્ધ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં જે ફરિયાદ કરી છે, તે પાછી ખેંચી લે નહીંતર તને જીવતો રહેવા નહીં દઉં. આ માથાકૂટ દરમિયાન સંબંધી રવિરાજસિંહ રાઠોડ આ શખ્સોને સમજાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા, ત્યારે નિષીલ ઉર્ફે નિર્ભય હાથીએ તેમને પણ બેફામ ગાળો આપી ધમકાવ્યા હતા.

મામલો વધુ બિચકે નહીં તે માટે પાયલબેન વચ્ચે છોડાવવા પડ્યા હતા. પણ ઉશ્કેરાયેલા ચારેય શખ્સોએ પાયલબેનના આખા પરિવારને જાહેરમાં ગાળો ભાંડી, જાનથી મારી નાખવાની ધમકી આપી ત્યાંથી નાસી છૂટ્યા હતા. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે પાયલબેનના મોટા બાપુના દીકરા હર્ષ પરમારે અગાઉ આરોપી મીત હિતેશભાઈ હાથી વિરૂધ્ધ લોન અને સોનાના દાગીના બાબતે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આ બાબતનો ખાર રાખીને આરોપીઓએ રાત્રિના સમયે હર્ષના ઘરે આવીને હુમલાનો પ્રયાસ કર્યો હતો અને હથિયાર બતાવી ધમકી આપી હતી. બનાવ બાદ પાયલબેનની તબિયત લથડતા તેઓ બીમાર પડી ગયા હતા. હવે તબીયતમાં સુધારો આવતાં પોલીસને જાણ કરી હતી. પીઆઇ જે. એમ. કૈલાના માર્ગદર્શનમાં પીએસઆઇ ડી. પી. બગડાએ ફરિયાદ દાખલ કરી હતી.

---

## ફરવા ગયા ત્યાં માથાકુટ થતાં વકિલ પતિ પોતાના પત્નિને શીમલા એકલા મુકી રાજકોટ આવી ગયા!

# માથાકુટનું સમાધાન કરવા કોર્ટમાં ભેગા થયા ને ફરી જામી પડી

### રેલનગરમાં રહેતાં પરિણીતાને નવી કોર્ટ ખાતે એડવોકેટ પતિએ માર મારી ટાંટીયા ભાંગી નાંખવાની ધમકી દીધીઃ યુનિવર્સિટી પોલીસે એફઆઇઆર દાખલ કરી

રાજકોટ, તા.૨

ઘર હોય ત્યાં વાસણ ખખડે એટલે કે દામ્પત્ય જીવનમાં કોઇને કોઇ પતિ-પત્નિ વચ્ચે નાની મોટી વાતે ચડભડ થતી રહેતી હોય છે. પરંતુ ઘણીવાર વાત વણસી જાય તો પોલીસ સ્ટેશન સુધી ડખ્ખો પહોંચી જતો હોય છે. આવી જ એક ઘટનામાં એક વકિલ વિરૂધ્ધ તેમના પત્નિએ એફઆઇઆર દાખલ કરાવતાં ચર્ચા જાગી છે. શહેરના જામનગર રોડ પર નવી કોર્ટના પાર્કિંગમાં એક એડવોકેટે પોતાના પત્નિને ગાળો દઇ ઢીકાપાટુનો માર મારી ટાંટીયા ભાંગી નાંખવાની ધમકી આપી હતી. ચોંકાવનારી વાત એ છે કે શિમલા-મનાલી પ્રવાસ દરમિયાન દંપતી વચ્ચે થયેલા ઝઘડાનું સમાધાન કરવા આ પતિ-પત્નિ ભેગા થયા ત્યારે જામી પડી હતી. અગાઉ વકિલ પત્નિને શીમલા એકલી મુકીને આવી ગયા હોઇ તે કારણે આ ડખ્ખો શરૂ થયો હતો.

વિગતો પર નજર કરીએ તો આ ઘટનામાં યુનિવર્સિટી પોલીસે હાલ રેલનગર જાડેજા ચોક વિક્રમસિંહના મકાનમાં ભાડેથી રહેતાં ઓગણત્રીસ વર્ષના શીતલબેન નવનીતભાઇ પાટડીયાની ફરિયાદ પરથી મોરબી રોડ જકાતનાકા પાસે નાની ફાટકની પાછળ આવેલી રાજલક્ષ્મી સોસાયટી-૪માં રહેતાં તેણીના એડવોકેટ પતિ દિપેશભાઇ નવનીતભાઇ પાટડીયા વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો. શિતલબેન પાટડીયાએ ફરિયાદમાં જણાવ્યું છે કે મારા પતિ વકિલાત કરે છે. પંદરેક દિવસ પહેલા હું અને મારા પતિ શીમલા-મનાલી ફરવા ગયા હતાં. ત્યાં અમારી વચ્ચે બોલાચાલી થતાં મારા પતિ મને શિમલા ખાતે એકલી મુકી રાજકોટ આવી ગયા હતાં.



આ પછી હું પચ્ચીસમી જુનના રોજ સવારે દસેક વાગ્યે રાજકોટ પરત આવી હતી. બાદ મારા પતિ રાજલક્ષ્મી સોસાયટીમાં રહેવા જતાં રહ્યા હતાં. બુધવારે પહેલી તારીખે બપોરે સાડા ત્રણેક વાગ્યે મારા પતિએ મને વ્હોટ્સએપ કોલ કરીને કહ્યું હતું કે-આપણી વચ્ચે શીમલા ખાતે બોલાચાલી-ઝઘડો થયા હતાં તેનું સમાધાન કરી લઇએ અને બંને સાથે રહીએ. આ બાબતે વાતચીત કરવા તું નવી કોર્ટ ખાતે આવી જા. પતિએ આ વાત કરતાં હું તેમને મળવા નવી કોર્ટ ખાતે ગઇ હતી. જ્યાં પાર્કિંગમાં અમે વાતચીત કરતાં હતાં ત્યારે પતિએ મારો વિડીયો ઉતારતાં મેં પણ મારા ફોનથી તેમનો વિડીયો ઉતારવાનું ચાલુ કરી દીધુ હતું.

આથી પતિએ ઉશ્કેરાઇ જઇ ગાળો દીધી હતી અને મારે કામ છે કહીને મોટરસાયકલ ચાલુ કરી જવા માંડતાં મેં તેમાંથી ચાવી કાઢી લીધી હતી. આથી પતિએ ઉશ્કેરાઇ જઇ મને ઢીકાપાટુનો માર માર્યો હતો. મેં રાડારાડી કરતાં લોકો ભેગા થઇ જતાં મને વધુ મારથી બચાવી હતી. આ વખતે પતિએ જતાં જતાં ધમકી આપી હતી કે જો તું મારા કે મારા પરિવાર વિરૂધ્ધ ફરિયાદ કરીશ તો તારા ટાંટીયા ભાંગી નાંખીશ અને તને જાનથી મારી નાંખીશ. આ પછી મારા પતિ જતાં રહ્ય હતાં. મને મારથી દુઃખાવો થતો હોઇ હોસ્પિટલમાં સારવાર લીધી હતી. રજા અપાયા બાદ પતિ વિરૂધ્ધ ફરિયાદ કરી હતી. તેમ વધુમાં શિતલબેને જણાવતાં આસી સબ ઇન્સ. જે. આઇ. ઝાલાએ એફઆઇઆર દાખલ કરી તપાસ હાથ ધરી હતી. કાયદાના રખેવાળ દ્વારા કોર્ટ પરીસરમાં જ પત્નિ સાથે મારામારી કરવામાં આવતાં અને ધમકી અપાતાં વકિલગણમાં પણ ચર્ચા જાગી હતી.

### વિદેશ જવા ઇચ્છુકોને વારંવાર લાગી રહ્યા છે લાખોના ચૂના: વધુ બે યુવાન બન્યા ભોગ

# વર્ક પરમીટના નામે પોણા કરોડની ઠગાઇ

## દંપતિ સહિત ચાર ગઠીયાઓએ રોકડા મેળવી લઇ યુવાનોને જોબ એપ્રુવલ લેટર આપી દીધા: બંને યુવાનો રાજી રાજી થઇ ગયા: પણ આ લેટર નકલી હોવાનું ખુલતાં છેતરાયાની ખબર પડી

રાજકોટ, તા.૨

રાજકોટ: વર્ક પરમીટ વિઝાના નામે લાખોની છેતરપીંડી થઇ ગઇ છે. રોજેરોજ આ રીતે લેભાગુ એજન્ટો વિદેશ જવા ઇચ્છુકોને છેતરતા રહે છે. હવે બે યુવાનને કેનેડાના વર્ક વિઝા અપાવવાના નામે પોણા કરોડનો ચૂનો લગાડી દેવાયો છે. કેનેડાના વર્ક વિઝા અપાવાને બહાને વિઝા કન્સલ્ટન્સીના સંચાલક દંપતી તથા બે ભાઈ સહિત ચાર જણાએ મળી બે યુવક પાસેથી રૂ.૭૨.૩૦ લાખ પડાવ્યા હતા. પ્રોસીઝર બાદ બંને યુવાનોને જોબ એપ્રુવલ લેટર મળી જતાં તેઓ રાજી રાજી થઇ ગયા હતાં. પણ તેનો આ હરખ ક્ષણીક નિવડ્યો હતો. કારણ તેને જે જોબ એપ્રુવલ લેટર મળ્યા તે નકલી હતાં.

વિગતો જોઇએ તો અમદાવાદ થલતેજની આ ઘટના છે. આરોપીઓએ અડધા પૈસા ભારતની બેંકમાં આરટીજીએસથી અને બાકીના પૈસા કેનેડા ટોરન્ટોની ડોમિનિયલ બેંક ખાતામાં લીધા હતા. આ રેકેટ અમદાવાદ, ગુજરાત કે ભારત પૂરતું જ નહીં, પણ ઈન્ટરનેશનલ લેવલની માહિતીના આધારે પોલીસે તે દિશામાં તપાસ આદરી હતી. ગાંધીનગરના દેહગામના રખિયાલમાં રહેતા અને બીએ સુધી ભણેલા યશવંત ચૌધરીએ કેનેડા જવાનું નક્કી કરી થલતેજ શકિત એકસ્ટોલ બિલ્ડિંગમાં આવેલી ગ્રોવીશ ગ્લોબ ઇમિગ્રેશનની ઓફિસે આકાશ મહેન્દ્ર પંચાલ, જીનલ આકાશ પંચાલ, દર્શન મહેન્દ્ર પંચાલ અને ભાર્ગવ મહેન્દ્ર પંચાલ જે બધધા થલતેજના છે તેને મળ્યા હતા.

ઉપરોકત લોકોએ ૬૦,૦૦૦ કેનેડિયન ડોલર જે ભારતીય રૂપિયા પ્રમાણે ૩૯-૪૦ લાખ થાય છે એટલો ખર્ચ જણાવી ટૂંક સમયમાં વિઝા આપવાની ખાતરી આપી હતી. રજિસ્ટ્રેશનના ૫૦,૦૦૦ રોકડા બાદ બોગસ જોબ એ-ૂઅલ લેટર બતાવી કેનેડાની ટોરન્ટો-ડોમિનિયલ બેંકના ખાતામાં તથા ભારતમાં અલગ-અલગ ખાતામાં અને રોકડા મળી રૂ.૩૨,૭૬,૬૭૬ મેળવી પાસપોર્ટ સબમિશન લેટર આપ્યો હતો. હિંમતનગરના ઉમેશ ગોપાલભાઈ પટેલ પાસેથી ૨૦૨૩થી ૨૦૨૫ સુધીમાં કેનેડાના વર્ક વિઝાના બહાને રૂ.૪૪.૩૫ લાખ પડાવ્યા હતા. ભાંડો ફૂટતા ૪.૮૦ લાખ પાછા આપ્યા હતા.

ત્યારબાદ આ કિસ્સામાં આરોપીઓએ છેતરપિંડીની રકમ કેનેડાની ટોરન્ટો-ડોમિનિયલ બેંક ખાતામાં ટ્રાન્સફર કરાવ્યા હતા. આ બેંક ખાતા નંબર ભોગ બનનાર યુવકોએ પોલીસને આપ્યો છે. જેના આધારે બેંક ખાતું કોનું છે, કોણ




ઓપરેટ કરતું હતું તે દિશામાં તપાસ આદરી છે. પોલીસ સુત્રોએ કહ્યું કે આરોપીઓએ બંને યુવકને કેનેડાના નકલી જોબ એપ્રુવલ લેટર આપ્યા હતા. જેથી તે લેટર દિલ્હીમાં બનાવડાવ્યાની માહિતી મળી છે. આ વિઝા કૌભાંડની જાળ અન્ય રાજ્યો સુધી ફેલાયેલી હોવાની પોલીસને શંકા છે. આરોપીઓ હાથમાં આવ્યા બાદ મોટા કારસ્તાનની વિગતો સામે આવવાની પુરી શક્યતા છે.

### બીજી ઘટનામાં આઠ વર્ષથી વફાદારીથી કામ કરતાં કર્મચારીએ પોતાનો ધંધો વિકસાવવા શો રૂમમાંથી કરી સાડત્રીસ લાખની ચોરી: પણ પોલીસે અરમાનો પર પાણી ફેરવી દીધું

બીજી એક ઘટનામાં સુરતના હીરા અને ઝવેરાત ઉદ્યોગમાં ફરી એકવાર વિશ્વાસઘાતની ચોંકાવનારી ઘટના સામે આવી હતી. જેમાં મુંબઈમાં પોતાનું મોટું બિઝનેસ સામ્રાજ્ય ભું કરવાની ઘેલછામાં એક કારીગરે લાખો રૂપિયાના દાગીના સાફ કરી દીધા હતા. આરોપી સંજીબ સાધ્ય ઉર્ફે બપ્પન બરાબર પંદર દિવસ પહેલા એટલે કે સુરતની સાંધા જ્વેલ્સ ફેક્ટરીમાં ફરીથી નોકરી કરવા માટે આવ્યો હતો. પણ તેનો અસલી ઈરાદો કામ કરવાનો નહીં, પરંતુ મુંબઈમાં ધંધો શરૂ કરવા માટે મોટી રકમ અને કિંમતી માલની ચોરી કરવાનો હતો. તે ચોરી કરવાના જ પાકા ઈરાદા સાથે આવ્યો હતો અને ફેક્ટરીના માલિકોના જૂના વિશ્વાસનો ફાયદો ઉઠાવીને માત્ર બે અઠવાડિયામાં જ લાખો રૂપિયાના સોના અને હીરાની ચોરી કરીને મુંબઈ ભાગી છૂટ્યો હતો.

પરંતુ સુરત ક્રાઈમ બ્રાન્ચે તેના મુંબઈના સપનાઓ પર પાણી ફેરવી દીધું હતું. આ ઘટના સુરતના મહિધરપુરા ભવાનીવડ મેઈન રોડ પર આવેલા સાંધા નિવાસના ગ્રાઉન્ડ લોરમાં કાર્યરત સાંધા જ્વેલર્સ નામની ફેક્ટરીમાં બની હતી. ફેક્ટરીમાં સોનાના દાગીનામાં હીરા જડવાનું કામ કરતા કારીગર સંજીબ સાધ્યને કિંમતી માલ સોંપવામાં આવ્યો હતો. આરોપી તક જોઈને ફેક્ટરીમાંથી કુલ ૧૧૧.૫૬૫ ગ્રામ સોનાના દાગીના કિંમત આશરે ૧૧,૬૫,૫૪૦ અને ૬૨.૩૮ કેરેટના કિંમતી હીરા કિંમત આશરે ૧૮,૭૬,૪૭૬મળી કુલ ૩૦,૪૨,૦૧૬ની કિંમતનો મુદ્દામાલ ચોરી કરીને રફુચક્કર થઈ ગયો હતો.

આ અંગે ફેક્ટરી માલિક દ્વારા મહિધરપુરા પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ગુનો નોંધાવવામાં આવ્યો હતો. ઘટનાની ગંભીરતાને જોતા સુરત પોલીસ કમિશનરની સૂચનાથી મહિધરપુરા પોલીસની સાથે સાથે સુરત ક્રાઈમ બ્રાન્ચની અલગ-અલગ ટીમો પણ તપાસમાં જોડાઈ હતી. ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સ્પેક્ટર એસ.એન. પરમાર અને તેમની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે ગુનો આચર્યા બાદ આરોપી મુંબઈ ભાગી ગયો હતો. પરંતુ તે સુરતમાં કોઈ જગ્યાએ છુપાવી રાખેલો મુદ્દામાલ લેવા અથવા તો કોઈ કામ અર્થે ફરી વરાછા વિસ્તારમાં આવવાનો છે. આ બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચે વરાછા એલ.એચ. રોડ ગરનાળા તરફ જવાના રસ્તા પર જે. બી. ડાયમંડ સર્કલ પાસે વોચ ગોઠવી હતી અને વહેલી સવારે આરોપી સંજીબ સાધ્ય ઉર્ફે બપ્પનને રંગેહાથ ઝડપી પાડ્યો હતો.

પોલીસે આરોપીની તલાશી લેતા તેની પાસેથી ચોરીનો તમામ મુદ્દામાલ રિકવર કર્યો છે, જેની બજાર કિંમત અંદાજે ૩૭,૧૭,૪૬૦ જેટલી થવા જાય છે. રિકવર કરાયેલા મુદ્દામાલમાં ૧૧ નંગ સોનાની વીંટી, ૨૪,૩૮,૦૦૦ના હીરા, અન્ય ૭૦ હજારના હીરા સહિત સામેલ છે. ડીસીપી ભાવેશ રોજીયાએ જણાવ્યું કે સંજીબ સાધ્ય મૂળ પશ્ચિમ બંગાળના હુગલી જિલ્લાના પાંડુઆનો વતની છે અને સુરતમાં લાંબા સમયથી રહેતો હતો. તે વર્ષ ૨૦૦૯ થી સુરતમાં હીરા અને સોના-ચાંદીના વ્યવસાય સાથે સંકળાયેલો છે. તે સતત આઠ વર્ષથી અહિ કામ કરતો હતો. પણ પૈસાની લાલચે તેણે આ ચોરી કરી હતી. મુંબઇમાં નવો ધંધો પણ તેને શરૂ કરવો હતો. પોતાની પાસે નવો ધંધો શરૂ કરવા માટે પૂરતી મૂડી ન હોવાથી, તેણે પોતાની જૂની અને જાણીતી ફેક્ટરીને જ નિશાન બનાવવાનું નક્કી કર્યું હતું. તેનો પ્લાનને અમલમાં મુક્યો હતો.

# ગુનાઓ આચરી ભાગી નીકળેલા,ફરાર ૪૩ને એક મહિનામાં પકડી લેવાયા

## શહેર ક્રાઇમ બ્રાંચ અને પેરોલ ફરલો સ્ક્વોડનીખાસ ઝુંબેશ અંતર્ગત કામગીરી

રાજકોટ, તા.૨

શહેરમાં અલગ અલગ ગુનાઓ આચરીને ભાગી જતાં ગુનેગારોને શોધવા અને પેરોલ પર છુટ્યા બાદ જેલમાં હાજર ન થતાં હોય તેવા આરોપીઓને શોધી કાઢવા શહેર પોલીસ દ્વારા ચાલી રહેલી ખાસ ઝુંબેશ અંતર્ગત એક મહિનામાં વધુ આવા ૪૬ને શોધી કાઢવામાં આવ્યા હતાં. વિગતો જોઇએ તો કાયદો, વ્યવસ્થા અને શાંતિ જાળવી રાખવા માટે શહેર પોલીસ વિભાગ દ્વારા સતત સઘન પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તાજા બનતા ગુનાઓ ડિટેક્ટ કરવા ઉપરાંત શહેર ક્રાઇમ બ્રાંચ નાસતા ફરતાં હોય તેવા આરોપીઓને શોધી કાઢવાની કામગીરી પણ નક્કર રીતે કરી રહી છે. તે અંતર્ગત છેલ્લા એક મહિના દરમિયાન શહેર ક્રાઇમ બ્રાંચ અને પેરોલ ફરલો સ્ક્વોડે અલગ અલગ ગુનામાં નાસતા ફરતાં વધુ ૪૬ શખ્સોને પકડી લીધા છે. જેમાં ૪૩ અલગ અલગ ગુનામાં ફરાર હતાં અને ૩ પેરોલ જમ્પ કરીને ભાગેલા હતાં. ગુનેગારો પર ગાળિયો મજબૂત કરવા માટે વિશેષ ઝુંબેશ પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા અને જેસીપી ચૈતન્ય મંડલિક દ્વારા ચલાવવામાં આવી રહી છે. આ ઝુંબેશ અંતર્ગત ક્રાઇમ બ્રાંચના ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી ભરત બી.



બસીયાની રાહબરીમાં ક્રાઇમ બ્રાંચ અને પેરોલ ફરલો સ્ક્વોડની અલગ અલગ ટીમો બનાવીને ગુના આચરીને નાસી છૂટેલા તત્વોને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કરવામાં આવ્યા હતા. પોલીસની આ મહેનત અને ચોક્કસ આયોજનને કારણે એક મહિનામાં આવા ૪૬ શખ્સોને પકડી લેવામાં આવ્યા હતાં. પોલીસ રેકોર્ડ મુજબ, જુદા જુદા ગુનાઓમાં સંડોવાયેલા અને ધરપકડથી બચવા માટે લાંબા સમયથી પોલીસને હાથતાળી આપીને ભાગતા ફરતા ૪૩ જેટલા નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવામાં આવ્યા છે. આ આરોપીઓ પોતાની ઓળખ છુપાવીને અલગ-અલગ વિસ્તારોમાં આશરો લઈ રહ્યા હતા, પરંતુ પોલીસની હ્યુમન ઇન્ટેલિજન્સ અને ટેકનિકલ સર્વેલન્સની સચોટ મદદથી આ તમામ ૪૩ ગુનેગારોને દબોચી લેવામાં આવ્યા છે. આવી જ રીતે નાસતા ફરતા આરોપીઓ ઉપરાંત જેલમાંથી કામચલાઉ જામીન અથવા પેરોલ પર મુક્ત થયા બાદ ફરાર થઈ જનારા ૩ પેરોલ જમ્પ કરનારા આરોપીઓને પણ પોલીસે પકડી લેવાયા હતાં. આ કામગીરી ઈન્સપેક્ટર એમ. આર. ગોંડલીયા, એમ. એલ. ડામોર, સી. એચ. જાદવ, પીએસઆઇ પરમાર, પીએસઆઇ ઝાલા, પીએસઆઇ રાવલીયા, પીએસાઇ જાડેજા, પીએસઆઇ રાણા, પીએસઆઇ ચુડાસમા, પીએસઆઇ ગોહિલ અને પેરોલ ફરલો સ્ક્વોડના પીઆઇ કે. કે. ગોહિલ સહિતની ટીમો દ્વારા થઇ હતી.

### ગમે તેમ કરીને બાળાઓને મિત્રતા-પ્રેમના નામે ફસાવવાની ઘટનાઓમાં ચિંતાજનક વધારો

# લગ્નની લાલચે વારંવાર દેહ પીંખ્યો

## હવસખોરે છેલ્લે લગ્નની ના પાડી દીધી: બીજી ઘટનામાં નશાખોરે સગીરાની છેડતી કરતાં ધોલધપાટ: ત્રીજી ઘટનામાં બાર વર્ષની બાળા સાથે ચેનચાળા કરનારા વિકૃતને અદાલતે ફટકારી આકરી સજા

રાજકોટ, તા.૨

સગીરાઓ, યુવતિઓ, પરિણીતાઓને ફસાવીને દુષ્કર્મ આચરી લેવાની વારંવાર બનતી ઘટનાઓમાં વધુ એક બનાવનો ઉમેરો થયો છે. એક સગીરાને મિત્રતા અને પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચ આપી અપહરણ કરી લઇ વારંવાર દેહ પીંખી નાંખ્યો હતો. જો કે બાદમાં આ યુવાને લવ સેક્સ ધોખાની જેમ લગ્ન કરવાની ના પાડી દીધી હતી અને દગાખોરી કરતાં પોલીસને જાણ કરાઇ હતી. બીજી ઘટનામાં એક નશાખોરે સગીરાને છેડતી કરતાં લોકોના ટોળાએ બેફામ ઢીબી નાંખ્યો હતો. ત્રીજી ઘટનામાં એક બાર વર્ષની બાળાની છેડતી કરી કિસ કરી લેવાના કેસમાં હવસખોરને અદાલતે આકરી સજા પફટકારી હતી.

પ્રથમ ઘટના જોઇએ તો વડોદરા જિલ્લાના કરજણ તાલુકાના એક ગામમાં રહેતી સગીરા પર વારંવાર દુષ્કર્મ ગુજાર્યુ હતું. પોલીસ સુત્રોના કહેવા મુજબ મુજબ કંડારી ગામમાં રહેતા સુજલ અશોકભાઈ વસાવાએ એક સગીરાને પોતાની પ્રેમજાળમાં ફસાવી હતી તેમજ આ સગીરાને લગ્ન કરવાની લાલચ આપી પોતાની બાઈક પર બેસાડી ફાગવેલ લઈ ગયો હતો જ્યાં તેણે સગીરા પર વારંવાર દુષ્કર્મ ગુજાર્યુ હતું.

અનેક વખત સગીરાને લગ્નની લાલચ આપી તેની સાથે શરીર સંબંધ બાંધી લીધા હતાં. સગીરા જ્યારે પણ લગ્નની વાત કરતી ત્યારે અલગ અલગ બહાના બતાવી વાત ટાળી દેતો હતો. છેલ્લે આ હવસખોરે સગીરાને પોતે લગ્ન નહિ કરી શકે તેમ કહી તરછોડી દીધી હતી. આથી સગીરાએ પરિવારજનોને વાત કરી હતી અને લેભાગુ કહેવાતા પ્રેમી સામે અપહરણ દુષ્કર્મ પોક્સો હેઠળ ગુનો નોંધાયો હતો. આ મામલે પોલીસે આરોપીને ઝડપી લેવા તજવીજ હાથ ધરી હતી.

બીજી ઘટના જોઇએ તો અમદાવાદના નિકોલમાં એક યુવકે જાહેરમાં રોડ પર હંગામો મચાવ્યો હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં ફરતો થયો હતો. દારૂના નશામાં ધૂત આ યુવક પર એક યુવતીની છેડતી કરવાનો આક્ષેપ થયો હતો. જેને પગલે સ્થાનિકો રોષે ભરાયા હતા. આ સમગ્ર ઘટનાનો એક વીડિયો પણ સોશિયલ મીડિયામાં ફરતો થયો છે. જેમાં ઉશ્કેરાયેલા લોકો યુવકને પાઠ ભણાવતા અને પકડી રાખતા જોવા મળી રહ્યા હતો. નિકોલ વિસ્તારમાં આવેલી ચાણક્ય સ્કૂલ નજીક એક યુવતી અને અન્ય કેટલાક લોકો બાઈક પર પસાર થઈ રહ્યા હતા. ત્યારે દારૂના નશામાં ચાલતા આવતા આ યુવકે તેની કારને ટક્કર મારી હતી. ત્યારબાદ યુવકે યુવતીની છેડતી કરી હોવાથી આસપાસથી મોટી સંખ્યામાં લોકો એકઠા થઈ ગયા હતા.

રોષે ભરાયેલા સ્થાનિકોએ આ યુવકને ઘટનાસ્થળે જ ઝડપી લીધો હતો અને જાહેરમાં તેને બરાબરનો મેથીપાક ચખાડી પોલીસના હવાલે કરી દીધો હતો. આ ઘટના અંગે કૃષ્ણનગર પોલીસ સ્ટેશનના પીઆઇએ જણાવ્યું કે વાઈરલ થયેલા વીડિયો અંગે અમે દારૂનોગુનો દાખલ કરી કાર્યવાહી કરી છે. યુવક સામે અટકાયતી પગલાં પણ લઈ લીધા છે. આ ઘટનામાં કોઈ છેડતીનો બનાવ બન્યો નથી, પરંતુ માત્ર ધક્કો વાગ્યા હતો. હકીકતમાં, છોકરી અને અન્ય લોકો બાઈક પર જતા હતા અને આ સ્થાનિક યુવક, જે કદાચ પીધેલી હાલતમાં હતો. આમ છતાં વધુત પાસ થઇ રહી છે.

ત્રીજી ઘટના જોઇએ તો વડોદરામાં સગીરાની છેડતીના કેસમાં એક શખ્સને આકરી સજા અદાલતે ફટકારી હતી. તારા ગાલ પર કંઇક ચોંટ્યુ છે તેમ જણાવી ૧૨ વર્ષની સગીરાનો હાથ ખેંચી તેના ગાલ પર કિસ કરનારા આરોપીને પોક્સો એક્ટ હેઠળ કસુરવાર ઠેરવી કોર્ટે ત્રણ વર્ષની સખ્ત કેદની સજા ફટકારી હતી. જજે સગીરાને વળતર પેટે રૂ. પચાસ હજાર ચૂકવવાનો પણ આદેશ કર્યો હતો. કેસની વિગત એવી છે કે, ગયા વર્ષે એપ્રીલ મહિનામાં બાર વર્ષની સગીરા વડોદરા ખાતે વાઘોડીયા રોડ પર આવેલા એક મકાનના ધાબા પર હતી ત્યારે મૂળ રાજસ્થાનના આરોપી રાહુલ નંદકિશોર દસલાણીયાએ ગાલ પર કંઈક ચોંટ્યું હોવાનું કહી તેને પાસે બોલાવી હતી.

ત્યારબાદ આરોપીએ સગીરાનો હાથ ખેંચી હોઠ પર કિસ કરી છેડતી કરી હતી. આ બનાવ અંગે સગીરાની માતા પૂછવા જતાં આરોપીએ ગાળાગાળી કરી ઝઘડો કરતા પોલીસે આરોપી વિરુદ્ધ પોક્સો સહિતની કલમ હેઠળ ગુનો દાખલ કર્યો હતો. આ અંગેનો કેસ અદાલતમાં ચાલી જતાં તેમાં સરકારી વકીલ એન. યુ. મકવાણાએ દલીલો કરી હતી કે સગીરા, તેની માતા અને માસીના મૌખિક પુરાવાઓથી ગુનો સાબિત થાય છે અને નરાધમ સામે કડક પગલાં અનિવાર્ય છે. વડોદરાના અધિક સેશન્સ જજે બંને પક્ષની દલીલ તેમજ પુરાવાને ધ્યાન લઇ આરોપીને દોષિત ઠેરવી ૩ વર્ષની સખત કેદની સજા અને રૂ. પંદર હજારનો દંડ કર્યો હતો.ન્યાયાધીશે આ બનાવના કારણે સગીરાને ગંભીર માનસિક યાતના ભોગવવી પડી હોઇ વળતર પેટે રૂ. પચાસ હજાર ચુકવવાનો પણ આદેશ કર્યો હતો.

### ટેલિગ્રામ પર ઈશિતા શર્મા અને રમેશ નામ ધારણ કરી ગઠીયાઓએ ખેલ પાડી દીધો

# ઘરે બેઠા કમાવવા જતાં મહિલાએ ગૂમાવ્યા અઢી લાખ

## ફાર્મા કંપનીના મહિલા કર્મીને બારોબાર વ્હોટ્સએપ ગ્રુપમાં એડ કરી કમિશનની લાલચ આપી શરૂઆતમાં બસ્સો રૂપરડીનો નફો દીધો: પછી મોટા પ્રીમિયમ ટાસ્કમાં ભાગ લેવાનું કહી રોકડ પડાવી લીધી

રાજકોટ, તા.૨

ઓનલાઇન ઠગાઇના વધી ગયેલા અને રોજબરોજ બની રહેલા બનાવો વચ્ચે વધુ એક ઠગાઇ સામે આવી છે. જેમાં વ્હોટ્સએપ મારફત ઓનલાઇન ટાસ્ક પુરા કરી વર્ક ફ્રોમ હોમ થકી કમાણી કરવાની લાલચ આપી એક મહિલા સાથે ઠગાઇ કરવામાં આવી છે. આ મહિલાને ફલીપકાર્ટના પ્રતિનિધીની ઓળખ આપી ગઠીયાએ છેતરી લીધી હતી. શરૂઆતમાં આ મહિલાને રૂપિયા બસ્સોનો નફો આપ્યો હતો. પછી અલગ અલગ બહાના તળે તેની પાસેથી અઢી લાખ રૂપિયા ઉસેડી લીધા હતાં.

વિગતો પર નજર કરીએ તો વર્ક ફ્રોમ હોમ અને ઓનલાઈન ટાસ્ક પૂરા કરીને ઘરે બેઠા હજારો રૂપિયા કમાવવાની લાલચ આપતી સાયબર ગુનેગારોની ટોળકીએ શહેરમાં વધુ એક મહિલાને પોતાનો શિકાર બનાવી છે. અમદાવાદના ગુલબાઈ ટેકરા નજીક રહેતી અને જાણીતી ફાર્મા કંપનીમાં ફરજ બજાવતી મહિલાને લિપકાર્ટના પ્રતિનિધિ તરીકે ઓળખ આપી વ્હોટ્સએપ અને ટેલિગ્રામ દ્વારા રૂપિયા બે લાખ ઓગણસાંઇઠ હજારનો ચુનો લગોડવામાં આવ્યો છે.

આ મામલે ગુજરાત યુનિવર્સિટી પોલીસે અજાણ્યા શખસો સામે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા હતાં. વધુ માહિતી અનુસાર વર્ક ફ્રોમ હોમ અને ઓનલાઈન ટાસ્ક પૂરા કરીને ઘરે બેઠા હજારો રૂપિયા કમાવવાની લાલચ આપતી સાયબર ગુનેગારોની ટોળકીએ શહેરમાં વધુ એક મહિલાને પોતાનો શિકાર બનાવી છે. અમદાવાદના ગુલબાઈ ટેકરા નજીક રહેતી અને જાણીતી ફાર્મા કંપનીમાં ફરજ બજાવતી મહિલાને લિપકાર્ટના પ્રતિનિધિ તરીકે ઓળખ આપી વ્હોટ્સએપ અને ટેલિગ્રામ દ્વારા અઢી લાખનો ચૂનો લગાડવામાં આવ્યો છે.

આ મામલે ગુજરાત યુનિવર્સિટી પોલીસે અજાણ્યા શખસો સામે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા હતાં. પોલીસ ફરિયાદ અનુસાર, ગુલબાઈ ટેકરા પાસે આવેલી પ્રયાસ સોસાયટીમાં રહેતી અને બકરોલ ખાતે કેડિલા ફાર્મામાં નોકરી કરતી યુવતી સાથે છેતરપિંડી થઈ છે. યુવતીની જાણ બહાર કોઈએ તેને એક વોટ્સએપ



ગ્રૂપમાં એડ કરી હતી. આ ગ્રૂપમાં લિપકાર્ટની વિવિધ પ્રોડક્ટ્સના સ્ક્રીનશોટ પાડીને મોકલવાના બદલામાં મોટું કમિશન આપવાની લોભામણી સ્કીમો દર્શાવવામાં આવી હતી.

યુવતીએ ગ્રૂપમાં શેર કરાયેલી એક લિંક પર ક્લિક કરતાં એમા બ્રોક્સ નામના વોટ્સએપ એકાઉન્ટ પર રીડાયરેક્ટ થઈ હતી, જ્યાં ઓપરેટરે પોતે ઓફિશિયલ હ્યુમન રિસોર્સ હોવાનો દાવો કર્યો હતો. ત્યારબાદ તેને ટેલિગ્રામ પર ઈશિતા શર્માં નામના એકાઉન્ટ સાથે વાત કરવા જણાવાયું હતું. જ્યારે ફિલપકાર્ટ ઈન્સ્ટ્રક્ટર રમેશ નામનું બીજું એકાઉન્ટ આ ટાસ્કનું સુપરવિઝન કરતું હતું. શરૂઆતમાં યુવતીને માત્ર પ્રોડક્ટની લિંક ઓપન કરી, સ્ક્રીનશોટ પાડીને મોકલવાના સરળ ટાસ્ક આપવામાં આવ્યા હતા. આ ટાસ્ક પૂરા થતાં જ તેના આઇસીઆઇસીઆઇ બેંક એકાઉન્ટમાં રૂ.બસ્સોનું કમિશન જમા થયું હતું.

આથી યુવતીને આ સ્કીમ સાચી હોવાનો વિશ્વાસ બેસી ગયો હતો. બીજા દિવસે તેને વધુ કમાણી માટે રૂ.એક હજારનું રોકાણ કરવા જણાવાયું હતું, જેના બદલામાં તેને કમિશન સાથે રૂ. ૧૩૫૦ પરત મળ્યા હતા. આ પછી, લાલચ વધતાં જ ભેજાબાજોએ અસલી ખેલ શરૂ કર્યો હતો. તેમણે યુવતીને મોટા પ્રીમિયમ ટાસ્કમાં ભાગ લેવા અને વધુ રિટર્ન મેળવવા માટે મોટી રકમ રોકવા દબાણ કર્યું હતું. સાયબર ઠગોની વાતોમાં આવીને પ્રિયલે અલગ-અલગ બેંક એકાઉન્ટ અને યુપીઆઇ આઇડી પર કટકે-કટકે કુલ રૂ.૨.૫૯ લાખ ટ્રાન્સફર કરી દીધા હતા. જ્યારે યુવતીએ પોતાના કમિશન અને રોકેલી રકમ મેળવવા માટે વિથડ્રોઅલનો પ્રયાસ કર્યો. પણ ત્યારે ઠગોએ ટેકનિકલ કારણો આગળ ધરીને વધુ નાણાં ડિપોઝિટ કરવા જણાવ્યું હતું. વારંવાર નાણાં ચૂકવવા છતાં પણ એક પણ રૂપિયો પરત ન મળતાં યુવતીને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો હતો. આખરે તેણે ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરી વિધિવત ફરિયાદ નોંધાવી હતી. પોલીસે અજાણ્યા વોટ્સએપ અને ટેલિગ્રામ ઓપરેટરો સામે ભારતીય ન્યાય સંહિતાની છેતરપિંડી, ઓળખ બદલવી અને ઇન્ફોર્મેશન ટેકનોલોજીએક્ટની વિવિધ કલમો હેઠળ એફઆઈઆર નોંધી છે. હાલ પોલીસ ગુનામાં વપરાયેલા મોબાઈલ નંબરો, બેંક એકાઉન્ટ્સ અને યુપીઆઇ આઇડીની તપાસ શરૂ કરી હતી. આમ ઘરે બેઠા કમાણી કરવા જતાં વધુ એક મહિલા સાયબર ગઠીયાઓનો શિકાર થઇ ગયા હતાં.

### કરૂણ સિલસિલો યથાવત રહ્યોઃ પાંચ પરિવારે લાડકવાયી, લાડકવાયા, મોભી ગુમાવ્યા

# ઝેર પી જિંદગીથી છેડો ફાડતી તરૂણી

## બીજી ઘટનામાં બીજા માળેથી પટકાતાં સાંઇઠ વર્ષના વૃધ્ધની જિંદગી ખતમઃ આડત્રીસ વર્ષના યુવાન અને ત્રેપન વર્ષના મહિલાના દિલની દગાખોરીથી મૃત્યુઃ એક મહિલાને શ્વાસ લેવામાં તકલીફ થયા બાદ જીવ ગયો

રાજકોટ, તા.૨

અપમૃત્યુ-આપઘાતની પાંચ અલગ અલગ ઘટનાઓમાં અલગ અલગ પરિવારોએ સ્વજનો ગુમાવી દીધા હતાં. જેમાં સત્તર વર્ષની એક યુવતિએ ઝેર પી લેતાં જીવ ગયો હતો. બીજી ઘટનામાં એક વૃધ્ધ બીજા માળની અગાસી પરથી પટકાતાં પ્રાણ નીકળી ગયા હતાં. અન્ય ઘટનાઓમાં એક યુવાન અને એક મહિલાના દિલ તેમને દગો દઇ જતાં મોત થયા હતાં. તો એક ઘટનામાં ઉધરસ ચડ્યા બાદ શ્વાસ લેવામાં તકલીફ થયા બાદ મહિલાનો જીવ ગયો હતો. આ તમામ ઘટનાઓમાં પોલીસે મોતના ચોક્કસ કારણ જાણવા મૃતદેહોના પોસ્ટમોર્ટમ કરાવ્યા હતાં.

વિગતો પર નજર કરીએ તો રબંદરના સોઢાણા ગામે રહેતી યુવતિએ એસિડ પી આઘપાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ છે. આ યુવતિને સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવી હતી. પરંતુ તેણીનું સારવારમાં મૃત્યુ થયું હતું. સોઢાણા ગામે રહેતી કાજલબેન બાબરભાઇ કેશવલાએ ત્રીસમીએ રાતે અઢી વાગ્યા આસપાસ ઘરે હતી ત્યારે ઝેરી દવા પી લેતાં ઉલ્ટીઓ કરવા માંડતાં ઘરના લોકોને જાણ થઇ હતી.

તેણીને પ્રથમ સ્થાનીક હોસ્પિટલમાં સારવાર અપાવાઇ હતી અને બાદમાં વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. અહિ આજે વહેલી સવારે મૃત્યુ થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે બગવદર પોલીસને કરી હતી. મૃત્યુ પામનાર કાજલબેન ત્રણ બહેન અને એક ભાઇમાં મોટી હતી. તેના પિતા ખેતી કરી ગુજરાન ચલાવે છે. તેણીએ આ પગલુ શા માટે ભર્યુ? તે અંગે પરિવારજનો અજાણ હોઇ બગવદર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.



બીજી એક ઘટનામાં એક પરિવારે આધારસ્તંભ મોભી ગુમાવી દીધા હતાં. મોરબીના શકતસનાળા ગામે રહેતાં વૃધ્ધ ઘરના બીજા માળની અગાસી પરથી પટકાતાં ગંભીર ઇજા થતાં મૃત્યુ થયું છે. તેમને મોરબી સારવાર અપાવી રાજકોટ ખસેડાયા હતાં. પરંતુ અહિ અંતિમશ્વાસ લઇ લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. શકતસનાળા ગામે રહેતાં સાંઇઠ વર્ષના સંજયભાઇ અમૃતલાલ સિંધવ નામના વૃધ્ધ ગત રાતે નવેક વાગ્યે ઘરની બીજા માળની અગાસી પર હતાં ત્યારે નીચે પટકાતાં ગંભીર ઇજાઓ થતાં મોરબી ખાનગી હોસ્પિટલમાં સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં.

પરંતુ અહિ દમ તોડી દીધો હતો. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે મોરબી એ-ડિવીઝન પોલીસને કરી હતી. મૃત્યુ પામનાર સંજયભાઇ સિંધવ સાબુના કારખાનામાં કામ કરતાં હતાં. તેમને સંતાનમાં એક દિકરો અને બે દિકરી છે. કેટલાક સમયથી તેમનો મગજ ભમતો હતો. રાતે તેઓ અગાસીએ હતાં ત્યારે પડી ગયા હતાં. બનાવ આકસ્મિક છે કે આપઘાતનો? તે અંગે મોરબી પોલીસે વધુ તપાસ યથાવત રાખી હતી.

અન્ય અપમૃત્યુની ત્રણ ઘટનાઓ પર નજર કરીએ તો ભગવતીપરા સુખ સાગર સોસાયટીમાં રહેતો અનારૂલ અબ્દુલરહેમાન શેખ નામનો છત્રીસ વર્ષનો નામનો યુવાન સોની બજાર જુની ગધીવાડમાં પોતાની સોનાના દાગીનાને પોલીશ કામ કરવાની દુકાને હતો ત્યારે એકાએક બેભાન થઇ ઢળી પડતાં મૃત્યુ થયું હતું. બનાવની જાણ થતાં એ-ડિવીઝન પોલીસે જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. તે મુળ બંગાળ કોલકત્તાનો વતની હતો. સંતાનમાં ત્રણ દિકરી છે. પોતે એક બહેનથી નાનો અને પરિવારનો આધારસ્તંભ હતો.

જ્યારેં નવલનગર શેરી નં. ૨માં રહેતાં ત્રેપન વર્ષના ચંદ્રીકાબેન યોગેશભાઇ લીંબાચીયા નામના મહિલા ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં માલવીયાનગર પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનારને સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. પતિ ઇલેક્ટ્રીક કામ કરે છે. ચંદ્રીકાબેનને હાર્ટએટેક આવી ગયાનું સગાએ જણાવ્યું હતું. સ્વજનના મૃત્યુથી પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો.ત્રીજી ઘટનામાં કાલાવડ રોડ વામ્બે આવાસ ક્વાર્ટરમાં રહેતાં ત્રેપન વર્ષના જીતુબેન દિનેશભાઇ વાઘેલાને ઘરે ઉધરસ ચડ્યા બાદ શ્વાસ લેવામાં તકલીફ થવા માંડતાં બેભાન જેવા થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. બનાવ અંગે તાલુકા પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર જીતુબેનને સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. પતિ હયાત નથી. મોતનું કારણ જાણવા પોલીસે મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. આમ પાંચ ઘટનાઓમાં અલગ અલગ પરિવારે પોતાના સ્વજનોને કાયમને માટે ગુમાવી દેતાં તેઓ આઘાતમાં ગરક થઇ ગયા હતાં.

---

### જુદા જુદા કારણોસર દુનિયા છોડી દેવાની બે કરૂણ ઘટનાઃ પરિવારના માળા વેરણછેરણ

# પત્નિ સાથે ફોનમાં ડખ્ખો થતાં ટ્રેન હેઠળ ઝંપલાવી આપઘાત

## માલધારી ફાટક પાસે બનાવઃ બીજી ઘટનામાં આર્થિક ભીંસથી કંટાળી કરિયાણાના વેપારીએ ઝેર પી દુનિયા છોડી દીધી

### કરીયાણું લઇને ઘરે જઇ રહેલા યુવાનનું રોજડુ આડે આવતાં મોટરસાઇકલ સ્લીપ થવાથી મૃત્યુ

રાજકોટ, તા.૨

પતિ-પત્નિ વચ્ચે ફોનમાં વાતચીત વખતે માથાકુટ થતાં પતિએ ક્રોધીત થઇ ઘરેથી નીકળી જઇ માલગાડી હેઠળ પડતું મુકી દેતાં મોત થયું હતું. શહેરના કોઠારીયા સાઇબાબા સર્કલ નજીક ગુલાબનગર-૪માં રહેતાં સત્યનારાયણ સિંગાસન બીન નામના એકત્રીસ વર્ષના યુવાન યુવાનેરાતે અગીયારેક વાગ્યે માલધારી ફાટક નજીક માલગાડી નીચે પડતું મુકી દેતાં કમકમાટી ભર્યુ મોત થયું હતું. વિગતો પર નજર કરીએ તો રાતે અજાણ્યો યુવાન ટ્રેન હેઠળ કપાઇ ગયાની જાણ થતાં આજીડેમ પોલીસે ઘટના સ્થળે પહોંચી તપાસ શરૂ કરતાં મૃતકની ઓળખ સત્યનારાયણ બીન તરીકે થઇ હતી. આ યુવાન ગુલાબનગરમાં રહેતો હોઇ તેના સગાને જાણ કરાઇ હતી. આપઘાત કરનાર યુવાન મુળ બિહારનો વતની હતો અને ત્રણ ભાઇ તથા ત્રણ બહેનમાં નાનો હતો. તેને સંતાનમાં બે દિકરા અને બે દિકરી છે. હાલમાં તેની પત્નિ વતન બિહાર ગઇ છે. રાતે પત્નિ સાથે કોઇ વાતે મોબાઇલ ફોનમાં વાતચીત વખતે ઝઘડો થયા બાદ તે ઘરેથી નીકળી ગયો હતો અને બાદમાં ટ્રેન હેઠળ પડતું મુકી દીધાનું પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલ્યું હતું. બનાવથી પરિવારમાં શોક છવાઇ ગયો હતો. આપઘાત કરનાર યુવાન કારખાનામાં મજુરી કરતો હતો. તેના સગાને બિહાર ખાતે જાણ કરાઇ હતી.

બીજી ઘટનામાં જસદણના જીવાપર ગામે રહેતાં રમેશભાઇ વશરામભાઇ તેરૈયા નામના બાવન વર્ષના રાજગોર બ્રાહ્મણ પ્રૌઢે ગામના બસ સ્ટેશન પાસે સવારે છએક વાગ્યે ઝેરી દવા પી જતાં આટકોટ કે. ડી. પરવાડીયા હોસ્પિટલમાં સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ નિપજતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. આપઘાત કરનાર રમેશભાઇ તેરૈયા ત્રણ ભાઇ અને એક



બહેનમાં નાના તથા અપરિણીત હતાં. તે કરિયાણાની દુકાન ચલાવતાં હતાં. હાલમાં ધંધો બરાબર ચાલતો ન હોઇ આર્થિક ભીંસ ઉભી થતાં કંટાળી જઇ આ પગલુ ભર્યાનું સગાએ કહ્યું હતું. તેઓ સવારે ભાવનગર પોતાની દવા લેવા જઇ રહ્યા છે તેમ કહીને ઘરેથી નીકળ્યા બાદ ગામના બસ સ્ટેશન પાસે ઝેરી ટીકડીઓ પી ગયા હતાં. હોસ્પિટલ ચોકીના સ્ટાફે આટકોટ પોલીસને જાણ કરતાં જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી. ત્રીજા એક બનાવમાં મોરબીના રવાપર નજીક રોડ પર રોજડુ આડુ આવી જતાં રવાપરના બાઇકચાલક યુવાનનું ફંગોળાઇ જતાં ગંભીર ઇજા થતાં મોત થયું હતું. રવાપરમાં રહેતો પાંત્રીસ વર્ષનો ભરતભાઇ વિઠ્ઠલભાઇ કલેમ નામનો યુવાન ત્રીસમીએ રાતે બાઇક હંકારીને જતો હતો ત્યારે ગામ નજીક રોજડુ આડે આવી જતાં બાઇક સ્લીપ થતાં ગંભીર ઇજા થઇ હતી. મોરબી સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે મોરબી તાલુકા પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર બે બહેનનો એકનો એક મોટો ભાઇ હતો. તેને સંતાનમાં બે દિકરા અને ત્રણ દિકરી છે. મુળ મધ્યપ્રદેશનો વતની આ યુવાન મોરબી કરીયાણું લેવા ગયો હતો. ત્યાંથી પરત રવાપર જતી વખતે બનાવ બન્યો હતો.

---

### ઓનલાઇનની સાથે સાથે ઓફલાઇન ઠગાઇ કરનારા પણ બેફામઃ વધુ એક ખેડુત છેતરાયા

# નફાના બહાને ૧૯ લાખની છેતરપિંડી

## પરીચય કેળવી ગઠીયાએ ખેડુત ઉપરાંત તેમના મિત્રોને પણ મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરવા લલચાવી ચૂનો લગાવી દીધોઃ બીજી ઘટનામાં ચોરીના ગુનામાં બે વર્ષથી ફરાર દંપતિ રીલ્સને આધારે આવ્યું પોલીસની ઝપટમાં

રાજકોટ, તા.૨

શેર બજાર, મ્યુચ્યુઅલ ફંડમાં કે પછી યુએસ ડોલરમાં રોકાણ કરી ટુંકા ગાળામાં મોટો નફો અપાવવાની લાલચ આપી છેતરી લેવાની ઘટનાઓ રોજબરોજ બનતી રહે છે. આવી જ વધુ એક ઘટના બની છે જેમાં એક ખેડુતને મ્યુચ્યુઅલ ફંડમાં નાણા રોકવાનું અને નફો મેળવવાનું કહી લાખોમાં છેતરી લેવાયા છે. આ ખેડુતની સાથે સાથે તેમના મિત્રોને પણ ફ્રોડની જાળમાં ગઠીયાઓએ ફસાવી લીધા હતાં. આ રીતે ગઠીયાઓએ ઓગણીસ લાખનો ચૂનો લગાવી દીધો હતો.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદ શહેરના ચાંદખેડામાં રહેતા ખેડૂત અને તેમના મિત્રો સાથે મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણના નામે લાખોની ઠગાઈ થઈ છે.આરોપીએ ખેડૂત અને તેમના મિત્રો પાસેથી કુલ ૧૯ લાખ રૂપિયા પડાવ્યા હતા જેની સામે શરૂઆતમાં સામાન્ય નફો આપ્યો હતો.ખેડૂતે ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી હતી. ચાંદખેડામાં રહેતા પરમવીરસિંહે ફરિયાદ નોંધાવી છે કે તેઓ તેમના પિતરાઈ ભાઈના ઘરે ગયા હતા જ્યાં તેમનો સંપર્ક ભાવેશ ગોસ્વામી સાથે થયો હતો.




ભાવેશ ગોસ્વામીએ પરમવીરસિંહને જણાવ્યું હતુ કે તે મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરે તો તેમને સારું એવું વળતર આપશે.

આ પછી પરમવીરસિંહે શરૂઆતમાં પાંચ લાખ રૂપિયા આપ્યા હતા.જે બાદ ટુકડે ટુકડે બે લાખ રૂપિયા આપ્યા હતા.તેમના અન્ય મિત્રોએ પણ રોકાણ કર્યું હતું. પરમવીરસિંહે અને તેમના મિત્રોએ મળીને કુલ ઓગણીસ લાખ રૂપિયાનું રોકાણ કર્યું હતું.

જેમાં શરૂઆતના મહિનામાં દર મહિને ચારથી પાંચ હજાર રૂપિયા વળતર મળતું હતું. છ મહિના સુધી વળતર આપ્યું, પરંતુ બાદમાં કોન્ટેક્ટ કરતા ભાવેશનો ફોન સ્વીચ ઓફ હતો. ભાવેશે પૈસા પરત આપવાનું કહ્યું હતું, પરંતુ પરત ન આપતા પરમવીરસિંહે ક્રાઈમ બ્રાન્ચના આર્થિક ગુના નિવારણ શાખામાં ફરિયાદ નોંધાવતાં તપાસ શરૂ થઈ હતી.

બીજી તરફ સુરતમાં ક્રાઇમની દુનિયામાં એક ચોંકાવનારો અને રસપ્રદ કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. સચિન જીઆઇડીસી વિસ્તારમાં આવેલી જ્વેલર્સની દુકાનમાંથી લાખો રૂપિયાના સોના-ચાંદીના દાગીનાની ઘરફોડ ચોરી કરી છેલ્લા બે વર્ષથી પોલીસને થાપ આપી નાસતા ફરતા શાતિર પતિ-પત્નિને આખરે ઇન્સ્ટાગ્રામ રીલ્સે જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતાં. આરોપી દંપતી સોશિયલ મીડિયા પર રીલબાજી કરવાનું બંધ કરી શક્યું ન હતું. ચોરીના ગુનામાં ફરાર હોવા છતાં તેઓ અવારનવાર વીડિયો અપલોડ કરતા હતા.

આ ઇન્સ્ટાગ્રામ રીલ અને સોશિયલ મીડિયા પ્રોફાઇલ જ પોલીસ માટે વરદાન સાબિત થઈ અને સચિન જીઆઇડીસી પોલીસે આંધ્રપ્રદેશના અંતરિયાળ વિસ્તારમાંથી બંનેની ધરપકડ કરી લીધી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, આ નાસતા ફરતા આરોપીઓ સતત પોતાના લોકેશન બદલતા રહેતા હતા. તાજેતરમાં આરોપીઓએ ઇન્સ્ટાગ્રામ પર એક છેલ્લી રીલ અપલોડ કરી હતી, જેમાં બેકગ્રાઉન્ડમાંગામમાં વરસાદ પડી રહ્યો છે તેવું દ્રશ્ય બતાવવામાં આવ્યું હતું. આ રીલના આધારે પોલીસે ટેકનિકલ વર્કઆઉટ અને હ્યુમન સોર્સીસ એક્ટિવ કર્યા હતા. ડિજિટલ ફટપ્રિન્ટ્સ ટ્રેક કરતાં માલૂમ પડ્યું કે, આ દંપતી આંધ્ર-દેશ રાજ્યના પ્રકાશમ જિલ્લાના મુન્દલામુરૂ ખાતે છુપાયેલું છે. આ સિવાય અપલોડ થયેલી એક રીલમાં આરોપી પોતાના હાથમાં ૫૦૦ અને ૧૦૦ની ચલણી નોટો બતાવીને રોફ જમાવતો પણ નજરે પડ્યો હતો, જેનાથી પોલીસનો શંકાનો દાયરો મજબૂત બન્યો હતો. અંતે રીલને આધારે તપાસ થતાં બંને હાથમાં આવી ગયા હતાંઉ

---

### દેવપરામાં જ્વેલર્સની દુકાન ચલાવતાં તેજસભાઇ રાણપરાના આપઘાત પાછળ હવે સામે આવી સાચી હકિકત

# આઠ જણાએ સતત ધમકાવતાં વેપારીએ જીવ દીધો'તો

## ભક્તિનગર પોલીસે મોરબીના પિતા-પુત્ર, મુંબઇ, સુરતના મળી આઠ શખ્સો સામે આપઘાતની દુષ્પ્રેરણાનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરીઃ વેપારીએ દૂકાનમાં જ એસિડ પી મોત મેળવ્યું હતુંઃ સ્યુસાઇડ નોટને આધારે ત્રાસની વિગતો સામે આવી

રાજકોટ, તા.૨

પૈસા માટે થઇને લોકો કોઇપણ હદ સુધી જતાં હોય છે. આવી વધુ એક ઘટના સામે આવી છે. શહેરના દેવપરામાં સોનાના દાગીનાની દુકાન ચલાવતાં કેવડાવાડીના યુવાન વેપારીએ દુકાનમાં જ એસિડ પી આપઘાત કરી લીધાની ઘટનામાં ચોંકાવનારી હકિકત સામે આવી છે. વેપારમાં ખોટ જતાં આ યુવા વેપારી નાણા ચુકવી ન શકતાં મોરબી, સુરત, મુંબઇના આઠ જેટલા લોકો તેને સતત ધમકીઓ આપતાં હોઇ તેના કારણે ડરીને તેઓ મરી જવા મજબુર થયાનું સામે આવતાં આ મામલે ભક્તિનગર પોલીસે આઠેય વિરૂધ્ધ ગુનો દાખલ કરી તપાસ આરંભી છે.

વિગતો જોઇએ તો કેવડાવાડીમાં રહેતાં ઓગણચાલીસ વર્ષના સોની વેપારી તેજસભાઇ શિરીષભાઇ રાણપરાએ દેવપરામાં આવેલી પોતાની દુકાનમાં એસિડ પી આપઘાત કરી લીધાની ઘટનામાં પૈસાની ઉઘરાણી માટેનો ત્રાસ જવાબદાર હોવાનું ખુલતાં મોરબી, સુરત, મુંબઇના પિતા-પુત્ર સહિત ૮ શખ્સો સામે આપઘાતની દુષ્પ્રેરણાનો ગુનો દાખલ કરાયો છે. વેપારી આ શખ્સો સાથે સોનાના દાગીનાની લે-વેંચનો વેપાર કરતાં હતાં. પણ નુકસાની જતાં રકમ ચુકવી ન શકતાં વારંવાર ધમકીઓ અપાતી હતી. તેના કારણે પગલુ ભર્યાનું ખુલ્યું હતું. પોલીસે એક સ્યુસાઇડ નોટ મળી હતી તેના આધારે કાર્યવાહી કરી હતી. આ બનાવમાં ભક્તિનગર પોલીસે કેવડાવાડી-૧૫માં માસુમ પ્લે ગ્રુપ પાછળની શેરીમાં રહેતાં ગીતાબેન શિરીષભાઇ રાણપરાની ફરિયાદ નોંધી છે.

આ ફરિયાદમાં આરોપીઓ તરીકે મોરબીના હાર્દિક ભરતભાઇ ગોસ્વામી, મુંબઇ રહેતાં ભરત ગોસ્વામી, સુરતના વિનોદભાઇ, અરવિંદભાઇ ગઢવી તેમજ વિપુલભાઇ, રવિભાઇ, યશભાઇ, ભાઇજી નામના શખ્સો હોવાનું જણાવાતાં આ તમામ વિરૂધ્ધ આપઘાતની ફરજ પાડવાનો ગુનો દાખલ કરી પોલીસે કોની કેવી ભુમિકા હતી તેની તપાસ શરૂ કરી હતી. ગીતાબેન રાણપરાએ ફરિયાદમાં જણાવ્યું છે કે હુ પતિ શિરીષભાઇ ચીમનલાલ રાણપરા સાથે રહુ છું. સંતાનમાં બે દિકરા તેજસભાઇ અને રૂપેશભાઇ છે. તેજસભાઇના પત્નિનું નામ બીજલબેન છે અને તેને સંતાનમાં એક દિકરો તથા એક દિકરી છે. રૂપેશભાઇના પત્નિનું નામ શ્વેતાબેન છે. તેને સંતાનમાં એક દિકરો અને એક કિદરી છે. પાંચ વર્ષ પહેલા મારા બંને દિકરાઓ તેજસભાઇ અને રૂપેશભાઇએ દેવપરા શક્તિ હોટેલવાળી શેરીમાં બી.એમ.જ્વેલર્સ નામે સોના-ચાંદીના દાગીનાની દુકાન ચલાવતા હતા.

તેમણે આગળ કહ્યું કે મોટો દીકરો તેજસભાઇ દાગીનાની ખરીદ-વેચાણનું કામ કરતો હતો. વર્ષ ૨૦૨૫ના ડિસેમ્બર મહિનામાં તેણે પરિવારને જણાવ્યું હતું કે તેણે મોરબીના હાર્દિકભાઈ ભરતભાઈ ગોસ્વામી અને તેમના પિતા ભરતભાઈ ગોસ્વામી પાસેથી સોનાના




દાગીના ખરીદ્યા હતા, જેમાં ધંધામાં નુકસાન જતા વીસ લાખ રૂપિયા ચુકવવાના બાકી નીકળતા હતા. આ પૈસાની ઉઘરાણી કરવા આ બંને દુકાને આવી ધમકી આપે છે. જેથી પરિવારજનોએ તેને કટકે કટકે પૈસા ચુકવી આપવા કહ્યું હતું. ત્યારબાદ હાર્દિકભાઈએ મુંબઈના સોનાના વેપારી વિનોદભાઈ સાથે ઓળખાણ કરાવી આશરે ૩૦ લાખના દાગીના મંગાવ્યા હતા, જેના નાણાં ચુકવવા માટે તેજસભાઇએ સુરતના અરવિંદભાઇ ગઢવી પાસેથી ઉછીના પૈસા લીધા હતા. જો કે, વિનોદભાઈએ પુરતો માલ ન મોકલતા વેપારનું આખું રોટેશન ફરી ગયું હતું. આ સિવાય અન્ય શખ્સો વિપુલભાઈ, રવિભાઈ, યશભાઈ અને ભાયજી નામના વ્યક્તિઓ સાથે પણ સોનાના દાગીનાની ખરીદ-વેચાણના કારણે નાણાંકીય લેણદેણ ભી થઈ હતી. તેજસભાઈએ આ તમામને કટકે-કટકે નફા સાથે રકમ ચુકવી હોવા છતાં તેઓ વધુ નાણાંની માંગણી કરતા હતા. ફરિયાદમાં વધુમાં જણાવાયું હતું કે ગત દિવસોમાં મોરબીના ભરતભાઈ ગોસ્વામી અને કાંતિભાઈ નામના શખ્સો રાજકોટ ખાતે તેજસભાઇની દુકાને આવ્યા હતા અને ઉઘરાણી બાબતે બોલાચાલી કરીને-જો પૈસા નહીં આપે તો તને જીવવા નહીં દઉં તેવી ગર્ભિત ધાક-ધમકીઓ આપી હતી. આ ઉપરાંત મુંબઈના વિનોદભાઈ, સુરતના અરવિંદભાઈ ગઢવી સહિતના અન્ય આરોપીઓ પણ અવારનવાર ફોન કરીને માનસિક ત્રાસ આપતા હતા અને પરિવારને નુકસાન પહોંચાડવાની ધમકીઓ આપતા હતા. આ બધાના સતત આવતા ફોન, ગર્ભિત ધમકીઓ અને અસહ્ય માનસિક ત્રાસથી કટાળી જઈને ગત તારીખ ઓગણીસમી જુનના રોજ તેજસભાઇએ પોતાની જ દુકાનમાં નાઈટ્રિક એસિડ પી લીધું હતું. તેને ગંભીર હાલતમાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતાં. પરંતુ અહિ ઓપરેશન બાદ સારવાર દરમિયાન ગત બાવીસમી જુનના રોજ મૃત્યુ થયું હતું. મૃત્યુ બાદ તેજસભાઇના પેન્ટના ખિસ્સામાંથી એક સુસાઈડ નોટ પણ મળી આવી હતી, જેમાં આરોપીઓના ત્રાસનો ઉલ્લેખ કરાયો હતો. આ ચિઠ્ઠી ગીતાબેને પોલીસ સમક્ષ રજૂ કરતાં તેના આધારે તમામ સામે તેજસભાઇને ઉઘરાણી માટે ફોન કરી ધમકી દઇ મરી જવા મજબૂર કર્યાનો ગુનો નોંધ્યો છે. ભક્તિનગર પોલીસ સ્ટેશનના ઇન્સપેક્ટર જે. ડી. પરમારના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એસ. એચ. ગોહિલ વિશેષ તપાસ શરૂ કરી છે.

# પચાસ મિલકત ધારકોએ જ ભર્યો એડવાન્સ ટેક્સ

## ટાર્ગેટ પૂરો કરવામાં તંત્ર હવે ઊંધેમાથે : ૨૭ કરોડનું ચૂકવાયું વળતર : હવે કડકાઈ પૂર્વકની કામગીરી

રાજકોટ, તા.૨

રાજકોટ મહાનગરપાલિકા (છબ્બઈ) દ્વારા દર વર્ષે પ્રમાણિક કરદાતાઓ માટે કરોડો રૂપિયાની રિબેટ (વળતર) યોજના લાવવામાં આવે છે, જેથી તંત્રને વર્ષની શરૂઆતમાં જ મોટું ફંડ મળી રહે અને વિકાસ કાર્યો અટકે નહીં. પરંતુ આ વર્ષે રાજકોટવાસીઓનો ટેક્સ ભરવાનો ઉત્સાહ 'મોળો' સાબિત થયો છે. શહેરમાં નોંધાયેલા કુલ ૬.૧૫ લાખ મિલકતધારકોમાંથી માત્ર ૫૦ ટકા લોકોએ જ વળતરનો લાભ લીધો છે, જ્યારે અડધા આસામીઓ (આશરે ૩.૦૮ લાખ) હજુ પણ ટેક્સ ભર્યા વગર બેઠા છે.




તંત્ર દ્વારા વારંવાર અપીલ કરવા છતાં આટલી મોટી સંખ્યામાં લોકો કેમ બાકી રહી ગયા તે હવે મનપા માટે સંશોધનનો વિષય બન્યો છે. રાજકોટવાસીઓની એક ખાસિયત રહી છે કે જ્યાં સુધી માથે દંડ ન આવે અથવા મુદતનો છેલ્લો દિવસ ન હોય ત્યાં સુધી લાઈનમાં ઊભા રહેતા નથી. મનપાના અધિકારીઓના મતે, છેલ્લા ૩-૪ દિવસમાં જ બાકી રહેલા લોકોમાંથી મોટો વર્ગ ઓનલાઈન કે વોર્ડ ઓફિસે ઉમટી પડશે. નિષ્ણાતોના મતે, રેસિડેન્શિયલ (રહેણાંક) મિલકતો ધરાવતા મધ્યમ વર્ગના લોકો ૧૦% થી ૧૫% વળતર મેળવવા વહેલા ટેક્સ ભરી દે છે. પરંતુ મોટી કોમર્શિયલ મિલકતો, શોપિંગ મોલ્સ અને ફેક્ટરી માલિકો મોટી રકમનો એડવાન્સ ટેક્સ ભરવાને બદલે છેલ્લી ઘડીએ અથવા હપ્તેથી નાણાં ચૂકવવાનું વધુ પસંદ કરે છે.

ઘણા કરદાતાઓની ફરિયાદ છે કે છબ્બઈની વેબસાઈટ કે મોબાઈલ એપ પર એડવાન્સ ટેક્સ ભરતી વખતે પેમેન્ટ ફેઈલ થઈ જાય છે અથવા પ્રોપર્ટી આઈડી (ઙ્ઈઉ) સર્ચ કરવામાં મુશ્કેલી પડે છે. વરિષ્ઠ નાગરિકો ડિજિટલ પેમેન્ટથી ડરતા હોવાથી વોર્ડ ઓફિસે લાંબી લાઈનો જોઈને પાછા ફરી જાય છે.

આ વરસે પણ મનપાએ વહેલા ટેક્સ ભરનારને ૧૦% રાહત અને મહિલા કરદાતાઓને વિશેષ ૫% વધારાની રાહત (કુલ ૧૫%) આપી હતી. આમ છતાં ૫૦% રિકવરી બાકી રહેતા મનપાના અબજો રૂપિયા અટવાયા છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા એપ્રિલ માસથી શરૂ કરવામા આવેલી વેરા વળતર યોજના ગઇ તા.૩૦ જૂને પુર્ણ થઇ છે. આ સમય દરમિયાન કુલ ૩,૪૪,૨૫૫ કરદાતાઓ દ્વારા કુલ ૨૪૫.૫૫ કરોડ જેવો માતબર વેરો ભરપાઇ કર્યો છે. આ સામે મહાનગરપાલિકા દ્વારા રૂ.૨૭.૧૨ કરોડનું વળતર ચુકવાયું છે. જો કે મનપા દર વર્ષે પ્રમાણિક કરદાતાઓના જોરે જ તિજોરી ભરે છે. જે રીઢા બાકીદારો વેરો નથી ભરતા એ નથી જ ભરતા. તેની સામે વર્ષના અંતે મિલકત હરાજી જેવી નોટિસના પગલાં જરૂર લેવાય છે પણ બાદમાં કોઇપણ ભલામણ હેઠળ તેને બક્ષી દેવામા આવતા હોવાનું પણ કાયમી બની ગયુ છે. સતાવાર આંકડા મુજબ મનપાની ટેક્સ બ્રાન્ચના ચોપડે કુલ ૬ લાખ ૧૫ હજારથી વધુ મિલકતની નોંધણી થયેલી છે. તેમાથી માત્ર ૩.૪૪ લાખ કરદાતા એટલે કે માંડ ૫૦ ટકા જ મિલકતધારકોએ એડવાન્સ વેરો ચુકવ્યો છે.

મહાનગરપાલિકા દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ એપ્રિલ માસથી વેરા વળતર યોજનાનો પ્રારંભ કરાયો હતો. પ્રથમ તબક્કે એપ્રિલથી મે અંત સુધીમાં મહિલા કરદાતાઓને ૧૫ ટકા તેમજ ઓન લાઇન ૧૬ ટકા પુરૂષ કરદાતાઓને ૧૦ ટકા અને ઓનલાઇન વેરો ભરનાનરાને ૧૧ ટકા તેમજ સળંગ ત્રણ વર્ષ ઓનલાઇન વેરો ભરનારા પ્રમાણિક કરદાતાઓને વધુ એક ટકા વળતર અપાયું હતું આ પછી જૂનમાસ દરમિયાન મહિલા કરદાતાઓને દસ તેમજ પુરૂષ કરદાતાઓને પાંચ ટકા અને ઓનલાઇન વેરો ભરનારાને એક ટકા વધુ વળતર યોજના અમલમાં રાખવામાં આવી હતી.

### હવે પછીની કડક કાર્યવાહીઃ

**વ્યાજનો કોરડોઃ**

જેવી રિબેટ યોજનાની મુદત પૂરી થશે, કે તરત જ બાકીદારો પાસેથી વર્ષના ૧૮% લેખે વ્યાજ** વસૂલવાનું શરૂ કરાશે.

**સીલિંગ ડ્રાઈવઃ**

કોમર્શિયલ બાકીદારો સામે મનપાની ટીમ ઢોલ-નગારા સાથે મિલકત સીલ કરવાની ઝુંબેશ (જ્યફહશક્ષલ ઉશિદ્ય) હાથ ધરશે.

**નળ કનેક્શન કાપવાઃ**

રહેણાંક વિસ્તારોમાં મોટા બાકીદારોના પાણીના કનેક્શન કાપવા સુધીની કડક કાર્યવાહી થઈ શકે છે.

જૂન માસમા આ વળતર યોજના પુરી થઇ ત્યાં સુધીમાં મહાનગરપાલિકામાં નોંધાયેલા છ લાખ જેટલાં કરદાતાઓમાંથી અડધો અડધ એટલે કે ૩,૪૪,૨૫૫ પ્રમાણિક કરદાતાઓએ રૂ. ૨૪૫.૪૫ કરોડનો વેરો ભરપાઇ કરીને મહાનગરપાલિકાની તિજોરી છલકાવી દીધી હતી. આ સામે મહાનગરપાલિકાએ પણ રૂ.૨૭.૧૨ કરોડ જેવું વળતર ચુકવ્યું હતું. મહાનગરપાલિકા દ્વારા ડિજીટલ પેમેન્ટને પ્રોત્સાહન આપવા માટે ઓનલાઇન વેરો ભરનારા કરદાતાઓને લાંબા સમયથી એક ટકા વધારાનું વળતર ચુકવવામાં આવે છે. આ કારણે વળતર યોજના દરમિયાન સૌથી વધુ કરદાતાઓ ઓનલાઇન પેમેન્ટ ભરનારા નોંધાયા છે. વેરો ભરપાઇ કરનારા કુલ ૩,૪૪,૨૫૫ કરદાતાઓમાંથી ૨,૬૯,૧૨૦ કરદાતાઓએ રૂ. ૧૭૭.૬૦ કરોડ ઓનલાઇન વેરો ભરપાઇ કર્યો હતો. અને એક ટકા વધુ વળતરનો લાભ લીધો હતો. જ્યારે ૭૫,૧૩૫ કરદાતાઓએ રૂ. ૩૦.૨૨ કરોડ ચેક મારફત અને ૩૭.૬૩ કરોડ રોકડથી વેરો ભરપાઇ કર્યો છે.



# જંગલેશ્વર ડિમોલિશનના બિલની તપાસ શરૂ

### સંબંધિત વિભાગના અધિકારીઓના લેવાયા નિવેદનઃ વચગાળાનું ટેન્ડર થશે પ્રસિદ્ધ

રાજકોટ, તા. ૨

જંગલેશ્વરનો મુદ્દો છેલ્લા ઘણા સમયથી સળગતો રહ્યો છે . હાલ આ અંગે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર ન અધ્યક્ષતામાં ખાસ સમિતિ નું ગઠન પણ કરવામાં આવ્યું છે અને તેમના દ્વારા હાલ કામગીરી પણ શરૂ કરી દેવાય છે. આ વાતની ગંભીરતાને ધ્યાને લેતા હવે એ વાત સ્પષ્ટ થઈ છે કે જે જે બીલો રજૂ કરવામાં આવ્યા તેની ગંભીરતાપૂર્વક ચર્ચા કરવામાં આવશે અને તપાસ હાથ ધરાશે. હાલ જે બિલો મુકવામાં આવ્યા છે તે અંગે તપાસ પણ ક્યાંક ને ક્યાંક શરૂ કરી દેવાય છે તેવું જાણકાર વર્તુળોમાંથી જાણવા મળ્યું છે. વિરોધ પક્ષ દ્વારા ખાસ એ વાત ઉપર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું કે તેમના દ્વારા યોગ્ય અને તટસ્થ તપાસ કરવામાં આવશે પરંતુ સૂત્રોના જણાવ્યા અનુસાર ભીનું સંકેલવામાં આવે તો પણ નવાઈ નહીં કારણકે ભૂતકાળમાં અલ્પા મિત્રના કેસમાં પણ આ પ્રકારની તપાસ કરવામાં આવી હતી પરંતુ તેનો રિપોર્ટ હજી સુધી આપવામાં આવ્યો નથી એટલું જ નહીં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓ ભાડે ચાલતી હોવાની વિગતો બહાર આવી હતી તે અંગે પણ ડીએમસી નંદાણી દ્વારા તપાસ હાથ ધરવામાં આવી તે રિપોર્ટ પણ હજુ સુધી આપવામાં આવ્યો નથી ત્યારે આ અંગે ઘણા ખરા પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે.

રાજકોટ જ નહીં પણ સમગ્ર ગુજરાતમાં શાસકપક્ષ ભાજપની આબરૂ ધુણધાણી કરતા જગંલેશ્વર ડિમોલિશન વખતે થયેલા કટકીકાંડના ઘેરા પડઘા રૂપે શાસકોએ તો કાજુ કતરી, ખજુર રોલ સહિતની વાનગી સાથે જયેલી જિયાફતનો અધધધ ૨૭ લાખનો ખર્ચ મળેલી સ્ટેન્ડીંગ કમિટીની મિટિંગમાં નામંજૂર કરી દીધો છે. ખર્ચ તો નહીં જ ચુકવાય પણ આટલુ મોટુ બીલ બન્યુ કઇ રીતે? તેનુ પોસ્ટમોર્ટમ કરવામા આવનાર છે. જેને લઇને અનેકના તપેલા ચડી જાય તેવી શક્યતા છે. બીજીબાજુ આ કટકીકાંડની તપાસ માટે ‘સીટ’(તપાસ સમિતિ)ની રચના કરવામા આવી છે. સમિતિએ સંદિગ્ધ અધિકારીઓના નિવેદન લેવાની તજવીજ શરૂ કરી દીધી છે. આ સાથે રેટ કોન્ટ્રાક્ટમાં જે ડબલ-ટ્રીપલ ભાવના ભ્રષ્ટાચારની ગોઠવણ અગાઉથી જ થયેલી છે તેમા પણ જડમુળથી ફેરફાર કરવાની કવાયત સાથે ‘વચગાળા’નું ટેન્ડર મગાવીને રેટ કોન્ટ્રાક્ટમાં જેટલી ચીજવસ્તુઓ છે તેના ભાવ મગાવવાની તૈયારી પણ આરંભી દેવામા આવી છે.

રાજકોટના જંગલેશ્વરમાં થયેલા ઐતિહાસિક ડિમોલિશનમાં સવા ત્રણ કરોડે પહોંચેલા કાગળ પરના ખર્ચના હિસાબમાં લાખો રૂપિયાનો કડદો થયો હોવાના છાંટા ઉડવાથી બચવા માટે શાસકોએ તો તપાસ કમિટી(સીટ)ની રચના કરવા હુકમ કર્યો છે. જો કે આ તપાસ કમિટીમાં ઘરના ભુવા અને ઘરના જ ડાકલાની જેમ જ્યાથી કૌભાંડના પાયા નખાયા હતા એ વહીવટી વિભાગના જ અધિકારીઓની ટીમ બનાવાઇ છે. જો કે તટસ્થ અને સ્વચ્છ છબી ધરાવતા વેસ્ટ ઝોનના ડેપ્યુટી મ્યુનિ.કમિશનર ચેતન નંદાણીને સીટના વડા બનાવવામા આવ્યા છે. તેમના વડપણ હેઠળ અન્ય ચાર અધિકારીઓની ટીમ બની છે.

જંગલેશ્વર ડીમોલિશનનો મુદ્દો હાલ રાજકીય વર્તુળો માટે ચર્ચાનો વિષય સાબિત થયો છે એટલું જ નહીં રાજ્ય સરકારમાં પણ આ અંગે નો રિપોર્ટ માંગવામાં આવ્યો છે. તો બીજી તરફ મુખ્યમંત્રી તથા નાયબ મુખ્યમંત્રી દ્વારા આ અંગે તપાસ હાથ ધરવામાં આવી અને ખાસ મેયર અને મ્યુનિસિપલ કમિશનરને પણ આ બાબતે બોલાવવામાં આવ્યા હતા.

બીજીબાજુ જંગલેશ્વર ઈસ્ટ ઝોન વિસ્તારમાં આવતા હોય ઈસ્ટ ઝોનના ડેપ્યુટી કમિશનર પથિક પટેલ અને પ્રથમથી જ શંકાના ઘેરાવામાં આવી ગયેલા મુખ્ય આરોગ્ય અધિકારી ડો. જયેશ વાંકાણીને દૂર રાખવામા આવ્યા છે. ડિમોલિશન વખતે ૧૫ રૂપિયામાં મળતી ચા(અડધી)ના રૂ.૨૧ લેખે લાખો રૂપિયાની ચાનો કોન્ટ્રાક્ટ જેમને અપાયો હતો તે ‘આરાધના’ પેઢીને જમણવારમાં કાજુ કતરી પિરસવા માટે પરવાનો આપી દેવામા આવ્યો હતો. એક ચાવાળો કાજુ કતરી થોડો બનાવે? આમછતા કાજુ કતરી જેવી રજવાડી વાનગી આરાધનાના બીલમાં જ ઉમેરી દેવામા આવી છે. દેખીતી રીતે એ સ્પષ્ટ છે કે કાજુ કતરી સહિતની આવી વાનગી બીજેથી ઉપડી મનપાને પધરાવી અને વચ્ચેથી ‘મોટી મલાઇ’ કાઢી લેવામા આવી!

# પ્રથમ ચરણની હાઉસ લિસ્ટિંગની કામગીરી પૂર્ણ

### ફેબ્રુઆરી ૨૦૨૭થી વસ્તી ગણતરીના બીજા તબક્કાનો થશે પ્રારંભ




રાજકોટ, તા. ૨

દેશભરમાં વસ્તી ગણતરીના પ્રથમ ચરણ અંતર્ગત હાઉસ લિસ્ટિંગ (મકાનોની યાદી તૈયાર કરવી) અને હાઉસ સેન્સસની કામગીરી સુવ્યવસ્થિત રીતે પૂર્ણ કરી લેવામાં આવી છે. આ તબક્કાની સફળતા બાદ હવે બીજા મહત્વના તબક્કા તરફ પ્રયાણ થઈ રહ્યું છે. ગુજરાત રાજ્યમાં વસ્તી ગણતરીની પ્રક્રિયાનો સૌપ્રથમ તબક્કો પૂર્ણ થયો છે. જનગણના ૨૦૨૭ અંતર્ગત હાથ ધરવામાં આવેલી વસ્તી ગણતરીના પ્રથમ તબક્કાની કામગીરી હવે સત્તાવાર રીતે પૂર્ણ થઈ ગઈ છે. અલગ-અલગ બે તબક્કાની આ પ્રક્રિયા પૈકી રાજકોટમાં પ્રથમ તબક્કાની હાઉસ લિસ્ટિંગ કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. જ્યારે હવે બીજા તબક્કાની કામગીરી ફેબ્રુઆરી- ૨૦૨૭માં વાસ્તવિક વસ્તી ગણતરીની કરવામાં આવશે. ત્યારબાદ સાચી વસ્તી કેટલી છે તેનો આંકડો સામે આવશે.

મનપાનાં ચૂંટણી અધિકારી પ્રણય પંચાલે જણાવ્યું હતું કે, વસ્તી ગણતરીની સમગ્ર પ્રક્રિયાને કુલ બે તબક્કામાં વિભાજિત કરવામાં આવી છે. આયોજનના ભાગરૂપે પ્રથમ તબક્કાની કામગીરી સફળતાપૂર્વક સંપન્ન થઈ ચૂકી છે અને આગામી સમયમાં બીજા તબક્કાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે જનગણના ૨૦૨૭ના આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટનો પ્રથમ તબક્કો એટલે કે 'ઘર યાદીકરણ' (હાઉસ લિસ્ટિંગ) ની કામગીરી હતી.

ગુજરાત રાજ્યમાં આ કામગીરીની શરૂઆત ૧ જૂનથી કરવામાં આવી હતી, જે ૩૦ જૂન ૨૦૨૬ સુધી ચાલ્યા બાદ ગઈકાલે જ પૂર્ણ જાહેર કરવામાં આવી છે. એક મહિનાના સમયગાળા દરમિયાન રાજ્યભરમાં વ્યાપક સ્તરે સર્વે કરીને તમામ ઘરોની યાદી તૈયાર કરવાનું ભગીરથ કાર્ય મનપા તંત્ર દ્વારા પણ પૂરું કરવામાં આવ્યું છે. પ્રથમ તબક્કો પૂર્ણ થયા બાદ હવે વસ્તી ગણતરીના બીજા તબક્કા તરફ આગળ વધવામાં આવશે. આ અંગે વિગતવાર માહિતી આપતા પ્રણય પંચાલે જણાવ્યું હતું કે, પ્રથમ તબક્કામાં ઘરનું લિસ્ટિંગ કરવાનું કામ પૂરું થયા પછી, હવે બીજો તબક્કો આગામી વર્ષે એટલે આગામી ૯ ફેબ્રુઆરીથી ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૭ દરમિયાન હાથ ધરવામાં આવશે. આ બીજા તબક્કા દરમિયાન જ હવે વાસ્તવિક વસ્તી ગણતરીની મુખ્ય કામગીરી કરવામાં આવશે, જેમાં નાગરિકોની વિગતો અને આંકડાઓ એકત્રિત કરવામાં આવશે.

જ્યારે વસ્તી ગણતરીના આ બંને તબક્કાઓની કામગીરી સંપૂર્ણપણે પૂરી થઈ જશે ત્યારે જનગણના ૨૦૨૭નું કાર્ય પણ સત્તાવાર રીતે આટોપી લેવામાં આવશે. આ કામગીરી પૂર્ણ થયા બાદ એકત્રિત કરવામાં આવેલા તમામ આંકડાઓ (સ્ટેટિસ્ટિક્સ) રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા સંયુક્ત રીતે જાહેર કરવામાં આવશે. આ આંકડાકીય માહિતી દેશ અને રાજ્યના ભવિષ્યના વિકાસ કાર્યો અને નીતિઓ ઘડવામાં ખૂબ જ મહત્વની સાબિત થશે.

બીજો તબક્કો પૂર્ણ થયા પછી આંકડાઓ ક્યારે બહાર પાડવામાં આવશે તે અંગે પૂછવામાં આવતા પ્રણય પંચાલે જણાવ્યું હતું કે, વસ્તી ગણતરીની કામગીરી પૂરી થયા બાદ મોટા પાયે ડેટા કમ્પાઈલેશન એટલે કે આંકડાઓનું એકત્રીકરણ અને વર્ગીકરણ કરવામાં આવે છે. આ એક ખૂબ જ જટિલ અને ઝીણવટભરી પ્રક્રિયા છે, જેમાં વ્યાપક પ્રમાણમાં રિસર્ચ અને બ્રોડ વર્કિંગ (મોટા પાયે કામગીરી) ની જરૂર પડે છે. આ સમગ્ર પ્રક્રિયામાંથી પસાર થયા બાદ આખરી અહેવાલ તૈયાર કરવામાં આવે છે, જેને સરકાર દ્વારા સત્તાવાર રીતે જાહેર કરવામાં આવે છે.